દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 104 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ વદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 May 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
સોમવાર, ૪ મે ૨૦૨૬, (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### આજે પાંચ રાજ્યમાં ચૂંટણીનાં પરિણામ, પણ સૌથી મોટો સવાલ એ કે...

# બંગાળ કોનું?

## આસામ, તમિળનાડુ, કેરલમ્ અને પુડુચેરીમાં જનમતનો ફેંસલો

નવી દિલ્હીઃ આજે સોમવારે આસામ, કેરળ, પુડુચેરી, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો આવવાના છે. આ વર્ષની સૌથી મહત્ત્વની ચૂંટણી પશ્ચિમ બંગાળની ગણાય અને એનાં પરિણામ પર બધાની મીટ છે. આ પરિણામ તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) અને દ્રવિડ મુનેત્ર કળગમ (ડીએમકે) જેવા પ્રાદેશિક પક્ષો માટે અસ્તિત્વ ટકાવી રાખવા માટેના હશે. ભાજપ, કૉંગ્રેસ અને ડાબેરી પક્ષો માટે પણ આ ચૂંટણી અગત્યની છે. ડાબેરી પક્ષ ફક્ત એક જ રાજ્યમાં એટલે કે કેરળમાં સત્તામાં છે અને જો અહીં યુડીએફ એલડીએફને હરાવશે તો ડાબેરીઓની કોઈ પણ રાજ્યમાં સત્તા નહીં રહે.

મતગણતરી સોમવારે સવારના આઠ વાગ્યાથી શરૂ થશે. શરૂઆતના ટ્રેન્ડ થોડા કલાકોમાં અને સ્પષ્ટ પરિણામ બપોર સુધી મળી જશે.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીની મતગણતરી સોમવારે શરૂ (જુઓ પાનું ૪) ▶▶



**સુરક્ષાઃ** કોલકાતામાં વિધાનસભાની ચૂંટણીની મતગણતરીના કેન્દ્રના સ્ટ્રૉંગ રૂમની બહાર પહેરો ભરતા સુરક્ષા દળના જવાનો. (પીટીઆઇ)

## વરસાદને લીધે ઉત્તરના રાજ્યોમાં ગરમીથી રાહત

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશના અનેક રાજ્યોમાં વરસાદ પડતા કાળઝાળ ગરમીમાંથી રાહત મળી હતી. દિલ્હીમાં લઘુતમ તાપમાન ૨૪.૬ ડિગ્રી સેલ્સિયસ હતું. હવામાન ખાતાની આગાહી પ્રમાણે અહીં ગાજવીજ સાથે વરસાદ પડશે. ચંડીગઢ તથા પંજાબ અને હરિયાણાના વિસ્તારોમાં વરસાદ પડતા તાપમાન થોડું ડિગ્રી નીચું ગયું હતું. ચંડીગઢમાં વરસાદને લીધે અમુક સ્થળોમાં વીજળી વેરણ બની હતી.

હવામાન ખાતાએ દિલ્હી માટે બે દિવસ યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ઉત્તરાખંડના અનેક જિલ્લામાં ભારે વરસાદ અને કરાનો વરસાદ પડ્યો હતો. રાજ્ય સરકારે વહીવટીતંત્રને હાઈ ઍલર્ટ પર મૂક્યું છે. હવામાનમાં ઓચિંતો પલટો આવતા ઝાડ પડી ગયા હતા અને રસ્તા બ્લોક થયા હતા તેમ જ અમુક સ્થળોએ વીજળી ખોરવાઈ હતી. હવામાન ખાતાએ સોમવારે અને મંગળવાર માટે બધા જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ અને ૪,૦૦૦થી વધારે ઊંચાઈવાળા પ્રદેશમાં હિમવર્ષાની આગાહી કરી છે. હવામાન ખાતાએ દેહરાદૂન, હરિદ્વાર, તેહરા પૌરી, નૈનીતાલ, ચંપાવત અને ઉધિમસિંહ નગરમાં ઓરેન્જ ઍલર્ટ જાહેર કર્યું હતું. આ જિલ્લામાં ભારે વરસાદ, કરાંનો વરસાદ અને એક કલાક દિઠ ૪૦થી ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે. ઉત્તર પ્રદેશમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ગાજવીજ સાથે વરાસદ પડ્યો હતો. (એજન્સી)■



**દુર્ઘટનાઃ** તમિળનાડુના કુંભકોનમ ખાતે રવિવારે ૧૦ ફૂટ ઊંડા ખાડામાં પડેલી લૉરી. (પીટીઆઇ)

## યુદ્ધના અંત માટે ઈરાનનું 30 દિવસનું અલ્ટિમેટમ

### ટ્રમ્પને શાંતિ દરખાસ્ત સંબંધે શંકા

દુબઈઃ ઇરાને યુદ્ધના અંત માટે અમેરિકા સાથેના વણઉકેલ્યા પ્રશ્નો અંગે ૩૦ દિવસમાં સમાધાન કરવાની ૧૪ મુદ્દાની દરખાસ્ત રજૂ કરી હતી, પરંતુ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ કરારની શક્યતા અંગે શંકા વ્યક્ત કરી હતી. તહેરાને રજૂ કરેલી દરખાસ્તમાંના મોટા ભાગના મુદ્દે અમેરિકા સહમત નહિ થાય એ પાકું છે.

ઇરાનના અર્ધ-સરકારી પ્રસારમાધ્યમે જણાવ્યું હતું કે ઇરાને યુદ્ધવિરામ લંબાવવાને બદલે લડાઇનો અંત લાવવા માટે ૧૪ મુદ્દાની દરખાસ્ત રજૂ કરી છે. તેમાં ઇરાન પરના પ્રતિબંધ ઉઠાવી લેવાનો, અમેરિકી નૌકાદળની નાકાબંધી દૂર કરવાનો, અખાતમાંથી અમેરિકાના લશ્કરને પાછું ખેંચવાનો, ઇઝરાયલની લેબેનોનમાંની લશ્કરી કાર્યવાહી સહિતની બધી દુશ્મનાવટનો અંત લાવવાનો સમાવેશ થાય છે.

અગાઉ, અમેરિકાએ પણ યુદ્ધના અંત માટે નવ મુદ્દાની યોજના જાહેર કરી હતી. ઇરાને મધ્યસ્થીનો પ્રયાસ કરી રહેલા પાકિસ્તાન દ્વારા ૧૪ મુદ્દાની દરખાસ્ત અમેરિકાને મોકલી હતી. અમેરિકા અને (જુઓ પાનું ૪) ▶▶



**સફાઈઃ**
ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ગુરુદ્વારા શ્રી હેમકુંડ સાહિબના દ્વાર ખોલતા પહેલાં તેની આસપાસનો બરફ સાફ કરતા સૈનિકો. (પીટીઆઇ)

## અમેરિકા છેહ આપીને ઈરાનનું એક જહાજ ઇન્ડોનેશિયા પહોંચ્યું

તહેરાનઃ ઇરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે ઇરાને અમેરિકાની આર્થિક નાકાબંધીને જોરદાર પછડાટ આપી છે. ઇરાનનું એક વિશાળ 'સુપર ટેન્કર', જે આશરે ૧૯ લાખ બેરલ ક્રૂડ ઓઇલ લઈને એશિયા પેસિફિક ક્ષેત્રમાં પહોંચી ગયું છે, તેણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા જગાવી છે. આશરે ૨૨૦ મિલ્યન ડોલરની કિંમતના તેલ સાથેના આ ટેન્કરને તાજેતરમાં ઇન્ડોનેશિયાના લોમબોક જળડમરુમધ્ય પાસે ટ્રેક કરવામાં આવ્યું હોવાના અહેવાલ છે.

આ પહેલા ૨૦ માર્ચ પછી આ જહાજ ગુમ થઈ ગયું હતું, જેને ટ્રેક કરી શકાતું નહોતું. ઇરાનનો દાવો છે કે તેના ૫૨ જેટલા જહાજો અમેરિકાની કડક નાકાબંધીને તોડવામાં સફળ રહ્યા છે, જે અમેરિકાના તે નિકાસ શૂન્ય હોવાના દાવાઓને ખુલ્લો પડકાર છે.

આ સુપર ટેન્કરે અમેરિકાની ટેકનોલોજી અને જાસૂસી તંત્રને માત આપવા માટે અત્યંત ચાલાકીભર્યું પગલું ભર્યું હતું. અહેવાલો અનુસાર, 'હ્યુજ' તરીકે ઓળખાતા આ જહાજે નાકાબંધીની જાહેરાત બાદ તરત જ તેની 'ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ' બંધ કરી દીધી હતી.

સિગ્નલ મોકલવાનું બંધ કરી દેવાને કારણે તેને સેટેલાઇટ કે અન્ય માધ્યમોથી ટ્રેક કરવું અશક્ય બની ગયું હતું. આ જહાજ ઇરાનથી નીકળીને મલક્કા સ્ટ્રેટના ગુપ્ત માર્ગે એશિયા પેસિફિક સુધી પહોંચવામાં સફળ રહ્યું છે.

બીજી તરફ, ઇરાન અને અમેરિકા વચ્ચેના રાજદ્વારી સંબંધો વધુ વણસ્યા છે અને ગમે ત્યારે યુદ્ધ ફાટી નીકળવાની આશંકા સેવાઈ રહી છે. ઇરાની સૈન્ય મુખ્ય મથક 'ખાતમ અલ-અંબિયા' ના ડેપ્યુટી ચીફ મોહમ્મદ જાફર અસદીએ ચેતવણી આપી છે કે અમેરિકા કોઈપણ સંધિ પ્રત્યે પ્રતિબદ્ધ નથી અને તેમની તાજેતરની કાર્યવાહીઓ તણાવ વધારી રહી છે. ઈરાની અધિકારીઓના મતે, જો યુદ્ધ ફરી શરૂ થશે તો તેનો આકરો જવાબ આપવા માટે સૈન્ય તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. ■

## કપિલ શર્માના કેફે પાસે ચોથી વાર ગોળીબાર, બિશ્નોઇ ગેંગનું કારસ્તાન

ઓટાવાઃ પ્રખ્યાત કોમેડિયન કપિલ શર્માની કેનેડામાંની કેપ્સ કેફે પાસે ચોથી વાર ફાયરિંગ કરાયું છે અને તેની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા લેવામાં આવી છે. એટલું જ નહીં, પરંતુ બિશ્નોઈ ગેંગ દ્વારા કપિલ શર્માને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી છે.

ફેસબુકમાં 'ટાયસન બિશ્નોઈ જોરા સિદ્ધૂ'ના એકાઉન્ટ પર આ પોસ્ટ શેર કરવામાં આવી છે. આ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ફાયરિંગ ચાય સુટ્ટા બાર પર કરવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ છે કે, આ બાર કપિલના કેફેની એકદમ બગલમાં જ છે. ચેતવણી એવી પણ કરવામાં આવી છે કે, જો શરતોનો સ્વીકાર કરવામાં નહીં આવે તો, કપિલના કેફે સહિત મુંબઈમાં આવેલા તેના ઘર પર આવી જ રીતે ફાયરિંગ કરવામાં આવશે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે કપિલ શર્મા સલમાન ખાન સાથે જોડાયેલો હોવાથી તેને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોના લોન્ચ વખતે સલમાન ખાનને આમંત્રિત કરવામાં આવ્યો હતો, તેના કારણે બિશ્નોઈ ગેંગ નારાજ હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. આ માટે કપિલ શર્માને વારંવાર ધમકીઓ આપવામાં આવી છે. હવે ફરી એકવાર ફાયરિંગની ઘટના પ્રકાશમાં આવી છે. ■

## અમેરિકા 'ઊડતી રકાબી' અને 'પરગ્રહવાસીઓ'નું રહસ્ય જાહેર કરશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે પેન્ટાગૉન અનઆઇડેન્ટિફાઇડ ફ્લાઇંગ ઑબ્જેક્ટ (યુએફઓ એટલે કે ઊડતી રકાબી)ને લગતી ઘણી રસપ્રદ ફાઇલ્સ ટૂંક સમયમાં જાહેર કરવાનું છે.

ટ્રમ્પના આ નિવેદનને લીધે પરગ્રહવાસીઓના અસ્તિત્વ અંગે ફરી ચર્ચા શરૂ થઇ છે.

ટ્રમ્પે ફેબ્રુઆરીથી 'પરગ્રહવાસીઓ'ના રહસ્ય અંગે વધુ રસ લેવાનું શરૂ કર્યું હતું. અમેરિકાના પ્રમુખે ફેડરલ એજન્સીઓને પરગ્રહવાસીઓ અને ઊડતી રકાબીને લગતા રેકૉર્ડ જાહેર કરવા આદેશ આપ્યો હતો.

ટ્રમ્પે ગયા બુધવારે વાઇટ હાઉસ ખાતે નેશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેસ ઍડમિનિસ્ટ્રેશન (નાસા)ના અવકાશયાત્રીઓનું સન્માન કરવા યોજાયેલા કાર્યક્રમમાં જણાવ્યું હતું કે અમે (ઊડતી રકાબી અને પરગ્રહવાસીઓને લગતી) ઘણી રસપ્રદ માહિતી ટૂંક સમયમાં જાહેર કરવાના છીએ. અંતરિક્ષને લગતી આ માહિતી જનતા માટે બહુ જ રસપ્રદ બની રહેશે.

ટ્રમ્પ અગાઉની અનેક સરકારના શાસન દરમિયાન સરકારી સંસ્થાઓ દ્વારા ભેગી કરાયેલી ઘણી ગુપ્ત માહિતી જાહેર કરવાનો આદેશ આપી રહ્યા છે. અગાઉ, તેમણે અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જૉન એફ. કેનેડી, સેન રોબર્ટ એફ કેનેડી અને માર્ટિન લ્યુથર કિંગ જૂનિયરની હત્યાને લગતી માહિતી જાહેર કરવા આદેશ આપ્યો હતો. તેને લીધે લોકોને જેની અત્યાર સુધી આ સંબંધમાં જાણકારી હતી, તેનાથી માત્ર થોડી જ વધુ માહિતી મળી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાના લોકો પારદર્શકતા અને સત્ય જાણવા માટેના હકદાર છે. (એજન્સી)■

## ફાલ્ટા વિધાનસભાના ૨૮૫ મતદાનમથકે ૨૧મી મેએ ફરી વાર વોટિંગનો આદેશ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં ફાલ્ટા વિધાનસભા બેઠક મુદ્દે ચાલી રહેલા વિવાદ મુદ્દે ચૂંટણી પંચે મોટો નિર્ણય લીધો છે. ચૂંટણી પંચે આ વિધાનસભા બેઠક માટે મતદાન રદ કર્યું છે. તેમજ તમામ ૨૮૫ મતદાન મથકો પર ૨૧ મેના રોજ ફરીથી મતદાનનો આદેશ આપ્યો છે. આ બેઠકના પરિણામો ૨૪ મેના રોજ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૨૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પશ્ચિમ બંગાળના ૧૪૪ -ફાલ્ટા વિધાનસભામાં મોટી સંખ્યામાં મતદાન મથકો પર મતદાન દરમિયાન ગંભીર ગેરરીતિ અને લોકશાહી પ્રક્રિયાના ઉલ્લંઘનને ધ્યાનમાં રાખીને આ નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. ■

## તેલ કંપનીઓને પેટ્રોલમાં લિટરે ૧૪ અને ડીઝલમાં ૧૮ રૂપિયાની ખોટ

નવી દિલ્હીઃ ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાથી મર્યાદિત રિટેલ ઇંધણના ભાવ કરતાં પેટ્રોલ ૧૪ રૂપિયા અને ડીઝલ ૧૮ રૂપિયા પ્રતિ લિટરના નુકસાને વેચાઈ રહ્યા છે, જેના કારણે માર્કેટિંગ માર્જિન ઘટી ગયું છે. રેટિંગ એજન્સી ઇકરાએ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાં પુરવઠામાં વિક્ષેપ - જે વૈશ્વિક તેલ અને ગૅસના વેપારના લગભગ ૨૦ ટકાને સંભાળે છે - ઇંધણ, ખાતરો અને રસાયણોની ઉપલબ્ધતામાં વધારો કર્યો છે, જેના કારણે ભાવમાં વધારો થયો છે અને ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોમાં ખર્ચ દબાણ વધ્યું છે. ■



**બળદગાડાની દોડઃ**
કર્ણાટકના ચિકમગલૂરુમાં બળદગાડાની પરંપરાગત દોડમાં ભાગ લઇ રહેલો એક સ્પર્ધક. (પીટીઆઇ)

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ કરે એ છિનાળું, કેજરીવાલ કરે એ લીલા

**ભારતમાં** રાજકારણીઓ પોતે કરે એ લીલા ને બીજાં કરે એ છિનાળું એવી માનસિકતામાં રાચે છે. અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી અત્યારે તેનો પુરાવો આપી રહી છે. અરવિંદ કેજરીવાલ આણિ મંડળી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર સરકારી એજન્સીઓનો દુરૂપયોગ કરવાનો, ખોટા કેસ કરીને કનડગત કરવાનું આળ મૂકે છે પણ કેજરીવાલની પાર્ટીની પંજાબની ભગવંત માન સરકાર પોતે જ એ ધંધો માંડીને બેઠી છે અને થોડા સમય પહેલાં આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયેલા રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠક સામે બે કેસ ઠોકી દેવાયા છે.

પંજાબની ભગવંત માન સરકારે સંદીપ પાઠક વિરુદ્ધ પંજાબમાં બે એફઆઈઆર નોંધી છે તેમાં એક એફઆઈઆર ઈ-ભ્રષ્ટાચારને લગતા કેસની છે જ્યારે બીજી ફરિયાદ મહિલાઓના જાતીય શોષણને લગતી છે. આ બંને કેસમાં પાઠક સામે બિન-જામીનપાત્ર કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે કે જેથી જેલમાં ધકેલી દેવાય તો ઝડપથી છુટકારો ના થાય.

ધરપકડ માટે પંજાબ પોલીસ દિલ્હીમાં સંદીપ પાઠકના ઘરે પણ પહોંચી ગઈ હતી પણ સંદીપ પાઠક પોલીસ આવે એ પહેલાં પોતાના ઘરેથી પાછલા દરવાજેથી નીકળી ગયા તેથી બચી ગયા. પાઠક હવે ભાજપમાં છે તેથી દિલ્હી પોલીસ તેમની વહારે આવી છે અને ઘરની બહાર બેરીકેડ્સ લગાવીને પંજાબ પોલીસ અચાનક ના ઘૂસી જાય તેનો બંદોબસ્ત કર્યો છે પણ પંજાબમાં એફઆઈઆર થઈ ગઈ છે તેથી સંદીપ પાઠકે કોર્ટમાં જઈને આગોતરા જામીન મેળવવા સહિતની વિધિ તો કરવી જ પડશે.

સંદીપ પાઠકે પોતાની સામે કેમ કેસ નોંધાયા ને આ કેસ શેને લગતા છે તે અંગે અજ્ઞાન પ્રગટ કર્યું છે, પાઠકનું કહેવું છે કે, પોતાને નથી એફઆઈઆરની કોપી મળી કે નથી પંજાબ પોલીસ દ્વારા કશી જાણ કરાઈ. પંજાબ પોલીસે પણ સત્તાવાર રીતે સંદીપ પાઠક સામેના કેસોની કોઈ વિગત આપી નથી પણ તેમની સામે બે કેસ થયા હોવાનું સ્વીકાર્યું છે એ જોતાં પાઠક સામેના કેસોમાં લશ્કર ક્યાં લડે છે એ જ ખબર નથી.

પાઠક સામે ભ્રષ્ટાચારનો કેસ નોંધાયો છે પણ આ ભ્રષ્ટાચાર ક્યારે થયો અને કઈ રીતે થયો તેની કોઈને ખબર નથી. એ જ રીતે પાઠકે કઈ મહિલાઓનું જાતીય શોષણ કર્યું તેની પણ કોઈને ખબર નથી. આ જાતીય શોષણ ક્યારે થયું તેની પણ વિગતો ઉપલબ્ધ નથી.

ભાજપના નેતા પણ ભગવંત માન સરકાર કિન્નાખોરી દાખવી રહી હોવાના આક્ષેપો કરી રહ્યા છે પણ કેસ કે એફઆઈઆર મુદ્દે કશું બોલતા નથી તેથી કેસ શાનો છે એ કોઈને ખબર નથી. અલબત્ત આ ભ્રષ્ટાચાર કે જાતીય શોષણ સંદીપ પાઠકે ચાર દાડામાં એટલે કે આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા પછી તો નહીં જ કર્યાં હોય એ નક્કી છે કેમ કે ભાજપમાં જોડાયા પછી સંદીપ પાઠક દિલ્હીમાં જ છે ને પંજાબ ગયા નથી. આ સંજોગોમાં સાચા કે ખોટા જે પણ આક્ષેપો છે એ ભૂતકાળના છે.

માનો કે, ભૂતકાળમાં પાઠક સામે અરજીઓ થઈ હોય તો પણ સવાલ એ છે કે, પંજાબની ભગવંત માન સરકારે અત્યાર સુધી સંદીપ પાઠક સામે કેમ કોઈ પગલાં ના લીધાં ? સંદીપ પાઠક રાજ્યસભાના સભ્ય છે તેથી તેમની ધરપકડ પૂરતી તપાસ વિના ના કરાય એવું માની લઈએ તો પણ અત્યાર સુધી એક પણ કેસમાં એફઆઈઆર પણ કેમ ના નોંધાઈ ? સંદીપ પાઠક અત્યાર સુધી દૂધે ધોયેલા હતા પણ આપ છોડીને ભાજપમાં જોડાયા એ સાથે જ પાપી કેમ થઈ ગયા ?

આ સવાલોના જવાબ સ્પષ્ટ છે. પંજાબની ભગવંત માન સરકાર કિન્નાખોરીનું રાજકારણ રમી રહી છે અને આપ છોડીને કેજરીવાલને આંચકો આપી દેનારા સંદીપ પાઠકને ફિટ કરીને પાઠ ભણાવવા માગે છે. આ બધું કેજરીવાલના ઈશારે થઈ રહ્યું છે એ પણ સ્પષ્ટ છે કેમ કે ભગવંત માન કેજરીવાલના આંગળિયાત છે. સંદીપ પાઠક સામેની ફરિયાદોમાં દમ છે કે નહીં એ નક્કી કરવાનું કામ કોર્ટનું છે ને કોર્ટ પોતાની ફરજ બજાવશે પણ સંદીપ પાઠક સામે કેસ કરવા માટે પસંદ કરાયેલો સમય એક જ વાત સાબિત કરે છે કે, આમ આદમી પાર્ટી ભલે ગમે તેવા દાવા કરે પણ બીજા પક્ષોથી અલગ નથી ને કેજરીવાલની માનસિકતા સત્તા મળે ત્યારે તેનો દુરૂપયોગ કરવાની જ છે.

આ કિન્નાખોરીનું રાજકારણ માત્ર સંદીપ પાઠક સામે રમાઈ રહ્યું હોય તો પણ માફ કરી દેવાય પણ આપ છોડીને ભાજપમાં ગયેલા તમામ સાંસદો સાથે આ જ વ્યવહાર થઈ રહ્યો છે. તેની શરૂઆત રાઘવ ચઢ્ઢાની ઝેડ + સિક્યોરિટી હટાવીને કરી હતી. રાઘવ ચઢ્ઢાને પંજાબ પોલીસ તરફથી સિક્યોરિટી અપાઈ હતી કેમ કે માન સરકારને લાગતું હતું કે તેમની જાન પર ખતરો છે પણ ચઢ્ઢા ભાજપમાં જતાં જ આ ખતરો જતો રહ્યો.

ક્રિકેટરમાંથી નેતા બનેલા હરભજનની સિક્યોરિટી પણ પાછી ખેંચી લેવાઈ છે. પંજાબ પોલીસે સુરક્ષા હટાવી લીધી પછી દિલ્હીથી સીઆરપીએફના સાત જવાનોએ ચંદીગઢ પહોંચીને મોરચો સંભાળી લીધો પણ આ નિર્ણય કિન્નાખોરી તો બતાવે જ છે. હરભજને આ નિર્ણયને હાઈ કોર્ટમાં પડકાર્યો અને કોર્ટે કેન્દ્ર અને પંજાબ સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. તેમાં જે થશે એ થશે પણ માન સરકારે કિન્નાખોરી તો બતાવી જ છે.

ચઢ્ઢા કે હરભજન સામે કેસ કરવા જેવું કશું નહોતું તેથી તેમની સિક્યોરિટી હટાવીને માન સરકારે સંતોષ માન્યો જ્યારે બીજા એક સાંસદ રાજિન્દર ગુપ્તાની ફેક્ટરી પર તો રેડ કરી દેવાઈ. ગુપ્તા લગભગ ૫ હજાર કરોડનું ટર્નઓવર ધરાવતા ટ્રાઇડેન્ટ ગ્રૂપના માલિક છે અને પંજાબમાં ફેક્ટરીઓ ધરાવે છે. રાજિન્દર ગુપ્તાની બરનાલાના ધૌલામાં ફેક્ટરી પર પંજાબ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પીપીસીબીએ રેડ કરી નાંખી. તેની સામે ગુપ્તા પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટમાં જતાં કોર્ટે ૪ મે સુધી ગુપ્તા પર કોઈપણ પ્રકારની દંડાત્મક કાર્યવાહી સામે સ્ટે આપ્યો છે પણ સવાલ એ જ છે કે, ગુપ્તાની ફેક્ટરીઓ અચાનક જ પ્રદૂષણ ફેલાવતી થઈ ગઈ ?

ચઢ્ઢા આણિ મંડળીને વખાણવા જેવી નથી કેમ કે તેમણે સાવ અનૈતિક કૃત્ય કર્યું છે પણ સામે કેજરીવાલ પણ કમ નથી એ આ ઘટનાક્રમે સાબિત કર્યું છે. કેજરીવાલના ચાવવાના અને બતાવવાના જુદા જુદા છે એ એકથી વધુ વાર સાબિત થયું છે અને અત્યારે તેનો વધુ એક નમૂનો જોવા મળી રહ્યો છે. પોતાની ધરપકડ વખતે ખોટા કેસ કરાયા હોવાનાં રોદણાં રડવા બેસી ગયેલા કેજરીવાલને આ બધું કરતાં શરમ પણ નથી આવતી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન્દ્ર હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ,

સોમવાર, તા. ૪–૫–૨૦૨૬, વિંછુડો, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૪, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ વદ –૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ વદ–૩
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા સવારે ક. ૦૯–૫૭, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ : –દ્ધ
- ભરતી : બપોરે ક. ૧૩–૪૦, મધ્ય રાત્રે ક. ૦૧–૧૫
- ઓટઃ સવારે ક. ૦૬–૫૧, રાત્રે ક. ૧૯–૩૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – તૃતીયા. વિંછુડો, ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૬–૧૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર–શનિ–બુધ ગ્રહદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. પરદેશગમનનું પસ્તાનું, મુંડન કરાવવું નહિ, પ્રયાણ શુભ, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, વાહન, પશુ લે–વેંચ, દુકાન–વેપાર, ધાન્ય ભરવું, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, યંત્રારંભ.
- આચમનઃ ચંદ્ર–શુક્ર પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર–શનિ ત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર–મંગળ ત્રિકોણ બળવાન જીવનતત્ત્વ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર–શનિ ત્રિકોણ, ચંદ્ર–મંગળ ત્રિકોણ (તા. ૫)

- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, મંગળ–મીન, માર્ગી બુધ–મેષ, માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, માર્ગી શનિ–મીન રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# ઈઝરાયલ અબજો ડૉલરમાં યુદ્ધવિમાનોનો કાફલો ખરીદશે

તેલ અવીવઃ ઇઝરાયલે લોકહીડ માર્ટિન અને બોઇંગ પાસેથી એફ-૩૫ લાઇટિંગ ટૂ અને એફ-૧૫આઇએ વિમાનોની બે નવી કૉમ્બેટ સ્કવૉડ્રન્સ (અંદાજે ૧૮ વિમાનોનો કાફલો) ખરીદવાની યોજનાને મંજૂરી આપી હતી. તેનો કુલ ખર્ચ અબજો ડૉલર થશે.

ઇઝરાયલના સંરક્ષણ મંત્રાલયે રવિવારે સંબંધિત માહિતી આપતા જણાવ્યું હતું કે આ વિમાનોની ડિલિવરી ચાલુ વર્ષે શરૂ થશે અને ૨૦૩૦ના દાયકાના મધ્ય (૨૦૩૫) સુધી ચાલે એવી શક્યતા છે.

તેણે જણાવ્યું હતું કે ઇઝરાયલ સરકારની ખરીદી માટેની સમિતિએ લશ્કર માટે ૩૫૦ અબજ શેકલ (એટલે કે અંદાજે ૧૧૯ અબજ ડૉલર)ના મૂલ્યના વિમાનોની ખરીદીને મંજૂરી આપી હતી. તેને લીધે ઇઝરાયલની સુરક્ષાવ્યવસ્થા અને લશ્કરી તાકાતમાં અનેક ગણો વધારો થવાની આશા છે.

ઇઝરાયલ એફ-૩૫ની ચોથી સ્કવૉડ્રન અને એફ-૧૫આઇએની બીજી સ્કવૉડ્રન ખરીદવાનું છે.

ઇઝરાયલના સંરક્ષણ મંત્રાલયના ડિરેક્ટર જનરલ આમિર બરામે જણાવ્યું હતું કે ઇરાન સાથેના તાજેતરના યુદ્ધે અમેરિકા - ઇઝરાયલના વ્યૂહાત્મક સંબંધને વધુ મજબૂત બનાવ્યા છે.

ઇઝરાયલના સંરક્ષણ પ્રધાન ઇઝરાયલ કાટ્ઝે જણાવ્યું હતું કે દેશની સલામતીમાં અને લડાઇમાં હવાઇ દળની ભૂમિકા ઘણી મહત્ત્વની રહે છે. અમારે આગામી દાયકામાં હવાઇ દળને વધુ શક્તિશાળી બનાવવાની જરૂર છે. (એજન્સી)

# ચેન્નઇ એરપોર્ટ પર પ્રવાસી વિમાનનો ઇમર્જન્સી દરવાજો ખોલીને કૂદી ગયો

### આને કારણે વિમાની મથક પર અફડાતફડી મચી ગઈઃ રન–વે બંધ કરી દેવો પડ્યો

ચેન્નઇઃ ચેન્નઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આજે વહેલી સવારે ભારે અફરાતફરી મચી ગઈ જ્યારે એક મુસાફરે એર અરેબિયાની ફ્લાઇટનો ઇમર્જન્સી દરવાજો ખોલીને નીચે કૂદકો મારી દીધો હતો. આ ઘટનાને કારણે એરપોર્ટ સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી અને અન્ય મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. શાર્જાહથી ચેન્નઇ પહોંચેલી એર અરેબિયાની ફ્લાઈટમાં કુલ ૨૩૧ મુસાફરો સવાર હતા. વિમાન રન-વે પર લેન્ડ થયા બાદ જ્યારે ટેક્સી-વે પર ધીમી ગતિએ આગળ વધી રહ્યું હતું, ત્યારે અચાનક ૩૪ વર્ષીય મુસાફરે પ્લેનનો ઇમર્જન્સી ગેટ ખોલી નાખ્યો અને નીચે કૂદી પડ્યો હતો.

પાઇલટે તાત્કાલિક ઇમર્જન્સી બ્રેક દ્વારા વિમાનને રોકી દીધું હતું અને ગ્રાઉન્ડ સુરક્ષા ટીમને અલર્ટ કરી હતી. સદનસીબે, વિમાનની ગતિ ધીમી હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. પ્રાથમિક તપાસ અને એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુસાફરની તબિયત મુસાફરી દરમિયાન જ લથડી હતી. મુસાફરે વિમાનમાં ગભરામણ અને ઊલટી થવાની ફરિયાદ કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ઘટનાના થોડા સમય પહેલા જ તેણે વિમાનમાં બે વાર ઊલટી કરી હતી. તેના કારણે તેને આવું પગલું ભર્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

ઘટનાની જાણ થતાં જ સીઆઇએસએફના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સુરક્ષાકર્મીઓએ તુરંત જ તે મુસાફરને કસ્ટડીમાં લીધો હતો. પાઈલટની ફરિયાદ બાદ મુસાફરને વધુ તપાસ માટે પોલીસને સોંપવામાં આવ્યો છે.

હાલ ડોક્ટરોની ટીમ તેની માનસિક સ્થિતિની પણ તપાસ કરી રહી છે. આ ઘટનાને કારણે કોઈ નુકસાન કે જાનહાનિ નથી થઈ તેવું અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ ઘટના અંગે સુરક્ષાને ધ્યાનમાં રાખીને અધિકારીઓએ મુખ્ય રનવે સવારે ૩:૨૩થી ૪:૨૩ વાગ્યા સુધી સંપૂર્ણપણે બંધ રાખ્યો હતો. આ એક કલાકના સમયગાળા દરમિયાન, અન્ય બધી આવનારી ફ્લાઇટ્સને એરપોર્ટના સેકન્ડરી રન-વે તરફ વાળવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે પકડાયેલ મુસાફર તમિલનાડુના પુદુક્કોટ્ટાઈ જિલ્લાનો રહેવાસી છે. પોલીસ હવે એવિએશન સેફ્ટી પ્રોટોકોલના ભંગ બદલ તેની સામે કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે.

# કૅનેડામાં ખાલિસ્તાનીઓ દેશની સુરક્ષા માટે ખતરો જાહેર કરાયા

ઓટાવાઃ કૅનેડાની ગુપ્તચર એજન્સીએ ખાલિસ્તાની ઉગ્રવાદીઓને 'રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો' જાહેર કર્યા છે. એજન્સીએ કહ્યું કે આ જૂથ દેશમાં તેના હિંસક ઉગ્રવાદી એજન્ડાને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાઓનો ઉપયોગ કરે છે.

કૅનેડિયન સિક્યોરિટી ઇન્ટેલિજન્સ સર્વિસએ તેના ૨૦૨૫ના જાહેર અહેવાલમાં ભાર મૂક્યો હતો કે કૅનેડામાં હિંસક પ્રવૃતિઓમાં ખાલિસ્તાની ઉગ્રવાદીઓ(સીબીકેઇ)ની સંડોવણી કૅનેડા અને કૅનેડિયન હિતો માટે રાષ્ટ્રીય સુરક્ષાનો ખતરો બની છે. કૅનેડિયન સરકારની વેબસાઇટ પર પ્રકાશિત અહેવાલમાં જણાવાયું છે કે કેટલાક ખાલિસ્તાની ઉગ્રવાદીઓ કૅનેડિયન નાગરિકો સાથે સારી રીતે જોડાયેલા છે. આ લોકો કૅનેડિયન સંસ્થાઓનો ઉપયોગ તેના હિંસક ઉગ્રવાદી એજન્ડાને પ્રોત્સાહન આપવા અને સમુદાયના સભ્યો પાસેથી ભંડોળ એકત્રિત કરવા માટે કરે છે. બાદમાં આ નાણાંનો ઉપયોગ હિંસક પ્રવૃતિઓ માટે કરવામાં આવે છે.

ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથ ભારતમાં એક સાર્વભૌમ રાજ્ય બનાવવાની માગ કરે છે. નવી દિલ્હીએ આ જૂથોને અલગતાવાદી પ્રવૃતિઓમાં સામેલ હોવા બદલ આતંકવાદી સંગઠનો તરીકે જાહેર કર્યા છે. આ અહેવાલ એર ઇન્ડિયાની ફ્લાઇટ ૧૮૨ પર થયેલા બૉમ્બ વિસ્ફોટની ૪૦મી વરસીના એક વર્ષ પછી આવ્યો છે. આ હુમલાના શકમંદો ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથોના સભ્યો હતા.

જો કે રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ખાલિસ્તાન રાજ્યની રચના માટે અહિંસક હિમાયતને ઉગ્રવાદ ગણવામાં આવતો નથી. ઘણા કૅનેડિયન નાગરિકો ખાલિસ્તાન અલગતાવાદી આંદોલનના સમર્થનમાં કાયદેસર અને શાંતિપૂર્ણ ઝુંબેશમાં ભાગ લે છે.

અહેવાલમાં જણાવાયું છે કે માત્ર વ્યક્તિઓના એક નાના જૂથને ખાલિસ્તાની ઉગ્રવાદી માનવામાં આવે છે. આ લોકો કેનેડાનો એક આધાર તરીકે ઉપયોગ કરતાં મુખ્યત્વે ભારતમાં હિંસાને પ્રોત્સાહન આપવાનું, ભંડોળ એકત્ર કરવાનું કે તેની યોજના ઘડવાનું કામ કરે છે.

# દિલ્હીમાં મકાનમાં આગ લાગતા નવનાં મોત

નવી દિલ્હીઃ પૂર્વ દિલ્હીના વિવેકવિહારના રહેણાંક મકાનમાં આગ લાગતા એક બાળક સહિત બે કુટુંબના નવ જણ મરણ પામ્યાં હતાં, એવી માહિતી અધિકારીએ આપી હતી. વિવેકવિહાર ફેઝ એકના ચાર માળના મકાનમાં આ બનાવ પરોઢિયે ૩-૪૮ કલાકે બન્યો હતો.

આગની ખબર મળતા પોલીસ, અગ્નિશામક દળ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી. આગ બીજા અને ચોથા માળમાં ફેલાઈ હતી અને આને લીધે મરણિયા બચાવ પ્રયાસ ચાલુ થયા હતા. ટેરેસનો દરવાજો બંધ હોવાથી મકાનના રહેવાસીઓને આગની જવાળામાંથી બચવા મુશ્કેલી પડી હતી.

બાર ફાયર ટેન્ડરને મોકલવામાં આવ્યા હતા. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસની ટીમે બચાવ કામગીરીમાં મદદ કરી હતી. આગનું કારણ જાણવા મળ્યું નથી. દિલ્હી ફાયર સર્વિસીસના જણાવ્યા પ્રમાણે નવ બળેલા મૃતદેહો મકાનના વિવિધ ભાગમાંથી મળી આવ્યા હતા. એક મૃતદેહ પહેલા માળથી, પાંચ મૃતદેહ બીજા માળથી અને ત્રણ મૃતદેહ બંધ રહેલા દાદરામાંથી મળ્યા હતા. ઑપરેશનમાં ૧૦-૧૫ જણને બચાવી લેવામાં આવ્યા હતા. બે જણને નજીવી ઈજા થઈ છે. આગના કારણની તપાસ થઈ રહી છે. (એજન્સી)

# રીલ બનાવવાની ઘેલછા, પાણીની ટાંકી પર ચડ્યાં બાળકોઃ બચાવવા હેલિકોપ્ટર મોકલાયું, એકનું મોત

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશના ગોરખપુરના સિદ્ધાર્થ નગરમાં પાંચ બાળકો સોશ્યલ મીડિયા પર વાયરલ થવા રીલ બનાવવા માટે પાણીના ટાંકી ઉપર ચઢ્યા હતા. આ દરમિયાન સીડી તૂટી જતાં એક બાળકનું મોત નીપજ્યું હતું. જ્યારે ત્યાં ફસાયેલા બે બાળકોને બચાવવા માટે સેન્ટ્રલ એર કમાન્ડ(સીએસી)નું આઇએએફ એમઆઇ ૧૭ વીફાઇવ હેલિકોપ્ટર તહેનાત કરવામાં આવ્યું હતું.

સીએસી આઇએએફએ એક્સ પર જણાવ્યું કે રાજ્ય સરકારના અધિકારીઓની વિનંતી પર સેન્ટ્રલ એર કમાન્ડ(સીએસી)ના આઇએએફ એમઆઇ ૧૭ વીફાઇવને બે ફસાયેલા બાળકોને બચાવવા માટે તહેનાત કરવામાં આવ્યું હતું. આ બાળકો ઉત્તર પ્રદેશના ગોરખપુરના સિદ્ધાર્થ નગરમાં પાણીના ટાંકીની ઉપર ફસાઇ ગયા હતા. પાણીના ટાંકીની સીડી તૂટી જવાને કારણે બાળકો રાત્રે ફસાઇ ગયા હતા. આ બચાવ કામગીરી ફરી એકવાર આઇએએફની વ્યાવસાયિકતા અને જરૂરિયાત સમયે તાત્કાલિક કાર્યવાહી કરતાં લોકોના જીવ બચાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેણે બચાવ કામગીરીના વીડિયો પણ શેર કર્યા હતા.

જિલ્લા મેજિસ્ટ્રેટ શિવશરણપ્પાએ જણાવ્યું કે જ્યારે માળખું તૂટી પડ્યું તો ત્રણ બાળકો નીચે પટકાયા હતા. જ્યારે બે અન્ય ટાંકીની ટોચ પર ફસાઇ ગયા હતા.

આ ઘટના ત્યારે બની જ્યારે પાંચ બાળકો રીલ બનાવવા માટે પાણીના ટાંકા પર ચઢ્યા હતા. જ્યારે સીડી તૂટી ત્યારે તેમાંથી ત્રણ પાણીના ટાંકા પરથી નીચે પડી ગયા હતા. જેમાંથી એક બાળકનું મોત થયું હતું. જ્યારે બે ઘાયલ બાળકોની મેડિકલ કોલેજમાં સારવાર ચાલી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે ફસાયેલા બાળકોની બચાવ કામગીરી માટે ફાયર વિભાગ અને ભારતીય વાયુસેના વચ્ચે સંકલનની જરૂર હતી. કારણ કે વિસ્તાર મુશ્કેલીભર્યો હતો અને ત્યાં પહોંચવા માટે રસ્તાઓની હાલત પણ સારી ન હતી. તેથી ગોરખપુરમાં વાયુસેનાના અધિકારીની સલાહ લીધી હતી. તેમણે સવારે આશરે પાંચ વાગ્યે એક હેલિકોપ્ટર મોકલ્યું અને બંને બાળકોને સુરક્ષિત રીતે બચાવી તેમના માતા-પિતા પાસે પહોંચાડવામાં આવ્યા હતા.

# આરટીઆઇ હેઠળ જીવનસાથીની આવકની માહિતી માગી ન શકાયઃદિલ્હી હાઇ કોર્ટ

નવી દિલ્હીઃ માહિતી અધિકાર કાયદા હેઠળ કોઇ પણ વ્યક્તિ તેમના જીવનસાથીની આવક સંબંધિત જાણકારી મેળવી શકતી નથી, એમ દિલ્હી હાઇ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું. કોર્ટે આ નિર્ણય એક પત્નીના કિસ્સામાં આપ્યો હતો. જેમાં ભરણ-પોષણના યોગ્ય સમાધાન માટે આ માહિતી જરૂરી હોવાનું કહેવામાં આવ્યું હતું.

ન્યાયાધીશ પુરુષેન્દ્ર કુમાર કૌરવે જણાવ્યું કે માહિતી અધિકાર કાયદાની કલમ ૮(૧)(જે) હેઠળ વ્યક્તિગત માહિતી જાહેર કરવામાંથી મુક્ત છે. સુપ્રીમ કોર્ટ અગાઉ જણાવી ચૂકી છે કે વ્યક્તિની આવક સંબંધિત માહિતી વ્યક્તિગત શ્રેણીમાં આવે છે. કોર્ટ એક અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં પતિએ કેન્દ્રીય માહિતી આયોગના આદેશને પડકાર્યો હતો.

કેન્દ્રીય માહિતી આયોગે આવકવેરા વિભાગને નિર્દેશ આપ્યો હતો કે તે પત્ની દ્વારા દાખલ માહિતી અધિકાર અરજીના જવાબમાં પતિની નાણાકીય વર્ષ ૨૦૦૭-૨૦૦૮ની કરપાત્ર આવકની વિગતો પૂરી પાડે. કોર્ટે ૨૮ એપ્રિલના રોજ કેન્દ્રીય માહિતી આયોગના ૨૦૨૧ આદેશને કાયદાની દ્રષ્ટિએ અસ્થિર ગણાવતા રદ્દ કર્યો હતો. કોર્ટે કહ્યું કે પત્ની દ્વારા માંગવામાં આવેલી માહિતી પતિની વ્યક્તિગત માહિતી છે. તેને જાહેર કરવાનો નિર્દેશ આપી શકાતો નથી કારણ કે તે જાહેર હિતની શ્રેણીમાં આવતી નથી.

કોર્ટે જણાવ્યું કે માહિતી અધિકાર કાયદાનો મુખ્ય હેતુ જાહેર અધિકારીઓના કામકાજમાં પારદર્શિતા લાવવાનો છે. વિધાનમંડળનો ઇરાદો આવી વ્યક્તિગત વિગતો જાહેર કરવાનો નથી. આ પ્રકારની વિગતોનો સામાન્ય લોકો સાથે કોઇ સંબંધ હોતો નથી. આ કાયદાનો દુરુપયોગ વ્યક્તિગત વિવાદોને ઉકેલવા માટે થઇ શકે નહીં.

પત્નીએ દલીલ કરી હતી કે ભરણપોષણના કેસના યોગ્ય સમાધાન માટે તેના પતિની આવક સંબંધિત જાણકારી જરૂરી છે. જો કે કોર્ટે આ દલીલને ફગાવી દીધી હતી. કોર્ટે જણાવ્યું કે પત્ની પાસે અન્ય કાનૂની ઉપાયો ઉપલબ્ધ છે. કાયદા હેઠળ ભરણપોષણના કેસમાં બંને પક્ષોએ તેમની આવક, સંપત્તિ અને જવાબદારીઓનું સોગંદનામું દાખલ કરવું જરૂરી હોય છે. જેથી આ બાબતે યોગ્ય નિર્ણય લઇ શકાય.

# પાકિસ્તાનમાં હિન્દુ સમુદાયના બે યુવક ફેડરલ સિવિલ સર્વિસમાં જોડાશે

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનમાં લઘુમતી હિન્દુ સમુદાયના બે યુવકોએ ફેડરલ સિવિલ સર્વિસમાં જોડાવા માટેની યોગ્યતા પ્રાપ્ત કરી લીધી છે. દેશમાં સરકારી નોકરીઓમાં આવા જૂથોનું પ્રતિનિધિત્વ ઐતિહાસિક રીતે ઓછું રહ્યું છે.

ફેડરલ પબ્લિક સર્વિસ કમિશન(એફપીએસસી) દ્વારા ગુરુવારના રોજ પરિણામો જાહેર થયા પછી સેન્ટ્રલ સુપીરિયર સર્વિસીસ(સીએસએસ)માં જોડાવા માટે લાયક ઠરેલા ૧૭૦ ઉમેદાવરોમાં સિંધ પ્રાંતના રહેવાસી જીવન રેબારી અને ખેમ ચંદ જંડોરાના નામનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૩ની વસ્તી ગણતરી અનુસાર કુલ ૩૮ લાખની વસ્તી સાથે હિન્દુઓ પાકિસ્તાનમાં સૌથી મોટો લઘુમતી સમુદાય છે, જે મોટાભાગે સિંધ પ્રાંતમાં રહે છે. પાકિસ્તાનના સીએસએસમાં લઘુમતીઓનું પ્રતિનિધિત્વ ઐતિહાસિક રીતે ઓછું રહ્યું છે. જેના કારણે સરકારે ૨૦૨૫માં સંખ્યા વધારવા માટે વિશેષ તાલીમ કાર્યક્રમ જેવી પહેલ શરૂ કરી છે. એફપીએસસી અનુસાર દેશભરમાંથી ૧૨,૭૯૨ લોકોએ લેખિત પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૫૫ પાસ થયા હતા અને આગળના તબક્કા પછી પસંદ કરાયેલા ઉમેદવારોની કુલ સંખ્યા ૧૭૦ રહી હતી. સત્તાવાર માહિતી અનુસાર લઘુમતીઓ માટે અનામત ૧૨૩ બેઠકો ખાલી છે. ખેમ ચંદના માતા-પિતાએ તેમના પુત્રના શિક્ષણ માટે ઊંચા વ્યાજ દરે લોન લીધી હતી અને ઘરેણાં વેચ્યા હતા. ખેમ ચંદ જંડોરા સમુદાયના છે, જે એક સિંધી સમુદાય છે. ખેમ ચંદના પિતા આ સમુદાયના પ્રથમ ક્રાંતિકારી હતા, કારણ કે તે સમયે શિક્ષણ મેળવવું એ વિદ્રોહ અને પૂર્વજોના કામ સાથે વિશ્વાસઘાત માનવામાં આવતું હતું.જીવન રેબારીની સફળતા પણ ખાસ છે કે કારણ કે તેમણે લઘુમતી ક્વોટાની મદદ લીધી ન હતી, પરંતુ ઉચ્ચ શિક્ષણ માટે જનરલ મેરિટના આધારે સફળતા મેળવી હતી. રેબારી એ સમુદાયના છે કે જેનું કામ પશુપાલન કરવાનું અને ઘાસચારો-પાણીની શોધમાં ગામડે-ગામડે ફરતા રહેવાનું હતું. તેમણે સરકારી સંસ્થાઓમાંથી યુનિવર્સિટીનું શિક્ષણ પૂર્ણ કર્યું હતું. તેમણે ૨૦૨૧માં સિંધ યુનિવર્સિટીના કાયદા વિભાગમાંથી એલએલબીની ડિગ્રી મેળવી અને પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે લાહોર જતા રહ્યા હતા.

# એસટીટીના વધારાને પગલે ડેરિવેટિવ્ઝ ટર્નઓવરમાં ઘટાડો

મુંબઈ: દેશની ઈક્વિટી માર્કેટમાં કેશ તથા ડેરિવેટિવ્સ વેપારમાં સમાપ્ત થયેલા એપ્રિલમાં વિરોધાભાષી સ્થિતિ જોવા મળી હતી. કેશ વેપારના ટર્નઓવરમાં માસિક ધોરણે સાત ટકા વધારો જોવા મળ્યો હતો જ્યારે ડેરિવેટિવ્સના વેપારમાં સરેરાશ દૈનિક ટર્નઓવરમાં છ ટકા ઘટાડો જોવા મળ્યો હતો. પહેલી એપ્રિલથી સિક્યુરિટીઝ ટ્રાન્ઝકશન ટેક્સ (એસટીટી)માં વધારો લાગુ થવાને પરિણામે ડેરિવેટિવ્સના ટર્નઓવર પર અસર જોવા મળી છે. પહેલી એપ્રિલથી ફ્યુચર્સના વેપાર પર એસટીટી ૦.૦૨ ટકા પરથી વધારી ૦.૦૫ ટકા કરાયો છે. જ્યારે ઓપ્શનમાં આ આંક ૦.૧૦ ટકાથી પરથી વધારી ૦.૧૫ ટકા કરાયો છે. બીએસઈ તથા એનએસઈ પર કેશ સેગમેન્ટમાં સંયુક્ત સરેરાશ દૈનિક ટર્નઓવર ગત મહિને રૂ. ૧.૪૪ લાખ કરોડ રહ્યું હતું જે બે વર્ષની ઊંચી સપાટીએ હતું. એપ્રિલમાં બેન્ચમાર્ક ઈન્ડાઈસિસમાં પણ એક વર્ષનો સૌથી વધુ વધારો જોવાયો હતો. ડેરિવેટિવ્સમાં સંયુક્ત સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૪૮૫.૯૮ લાખ કરોડ રહ્યું હતું જે માર્ચમાં રૂ. ૫૧૬.૪૧ લાખ કરોડ જોવા મળ્યું હતું. બજારની સારી કામગીરીને કારણે કેશ સેગમેન્ટના ટર્નઓવરમાં વધારો જોવા મળ્યો હતો. એપ્રિલમાં લાર્જ તથા મિડકેપ સ્ટોકસની લાંબા સમય બાદ સારી કામગીરી રહી હતી. યુદ્ધને કારણે માર્ચમાં ઈક્વિટીસ માર્કેટમાં ભારે અફરાતફરી જોવા મળી હતી. એસટીટીમાં વધારા ઉપરાંત રિઝર્વ બેન્ક દ્વારા બ્રોકરો માટે ફન્ડિંગના ધોરણોને સખત બનાવવાના નિર્ણયે પણ વેપાર માટેનું માનસ ખરડાયું હતું. જો કે રિઝર્વ બેન્કે આ નિર્ણય ત્રણ મહિના માટે મોકૂફ રાખ્યો છે.

ડેરિવેટિવ્સ માર્કેટમાં એકંદર વેપારમાં બીએસઈનો હિસ્સો વધી એપ્રિલમાં પ્રથમ જ વખત ૫૦ ટકાને પાર કરી ગયો છે. એપ્રિલ ૨૦૨૫માં કેશમાં સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૧.૦૬ ટ્રિલિયન રહ્યું હતું જ્યારે ડેરિવેટિવ્સમાં આ આંક રૂ.૩૬૮.૨૧ ટ્રિલિયન રહ્યો હતો. રિઝર્વ બેન્કના સખત ધોરણને જોતા આગળ જતા ડેરિવેટિવ્સ સેગમેન્ટના ટર્નઓવર પર અસર પડવાની શકયતા નકારાતી નથી. એસટીટીમાં વધારા ઉપરાંત ફન્ડિંગ ધોરણોમાં સખતાઈથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય બજારમાંથી પીછેહઠ કરી રહ્યા છે.

# ક્રૂડના ઉછાળા સાથે એફઆઈઆઈની વેચવાલી બજારને બાનમાં રાખે એવી સંભાવના

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

મુંબઇ: ઇક્વિટી માર્કેટમાં અખાતી યુદ્ધના સંપુર્ણ અંત પછી જ શાંતિની અપેક્ષા રાખી શકાય છે. હાલ શાંતીના ગમે એટલા સંકેત દેખાય તો પણ તે વાસ્તવિકતામાં ના પરિણમે ત્યાં સુધી ભરોસો કરી શકાય એમ નથી, કારણ કે ટ્રમ્પ ભરોસાને પાત્ર નથી. બજારના અભ્યાસુઓ માને છે કે, ક્રૂડ તેલમાં તેજી સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી ભારતીય શેરબજારને રેન્જબાઉન્ડ રાખે એવી સંભાવના છે. અલબત્ત, ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા સપ્તાહે ભારતીય શેરબજાર મિશ્ર છતાં થોડા હકારાત્મક વલણ સાથે બંધ થયું. નિફ્ટી ૫૦ ૦.૪૨ ટકા વધીને ૨૩,૯૯૭ પર બંધ થયો, જ્યારે સેન્સેક્સ ૦.૩૩ ટકા વધીને ૭૬,૯૧૩ પર બંધ થયો હતો.

સીઝફાયરની દિશામાં પ્રગતીની આશા વચ્ચે આખા સપ્તાહ દરમિયાન બજારોમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો, બેન્ચમાર્ક લાભ અને નુકસાન વચ્ચે અથડાતો રહ્યો હોવા છતાં, બેન્ચમાર્ક સૂચકાંકો ગ્રઈન જોનમાં બંધ થવામાં સફળ રહ્યા. શેરબજારનું આ વલણ કમાણીના આશાવાદ અને મેક્રોઇકોનોમિક ચિંતાઓ વચ્ચે સંતુલન દર્શાવે છે. સપ્તાહ દરમિયાન ક્ષેત્રીય પ્રદર્શન સ્પષ્ટ રીતે વિભાજિત રહ્યું. મજબૂત કમાણી અને પસંદગીયુક્ત ખરીદીનો ટેકો મળતા મિડકેપ આઇટી, ફાર્મા અને તેલ અને ગેસ શેરોએ સારો દેખાવ કર્યો, બીજી બાજુ પીએસયુ બેંકો અને નાણાકીય સેવાઓના શેર દબાણ હેઠળ આવ્યા. દર સંવેદનશીલતાની ચિંતાઓ અને સતત સંસ્થાકીય વેચવાલી આ ક્ષેત્ર પર અસર કરે છે, જેના કારણે સાવચેતીનું સેન્ટિમેન્ટ રહે છે. નવા સપ્તાહમાં શેરબજારને આગળ ધપાવવા માટે મુખ્ય પરિબળ જોઇએ તો ક્રૂડ તેલના ભાવના ઉછાળાને કારણે કોર્પોરેટ સેકટરની ચોથા ક્વાર્ટરની સારી કમાણીનો લાભ ધોવાઇ જવાની સંભાવના છે.

સપ્તાહની શરૂઆત, ચોથા ક્વાર્ટરની અપેક્ષા કરતા વધુ સારી કમાણીને આધારે મજબૂત નોંધ પર થઈ હતી. આનાથી નિફ્ટી સપ્તાહ દરમિયાન ૨૪,૩૩૪.૭૦ની ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો, જે પ્રારંભિક તેજીની ગતિ દર્શાવે છે. જોકે, પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય તણાવ ફરી ઉભરી આવતાં તેજી ટકી શકી નહીં. બ્રેન્ટ ક્રૂડના ભાવમાં સાપ્તાહિક ધોરણે સાત ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો. ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૨૫ ડોલરની નજીક જઇને પછી ૧૧૪ ડોલરની આસપાસ પાંછા ફર્યા હતા. ક્રૂડની આવી મુવમેન્ટને કારણે ઇન્ફ્લેશન વધવાની અને સંભવિત ઇંધણના ભાવમાં વધારા અંગે ચિંતા ફરી સપાટી પર આવી છે.

આ તરફ રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો છે. ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાનો સીધો પ્રભાવ ભારતીય રૂપિયા પર પડ્યો. યુએસ ડોલર સામે ચલણ ૯૫.૩૩ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયું, જેનાથી ભારતના આયાત બિલમાં વધારો થયો અને રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખખડી ગયું છે. એફઆઇઆઇની વેચવાલીનું દબાણ યથાવત રહ્યું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) અઠવાડિયા દરમિયાન આક્રમક વેચાણકર્તા રહ્યા હતા. વિદેશી ફંડોએ કેશ સેગમેન્ટમાં રૂ. ૧૩,૭૭૧ કરોડનું વેચાણ કર્યું, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧૧,૫૮૫ કરોડની ચોખ્ખી ખરીદી સાથે થોડો ટેકો પૂરો પાડ્યો.

આ સપ્તાહ માટે શેરબજારના આઉટલૂક વિશે વાત કરતા જિઓજિતના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટમાં બેવડી નાકાબંધી વૈશ્વિક બજારો પર સતત દબાણ લાવી રહી હતી, વાટાઘાટોમાં કોઈ અર્થપૂર્ણ પ્રગતિ ન થતાં રોકાણકારોનું વલણ સાવધ રહ્યું. ચાર વર્ષમાં પહેલી વાર ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૨૬ ડોલરની ટોચ પર પહોંચ્યા, જેનાથી ફુગાવાની ચિંતાઓ વધુ તીવ્ર બની અને ઇંધણના ભાવમાં વધારાનું જોખમ વધ્યું. ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારાથી ભારતીય રૂપિયા પર દબાણ આવ્યું અને તેલ આયાત પર ભારતની ભારે નિર્ભરતાને ધ્યાનમાં રાખીને મૂડીના પ્રવાહ અને વધતી ખાધ અંગે ચિંતા ફરી સપાટી પર આવી.

અસ્થિરતા હોવા છતાં, ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરના પ્રારંભિક કોર્પોરેટ કમાણીએ પ્રોત્સાહન પૂરું પાડ્યું, હોવાથી રોકાણકારો રચનાત્મક વલણ અપનાવવા માટે પ્રેરાયા.બજારમાં વ્યાપક વેચવાલી જોવા મળી હતી. જોકે, ફાર્માસ્યુટિકલ્સ, આરોગ્યસંભાળ, ટેલિકોમ અને ઊર્જા જેવા રક્ષણાત્મક અને માગ-આધારિત ક્ષેત્રોના શેરોમાં વધુ સારું પ્રદર્શન જોવા મળ્યું હતું. આગળ જોતાં, બજારો ઉકેલ માટે આશાવાદી છે, જોકે, યુદ્ધના અંત અંગે કોઈપણ સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી બજારમાં સ્થિરતાની આશા નથી. નિફ્ટી નજીકના ગાળામાં રેન્જ-બાઉન્ડ રહેવાની અપેક્ષા છે અને તે ૨૩,૫૦૦ અને ૨૪,૫૦૦ના સ્તરો વચ્ચે ઓસીલેટ થવાની સંભાવના છે.

# જેએનપીટી ખાતે ૧,૦૦૦થી વધુ કન્ટેનર અટવાયા

મુંબઈ: ભારતના અગ્રણી કન્ટેનર પોર્ટ, જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી (જેએનપીટી)ના ઝડપી માળખાકીય વિસ્તરણ અને વધતી જતી કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા તેને ભારતના સૌથી મોટા કન્ટેનર ગેટવે તરીકેની ભૂમિકાને મજબૂત બનાવી રહી છે, જે દેશના વેપાર અને આર્થિક વિકાસને આગળ ધપાવે છે. જેએનપીટીએ માર્ચ ૨૦૨૬માં ૭૪૭,૦૬૦ ટીઇયુ (વીસ-ફૂટ સમકક્ષ એકમ) કન્ટેનર અને કુલ ૯.૧૬ મિલિયન ટન કાર્ગોનું સંચાલન કર્યું, જે માર્ચ૨૦૨૫ના ટ્રાફિકની તુલનામાં અનુક્રમે ૧૧.૧૩ ટકા અને ૧૦.૮૧ ટકા વધારે છે. ઉંગઢઅ મજબૂત થઈ રહ્યું છે તેમ, નિકાસકારો સમાંતર કટોકટીનો સામનો કરી રહ્યા છે.

જોકે, મધ્ય પૂર્વ સંઘર્ષ સાથે જોડાયેલા ચાલુ લોજિસ્ટિકલ વિક્ષેપોને કારણે હાલમાં બંદર પર તાજા ઉત્પાદનાના ૧,૦૦૦થી વધુ કન્ટેનર ફસાયેલા છે. જેએનપીટી પર ફસાયેલા કન્ટેનરની સંખ્યા પહેલી માર્ચના રોજ લગભગ ૫,૦૦૦ ટીઇયુથી ઘટીને આઠમી માર્ચ સુધીમાં લગભગ ૩,૨૦૦ ટીઇયુ થઈ ગઈ છે, જ્યારે ફસાયેલા નાશવંત માસના કન્ટેનર લગભગ ૨,૦૦૦થી ઘટીને લગભગ ૧,૦૦૦ થઈ ગયા છે.

ગલ્ફ દેશોમાં વધતી માગ છતાં નિકાસકારો નાશવંત કાર્ગોને ખસેડવામાં ગંભીર વિલંબનો સામનો કરી રહ્યા છે અને શિપમેન્ટ અટવાયેલા હોવા છતાં પ્રતિ કન્ટેનર દરરોજ ૧૮,૦૦૦થી વધુ ખર્ચ કરી રહ્યા છે. ઉદ્યોગના હિસ્સેદારો આ અવરોધો માટે જહાજોના પુનઃનિર્ધારણ, ભૂ-રાજકીય તણાવને કારણે રૂટના ફેરફાર, કન્ટેનરની ધીમી હિલચાલ અને વીમા પ્રિમીયમમાં વધારો જેવા સંયોજનોને જવાબદાર માને છે, જેના કારણે નિકાસકારો ઓપરેશનલ અને નાણાકીય જોખમોનું સંચાલન કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ વિક્ષેપ વચ્ચે, નિકાસકારો નુકસાન ઘટાડવા માટે વધુને વધુ એડપ્ટીવ વ્યૂહરચના અપનાવી રહ્યા હોવાનું જણાવતાં ટ્રાઇડેન્ટ એગ્રોના પ્રવકતાએ કટોકટીનું સંચાલન કરવા માટે એક માપદંડ અભિગમ પર ભાર મૂકતા જણાવ્યું કે, અમારી નિકાસ વ્યૂહરચના અમારા આયાતકાર દેશોની સપ્લાય ચેઇન અને બજારની સ્થિતિને સમજવામાં ઊંડાણપૂર્વકની સમજ ધરાવે છે. ઉત્પાદનોના નાશવંત ગુણને ધ્યાનમાં લેતા તેની ફરીથી નિકાસ કરવાથી વધુ નુકસાન થશે. તેના બદલે, અમે સ્થાનિક વેચાણ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું, જેણે અમને કામગીરીને નોંધપાત્ર રીતે નિયંત્રિત કરવામાં મદદ કરી છે.

આ વ્યૂહરચનાએ તીવ્ર ઘટાડાના સમયગાળા દરમિયાન ફળોના ભાવ સ્થિર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સ્થાનિક સ્તરે પુરવઠાને રીડાયરેક્ટ કરીને, કંપનીએ વધારાની ઇન્વેન્ટરી શોષવામાં અને બજાર સંતુલનને ટેકો આપવામાં મદદ કરી. અનિશ્ચિતા વચ્ચે પેકિંગ કામગીરી સ્થગિત કરનારા ઘણા સ્પર્ધકોથી વિપરીત કામગીરી ચાલુ રાખી, બજારમાં સ્થિર પુરવઠો સુનિશ્ચિત કરવા સાથે લોજિસ્ટિકલ પડકારોનો સામનો કર્યો છે. નિકાસકાર સમુદાયને ટેકો આપવા માટે, જેએનપીટીએ પણ કેટલાક ટૂંકાગાળાના ઉપાયો અમલમાં મૂક્યા છે.

# સરકારના નવા બિલ્ડિંગ નોર્મ્સને હેલ્થકેર સેકટરનો આવકાર

નવી દિલ્હી: સરકાર દ્વારા હોસ્પિટલો માટે ઊંચાઈના નિયંત્રણોને હળવા કરવાના પગલાથી, ખાસ કરીને શહેરી કેન્દ્રોમાં મર્યાદિત બેડ ક્ષમતા અને હાલના માળખાકીય માળખાના ઓછા ઉપયોગ સહિત માળખાકીય અવરોધોને દૂર કરવાની અપેક્ષા છે, એવો મત જાહેર કરતા હેલ્થકેર ક્ષેત્રના ઓદ્યોગિક સંગઠને નવા ધારાધોરણને આવકાર જાહેર કર્યો છે. રાષ્ટ્રીય મકાન બાંધકામ ધોરણો (નેશનલ બિલ્ડિંગ કન્સ્ટ્રકશન સ્ટાન્ડર્ડ્સ - એનબીસીએસ) ૨૦૨૬ અંતર્ગત સરકારે સારી અગ્નિ સુરક્ષા માટેના ફાયર સેફટી પ્રોવિઝન્સના પાલનને આધિન હોસ્પિટલો માટે લાંબા સમયથી અપેક્ષિત ચાલતા ઊંચાઈના નિયંત્રણોને હળવો કર્યા છે અને ૪૫ મીટરથી વધુના ઇન્ટેન્સિવ કેર યુનિટ્સ (આઈસીયુ)ને પરવાનગી આપી છે.

# સોફ્ટ ડ્રિંક્સ પર હવે ૪૦ ટકા જીએસટી

મુંબઇ: ભારત સરકારે પહેલી મે ૨૦૨૬થી સોફ્ટ ડ્રિંક્સ પરના ટેક્સ દરોમાં ધરખમ વધારો કર્યો છે. ૩૦મી એપ્રિલે બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, હવે સોફ્ટ ડ્રિંક્સ પર ૨૮ ટકાને બદલે ૪૦ ટકા જીએસટી લાગુ થશે. હવેથી નવા રેટ પ્રમાણે જ તમામ વ્યવહાર કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. અગાઉ સોફ્ટ ડ્રિંક્સ પર ૩૮ ટકા જીએસટી અને ૧૨ ટકા કોમ્પન્સેશન સેસ લેવામાં આવતો હતો, જેના કારણે બે અલગ હિસાબ રાખવા પડતા હતા. હવે બંનેને ભેગા કરીને ૪૦ ટકાનો એક જ સ્લેબ બનાવી દેવામાં આવ્યો છે. આમ જીએસટી વધવા છતાં ભાવમાં વધારો થાય એવી શક્યતા ઓછી હોવાનું સાધનો જણાવે છે. સરકાર દ્વારા પીણાંઓમાં સુગર કન્ટેન્ટનું પ્રમાણ ઘટાડવા અને તેનો વપરાશ ઓછો કરવાના હેતુથી આ ટેક્સ વધારવામાં આવ્યો છે. સરકારી આદેશ મુજબ, પહેલી મેથી જ રિટેઈલ બિલિંગ, સ્ટોક ટ્રાન્સફર અને પરચેઝ ઓર્ડર નવા દર (૪૦%) પ્રમાણે તૈયાર કરવાના રહ જો કોઈ વેપારી જૂના ટેક્સ સ્ટ્રક્ચર મુજબ વ્યવહાર કરશે, તો તેમની સામે ટેક્સ ડિમાન્ડ નીકળી શકે છે અને વ્યાજ સહિત દંડ પણ ચૂકવવો પડી શકે છે.

## ગુજરાત

# ભાવનગરના તળાજામાં સોની દંપતીની હત્યા મામલે સનસનીખેજ ખુલાસો, પુત્ર-પુત્રવધૂએ જ હત્યાના ષડ્યંત્રને અંજામ આપ્યો

ભાવનગર: જિલ્લાના તળાજામાં સોની દંપતીની હત્યા મામલે ચોંકાવનારો ખુલાસો થયો હતો. પોલીસ તપાસના અંતે સોની દંપતીનું મોત આગમાં સળગી જવાથી નહીં પણ દોરી વડે ગળું દબાવી હત્યા કર્યાનું ખૂલ્યું હતું. તેમની હત્યાના ષડયંત્રને પુત્ર અને પુત્રવધૂએ અન્ય બે રાજકોટ, વિસાવદરથી આવેલા રીઢા ગુંડાઓ મુનિર હમીદ બલોચ, આમિરખાન આદમખાન લોધી પઠાણ સાથે મળીને અંજામ આપ્યો હતો. તળાજા શહેરમાં વૃદ્ધ દંપતીની હત્યા કેસમાં પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ કાર્યવાહી જોવા માટે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઊમટી પડ્યા હતા.

પોલીસ કસ્ટડીમાં રહેલા ચારેય આરોપીઓ ઉપરાંત પોલીસ કાફલો, એફ.એસ.એલ.ની ટીમ અને સરકારી પંચોની રૂબરૂમાં ઇન્વેસ્ટિગેશન ઓફિસર વી.આર.વાળાએ પોલીસ સ્ટેશનથી નીકળ્યા ત્યારથી તે છેક હત્યારાઓએ કેવો પ્લાન ઘડ્યો હતો તે બધી જ બાબતોના રિહર્સલને ઓન કેમેરા કરાવવામાં આવ્યું હતું. જેમાં પહેલા ભાડૂતી હત્યારાઓએ સાસુને વોશરૂમમાં લઈ જઇ બાથરૂમનું બારણું બંધ કરી દીધું હતું. ત્યાર બાદ પથારીમાં સૂતેલા સસરા કિશોરભાઈની આંખમાં મરચાની ભૂકી છાંટી, દોરી વડે સસરાની ગળાપચી દબાવી હત્યા કરી હતી. ત્યાર બાદ સાસુ રેખાબેનને બાથરૂમમાંથી બહાર કાઢી રૂમમાં લઈ જઈ ગળુ દબાવી, પછાડી દીધા હતા. તેમની ઉપર જ બેસી જઇ ગળા ફરતે દોરી વીંટાળી ખેંચીને હત્યા નિપજાવી હતી. ભાવનગર તળાજાના રામટેકરી વિસ્તારમાં રહેતા કિશોરભાઈ વેલજીભાઈ વૈઠા અને તેમની પત્ની રેખાબેનની ગત ૧૯ એપ્રિલની રાત્રે તેમના જ ઘરમાં અર્ધ સળગેલી હાલતમાં લાશ મળી આવી હતી. શરૂઆતમાં આગથી મોત થયું હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોટો ખુલાસો થયો કે કિશોરભાઈનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી, જ્યારે રેખાબેનની પણ અન્ય રીતે હત્યા કરાઈ હતી.

હત્યાનું કારણ દંપતીના રાજકોટમાં રહેતા પુત્ર વિમલને ભારે દેવું થઈ ગયું હતું. તે દેવામાંથી છૂટવા માટે પુત્ર અને પુત્રવધૂ હેતલ વારંવાર પિતાને પૈસા માટે દબાણ કરતો હતો. મકાન, દુકાન અને ઘરેણાં વેચવાની માગણીને લઈને પરિવારમાં અવારનવાર ઝઘડા થતા હતા, જેથી આર્થિક લાલચ અને મિલકત મેળવવાની ઇચ્છાએ તેને આ હત્યાનો માર્ગ અપનાવવા પ્રેર્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે હત્યા કરવા આવનાર બંને ઈસમને કોર્ટમાં રજૂ કરી દિવસ ૪ના રિમાન્ડ મેળવ્યા હતા.

# નીટની પરીક્ષામાં કંઠી પહેરવા મામલે સુરતમાં બબાલ

અમદાવાદ: મેડિકલ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવતી એનઆઈઆઈટી (નીટ)ની પરીક્ષા રવિવારે ત્રીજી મેના રોજ સમગ્ર દેશમાં લેવામાં આવી હતી, જેમાં ગુજરાતના લગભગ ૭૯,૦૦૦ વિદ્યાર્થીએ પણ ભાગ લીધો હતો. પરીક્ષા પૂરી થયા બાદ વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર અમુકને કેમસ્ટ્રી તો અમુક વિદ્યાર્થીઓને ફિઝિક્સનું પેપર અઘરું લાગ્યું હતું. મોટાભાગના વિદ્યાર્થીઓએ બાયોલોજીનું પેપર પ્રમાણમાં સરળ હોવાનું જણાવ્યું હતું. દરમિયાન સુરતના એક પરીક્ષા કેન્દ્રમાં એક પિતાએ ગળામાં કંઠી પહેરવા બાબતે માથાકૂટ કરી હતી. તેમની દીકરીને પ્રવેશ પહેલા કંઠી કાઢવા કહ્યું હતું ત્યારે પિતાએ આનો વિરોધ કર્યો હતો. તેમણે હિન્દુ રાષ્ટ્રની વાત કરો છો અને હિન્દુની દીકરી કંઠી પહેરે તો કઢાવી નાખો છો તેવો સવાલ કર્યો હતો. હું લાહોર કે કરાચીમાં નથી, પરંતુ હિન્દુ છું અને હિન્દુસ્તાનમાં ઊભો છું તેવી દલીલો તેમણે કરી હતી. ત્યારબાદ તેમણે દીકરીને બહાર બોલાવી કંઠી પહેરવા દબાણ કર્યું હતું,

# સોનું વેરાયું ચોકમાં: ઉમરગામના રસ્તાઓ પર લોકો સોનું ભેગું કરવા ઊમટી પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉમરગામના નારગોલ-દમણ કોસ્ટલ હાઈ વે પર રવિવારે બનેલી એક ઘટના સૌને ધ્યાને ચડી હતી. અહીં રસ્તા પર સોનું વેરાયું હોવાની અફવાએ લોકોને લલચાવ્યા હતા અને લોકો ઝાડું લઈ ઊમટી પડ્યા હતા. મળતી માહિતી અનુસાર નારગોલથી મરોલી સુધીના પટ્ટા પર એક ટેમ્પોમાંથી સોનેરી રંગની ધાતુ વેરાઈ ગઈ હતી. આ ધાતુ સોનું હોવાનું ગતકડું અમુક લોકોએ ફેલાવ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર અહીંથી પસાર થતાં ટેમ્પોમાંથી આ ધાતુના નાના નાના ટુકડા વેરાયા હતા. દિવસના તડકામાં તે ચમકતા હોવાથી લોકો તેને સોનું માની બેઠા હતા અને એકઠું કરવા દોડી આવ્યા હતા. લોકોએ આસપાસના ટ્રાફિકનો વિચાર પણ ન હતો કર્યો અને ઝાડું લઈ આ કટકા ભેગા કર્યા હતા.

જોકે પછીથી જાણવા મળ્યું હતું કે આ તાંબાના ટુકડા હતા. કોપર ગ્રેન્યુઅલ્સ નામે ઓળખાતી આ વસ્તુ ઈલેક્ટ્રિક વાયરમાંથી પ્લાસ્ટિક દૂર કર્યા બાદ વધેલો સામાન હોય છે. લગભગ સોના જેવું જ દેખાતું આ તાંબુ માત્ર એક સામાન્ય ધાતુ છે. જોકે થોડા સમય માટે આ ધાતુએ લોકોમાં લાખોપતિ બની ગયાની લાગણી જગાવી હતી.

# ગાંધીનગરમાં ગર્લ્સ પીજીમાંથી એક બાળમજૂરને બચાવાયો

અમદાવાદ: ગાંધીનગરના સેક્ટર-૬ માં આવેલ પેઇંગ ગેસ્ટ સુવિધા, હેપ્પી હોમ ગર્લ્સ પીજીમાંથી ૧૩ વર્ષના બાળમજૂરને બચાવી લેવામાં આવ્યો હતો. બાળકને માત્ર રૂ. ૩૦૦૦નું વેતન આપવામાં આવતું હતું અને રસોડામાં કામ કરવા માટે લાવવામાં આવ્યો હતો, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

પોલીસે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં બાળમજૂરી અધિનિયમની જોગવાઈઓ હેઠળ પીજી માલિક અને રસોઈયા વિરુદ્ધ કેસ નોંધ્યો હોવાની માહિતી મળી છે. ગાંધીનગર જિલ્લા કલેક્ટર હેઠળ રચાયેલી ટાસ્ક ફોર્સ કમિટી દ્વારા બાળકને રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો. ગુપ્ત માહિતીના આધારે, ટીમે સેક્ટર-૬સી ના પ્લોટ નંબર ૮૦૭ ખાતેના પરિસરમાં દરોડો પાડ્યો હતો, જ્યાં સગીર બાળક રસોડામા શાકભાજી કાપતો હતો. પૂછપરછ દરમિયાન, અધિકારીઓને જાણવા મળ્યું હતું કે બાળકને લગભગ ત્રણ મહિના પહેલા રાજસ્થાનથી લાવવામાં આવ્યો હતો. તેને ઉદયપુરના વતની રસોઈયા લાલસિંહ કુંભવત દ્વારા કથિત રીતે નોકરી પર રાખવામાં આવ્યો હતો. અહીં સામાન્ય પગારે તે કામ કરતો હતો. આ પીજી મૂળ જૂનાગઢના અને હાલમાં કુડાસણમાં રહેતા એક વ્યક્તિનું છે. બચાવ બાદ, શ્રમ અધિકારી ગિરીશકુમાર સિંધાવતે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં માલિક અને રસોઈયા બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# સુરત-બેંગકોક વચ્ચેની હવાઈસેવા રદ: સુરત એરપોર્ટ પરથી એકપણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ટેક્સટાઈલ્સ અને ડાયમન્ડ ઉદ્યોગોને લીધે વૈશ્વિક ફલક પર વર્ષોથી પહોંચી ગયેલા સુરત શહેર પાસે હાલમાં વિશ્વના શહેરો સાથે કનેક્ટિવિટી નથી. પહેલી મેથી એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા અચાનક સુરત-બેંકોકની હવાઈસેવા રદ કરી નાખવામાં આવતા હાલમાં સુરત એરપોર્ટ પરથી એક પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્ જતી નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ રૂટ પર મુસાફરોની ભારે માંગ હોવા છતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. એરપોર્ટ ડેટા અનુસાર, માર્ચ ૨૦૨૬ માં સુરત-બેંગકોક રૂટ પર ૭,૦૦૦ થી વધુ મુસાફરોએ મુસાફરી કરી હતી, તેમ છતાં એરલાઇને સેવા બંધ કરતી વખતે આ રૂટ નફાકારક ન હોવાનું જણાવ્યું હતું.

સુરત-બેંગકોક ફ્લાઇટ અઠવાડિયામાં ચાર વખત - સોમવાર, બુધવાર, શુક્રવાર અને રવિવારે - સવારે ૧૦:૫૦ વાગ્યે સુરતથી ઉપડતી અને સાંજે ૫:૧૦ વાગ્યે બેંગકોક પહોંચતી હતી. જોકે, સુરતથી ગલ્ફ સહિતના અન્ય દેશોમાં જતી ફ્લાઈટ્સ અગાઉ રદ થઈ છે.

# આજે ગુજરાત બોર્ડ જાહેર કરશે એચએસસી સાયન્સ અને જનરલ સ્ટ્રીમનું પરિણામ

અમદાવાદ: આજે પશ્ચિમ બંગાળ સહિતની વિધાનસભાની ચૂંટણીના રાજકીય પરિણામો જાહેર થવાના છે ત્યારે ગુજરાતમાં શૈક્ષણિક પરિણામો પણ જાહેર થવા જઈ રહ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આજે ૧૨મા ધોરણના સાયન્સ અને જનરલ સ્ટ્રીમના પરિણામો જાહેર કરશે. આ સાથે દસમા ધોરણના પરિણામો ૬ ઠ્ઠી માર્ચે જાહેર થવાની શક્યતા છે, તેવી માહિતી પણ મળી હતી. આ વર્ષે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી, જેમાં લગભગ ૧૫.૩ લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાં ધોરણ ૧૦ના ૯.૧ લાખ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ધોરણ ૧૨ની જનરલ સ્ટ્રીમમાં ૫.૦૧ લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જ્યારે સાયન્સ સ્ટ્રીમમાં ૧.૨ લાખ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. ધોરણ ૧૦ના ઉમેદવારોમાં, ૭.૭ લાખ રેગ્યુલર વિદ્યાર્થીઓ, ૧૯,૮૨૫ ખાનગી વિદ્યાર્થી અને ૭૦,૭૦૨ રિપીટર, ૫,૩૮૬ ખાનગી રિપીટર હતા. બારમા ધોરણના પરિણામ સાથે ગુજસેટ-૨૦૨૬નું પરિણામ પણ આજે જાહેર થશે. આ પરિણામો આજે સવારે ૧૦ વાગ્યે બોર્ડની વેબસાઈટ પરથી વિદ્યાર્થીઓ જોઈ શકશે.

# કચ્છના રણમાં અજાયબી: વચ્છરાજ બેટ નજીક કૅમેરામાં કેદ થયું દુર્લભ શિયાળ

ભુજ: આગવી વન્યજીવ સંપદા ધરાવતા કચ્છના નાના રણમાં એક અત્યંત દુર્લભ ઘટના જાણવા મળી છે. રણમાં આવેલા સુપ્રસિદ્ધ વચ્છરાજ બેટના પાછળના વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન વન વિભાગની ટીમે સંભવત વિશ્વનું સૌથી નાનું કદ ધરાવતા 'ફેનેક' પ્રજાતિના શિયાળને કૅમેરામાં કેદ કર્યું છે. ગુજરાતમાં લુપ્ત થતી જતી શિયાળની પ્રજાતિઓ વચ્ચે આ અસાધારણ પ્રાણીની હાજરીએ વન્યજીવ પ્રેમીઓ અને નિષ્ણાતોમાં ભારે કુતૂહલ જગાડ્યું છે. ઘુડખર અભયારણ્યના અધિકારીઓના જણાવ્યા અનુસાર, વન વિભાગની ટીમ જ્યારે વચ્છરાજ બેટ નજીક નિયમિત પેટ્રોલિંગમાં હતી, ત્યારે આ નાનકડું શિયાળ નજરે પડ્યું હતું. પ્રાથમિક તપાસ અને શારીરિક લક્ષણોના આધારે વન વિભાગે આ શિયાળ 'ફેનેક' પ્રજાતિનું હોવાની પ્રબળ શક્યતા વ્યક્ત કરી છે.

# કચ્છના માંડવીના અંદાજે ૨૧૬ વર્ષ જૂનાં ઐતિહાસિક વિઠ્ઠલનાથજી મંદિરનો એક કરોડના ખર્ચે જિર્ણોદ્ધાર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં બંદરીય માંડવી શહેરમાં સ્થિત ગાયકવાડ શાસનકાળની ધરોહર સમાન ૨૧૬ વર્ષ જૂના વિઠ્ઠલનાથજી મંદિરના નવનિર્માણની કામગીરી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવી છે. મહારાણી ગહિનાબાઈ ગાયકવાડ દ્વારા અંદાજે ૨૬,૦૦૦ રૂપિયા (કોરી)ના ખર્ચે બંધાયેલા આ ઐતિહાસિક મંદિરનો હવે અંદાજે ૧ કરોડ રૂપિયાના ખર્ચે જિર્ણોદ્ધાર કરવામાં આવશે. આ પ્રકલ્પની ખાસિયત એ છે કે, ગાયકવાડ રાજપરિવારના માર્ગદર્શન હેઠળ મંદિરના મૂળભૂત હવેલી શૈલીના સ્થાપત્યમાં કોઈ પણ ફેરફાર કર્યા વિના તેને સાચવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાણી રાધિકારાજે ગાયકવાડની સૂચના મુજબ, મંદિરના ઐતિહાસિક ચરિત્રને જાળવી રાખીને જ સમારકામ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ કેટલાક શ્રદ્ધાળુઓની માગને પગલે મંદિરને શિખરબદ્ધ બનાવવાની વિચારણા હેઠળ માર્ચ ૨૦૨૪માં ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું, પરંતુ અંતે પ્રાચીન હવેલી ડિઝાઇન જાળવી રાખવાનો મક્કમ નિર્ણય લેવાતા આ નવી યોજના અમલી કરાઈ છે.

# ફડણવીસે જનતાની માફી માગવી જોઈએ : રાઉત

પુણેના નસરાપુરમાં ચાર વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. આ સંદર્ભમાં પુણેમાં વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મધ્યરાત્રિએ નવલે પુલ પર લોકોએ ભારે વિરોધ કર્યો હતો. પોલીસે જેમ તેમ કરીને લગભગ ચારથી પાંચ કલાક પછી પુલ ખાલી કરાવ્યો હતો. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ અને પ્રવક્તા સંજય રાઉતે આ અંગે મુખ્યપ્રધાન અને ગૃહપ્રધાન દેવેન્દ્ર ફડણવીસની આકરી ટીકા કરી છે. સંજય રાઉતે સરકારની ટીકા કરતા કહ્યું કે કાયદો અને વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ગૃહપ્રધાન તરીકે જે ફરજો નિભાવવી જોઈએ તે નિભાવવામાં આવી રહી નથી. છોકરીઓ પર અત્યાચારના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. મુખ્ય પ્રધાન ૨૪ કલાક રાજકારણમાં ફસાયેલા રહે છે, એમ સંજય રાઉતે કહ્યું.

તેમણે મિસિંગ લિંકના ઉદ્ઘાટન દરમિયાન, ટ્રાફિક જામનો પણ ઉલ્લેખ કર્યો હતો. મુખ્ય પ્રધાને નમ્રતાપૂર્વક તેના માટે માફી માગી હતી, તેમ શનિવારના (નસારાપુર બળાત્કાર) કેસ માટે પણ માફી માંગવી જોઈએ, એવી માંગણી કરી હતી.

મહારાષ્ટ્રના લોકો અને તેમની બહેનોએ સરકાર સામે બળવો કરવો જોઈએ. આ સરકારને જવાબદાર ઠેરવવી જોઈએ. વિરોધ પક્ષે રસ્તા પર ઉતરવું જોઈએ. આ રાજ્ય હવે સામાન્ય માણસ માટે રહેવા યોગ્ય નથી.

## મુંબઈ-પુણે મિસિંગ લિંક:

# ઉદ્ઘાટનના બીજા દિવસે જ પ્રવાસીઓનો બહોળો પ્રતિસાદ, ટ્રાફિક જૅમથી છૂટકારો

પુણે : મુંબઈ અને પુણે વચ્ચે નિયમિત આવનજાવન કરનારા લોકોનો એક મોટો વર્ગ છે. ઉપરાંત મુંબઈની નજીકનું લોકપ્રિય હિલસ્ટેશન લોનાવાલા-ખંડાલા પણ એ જ માર્ગ છે. તેથી, વીકએન્ડ હોય કે ગણેશોત્સવ જેવા તહેવાર, મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ખૂબ ભીડ હોય છે. જોકે, શનિવારે સવારે મુંબઈથી પુણે જતા વાહનો માટે 'કનેક્ટિંગ લિંક' પ્રવેશદ્વાર ખોલતાની સાથે જ મુસાફરોની પહેલી પસંદ બની ગયો હતો.

ખંડાલા ઘાટના ચઢાણ અને વળાંકવાળા રસ્તા પર ભારે વાહનોની ગતિ ધીમી પડી જતી હતી. વાહનચાલકો દ્વારા ખોટી રીતે ઓવરટેક કરવાના કારણે મોટા ટ્રાફિક જામ થતા હતા અને અકસ્માતો પણ થતાં હતાં. અંગ્રેજો દ્વારા ટ્રાફિક હળવો કરવા માટે બનાવવામાં આવેલ ઐતિહાસિક અમૃતાંજન પુલને એપ્રિલ ૨૦૨૦ માં નિયંત્રિત વિસ્ફોટથી તોડી પાડવામાં આવ્યો હતો, પરંતુ ભીડની સમસ્યા સંપૂર્ણપણે ઉકેલાઈ નહોતી.

આ સમસ્યામાંથી છુટકારો અપાવવા ઘાટને બાયપાસ કરીને સીધો રસ્તો નિર્માણ કરવાની યોજના બનાવવામાં આવી હતી. આ 'મિસિંગ લિંક' ની યોજના પર કામ ફેબ્રુઆરી ૨૦૧૯ માં શરૂ થયું હતું. સાડા છ વર્ષના અથાક પરિશ્રમ પછી પહેલી મે (મહારાષ્ટ્ર દિવસ અને કામદાર દિવસ) ના રોજ આ કડીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. શનિવારે સવારે ખુલતાની સાથે જ મુસાફરોએ ખૂબ જ ઉત્સાહથી આ લિંકનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે ઘાટોમાં મુખ્ય માર્ગ પરનું દબાણ ઓછું થયું છે. આ નવી કનેક્ટિંગ લિંક સાથે મુસાફરો હવે વળાંક અને ટ્રાફિક જામની ઝંઝટમાંથી મુક્ત થયા છે અને મુંબઈ-પુણે મુસાફરી ઝડપી બની છે. પહેલા જ દિવસે પ્રવાસીઓએ કરેલા ઉપયોગ પરથી આ પ્રોજેક્ટ ચોક્કસ લોકપ્રિય થયો છે તેમ કહી શકાય.

જોકે, પુણેથી મુંબઈ જતી લેન હજુ સુધી ખોલવામાં આવી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે મુસાફરોએ આ માટે બીજા એક કે બે દિવસ રાહ જોવી પડશે. જોકે, પહેલી મેની રજા અને શનિવાર અને રવિવારના લાંબા સપ્તાહાંતને કારણે, મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર મુસાફરી કરતા મુસાફરોને ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. તેમાં એક કારણ મિસિંગ લિંકનો ઉદ્ઘાટન સમારંભ પણ હતો.

## પહેલા પાનાનું ચાલુ

### બંગાળ કોનું?

થવાની છે અને તેના પરિણામ પર સૌની મીટ છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી જીતીને ભાજપ ઇતિહાસ રચશે કે મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કૉંગ્રેસ ફરી સત્તા કબજે કરવામાં સફળ થશે કે પછી કોઇને પણ સરકાર રચવા માટે જરૂરી બેઠક એટલે કે બહુમતી નહિ મળે અને ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ ઊભી થશે, એ અંગે દેશભરમાં ચર્ચા થઇ રહી છે. રાજ્ય વિધાનસભાની ૨૯૪ બેઠકમાંથી ૨૯૩ બેઠકની મતગણતરી સોમવારે ૭૭ કેન્દ્ર ખાતે સઘન સુરક્ષા હેઠળ કરાશે. પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં ફાલ્ટાની બેઠકના અનેક મતદાન કેન્દ્ર ખાતે ગેરરીતિ આચરવામાં આવી હોવાનું કારણ આપીને ચૂંટણી પંચે ત્યાંની ચૂંટણી રદ કરી હતી. હવે આ બેઠક માટે ૨૧ મેએ મતદાન થશે અને તેની મતગણતરી ૨૪ મેએ થશે તેમ જ ૨૪ મેએ જ પરિણામ જાહેર થશે. રાજ્યમાં બે તબક્કામાં યોજાયેલી ચૂંટણીનું મતદાન ૨૯ એપ્રિલે પૂરું થયું હતું અને તેમાં ૯૨.૪૭ ટકા મતદાન થયું હતું, જે દેશની સ્વતંત્રતા પછીનું સૌથી વધુ હતું. આમ છતાં, દક્ષિણ ૨૪ પરગણાના ૧૫ મતદાન કેન્દ્ર ખાતે ફેરમતદાન યોજાયું હતું અને તેમાં આશરે ૮૭ ટકા મતદાન થયું હતું.

ભાજપ અને તૃણમૂલ કૉંગ્રેસ પોતાના વિજયની અને રાજ્યમાં સરકાર રચવા જરૂરી બહુમતી મળવાની આશા રાખીને બેઠા છે. મતગણતરી વખતે કેન્દ્રના અર્ધલશ્કરી દળના અંદાજે અઢી લાખ કર્મચારી ફરજ બજાવશે. મતગણતરી વખતે અને તેના પરિણામ જાહેર થાય, તે પછી રાજ્યમાં કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં હિંસાનો ભય છે. અગાઉ, પશ્ચિમ બંગાળમાં મતદાર-યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન અંદાજે ૯૦ લાખ મતદારના નામ મતદાર-યાદીમાંથી કાઢી નખાયા હતા.

આ વિધાનસભાની ચૂંટણી એપ્રિલ મહિનામાં વિવિધ તબક્કામાં યોજાઈ હતી. આસામ, કેરલમ અને પુડચેરીમાં નવ એપ્રિલે એક જ તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. તમિળનાડુમાં ૨૩ એપ્રિલે ચૂંટણી યોજાઈ હતી. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી ૨૩ અને ૨૯ એપ્રિલ એમ બે તબક્કામાં યોજાઈ હતી.

આસામમાં ભાજપ હૅટ-ટ્રિક કરશે એવી આગાહી એક્ઝિટ પોલે કરી છે. ૧૨૬ બેઠકવાળી વિધાનસભામાં કૉંગ્રેસે સૌથી વધારે એટલે કે ૯૯ ઉમેદવારો ઊભા રાખ્યા હતા. આ રાજ્યમાં મતની ટકાવારી ૮૫.૯૬ રહી હતી.

કેરલમમાં ૨૦૨૪ લોકસભાની ચૂંટણી અને હાલની સ્થાનિક ચૂંટણીમાં સારા દેખાવને લીધે કૉંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટનો હાથ થોડો ઉપર છે. લેફ્ટ ડેમોક્રેટિક પ્રન્ટ (એલડીએફ) છેલ્લી બે મુદતથી સત્તા પર છે. જો ડાબેરી મોરચો હારી જશે તો ૧૯૬૦ના દાયકા પછી પહેલી વાર બનશે કે તે ભારતના કોઈ રાજ્યમાં સત્તા પર નહીં હોય. રાજ્યની ૧૪૦ બેઠક માટે ૮૮૩ ઉમેદવાર ઊભા હતા.

તમિળનાડુમાં ડીએમકે સતત બીજી મુદત માટે આશાવાદી છે. તેને એઆઈડીએમકે અને એક્ટર-રાજકારણી વિજયની આગેવાની હેઠળની ટીવીકેનો પડકાર છે. એક્ઝિટ પોલ પ્રમાણે ડીએમકે જીતી જશે. પુડુચેરીમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએનો હાથ ઉપર છે. કૉંગ્રેસ-ડીએમકેનું જોડાણ પાછળ હોવાનું એક્ઝિટ પોલનું અનુમાન છે. વિધાનસભાની ૩૦ બેઠક છે. ગોવા, કર્ણાટક, નાગાલૅન્ડ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં નવ બેઠકની પેટાચૂંટણી થઈ હતી અને એનું પરિણામ પણ સોમવારે આવશે. (એજન્સી)

### યુદ્ધના અંત

ઇરાન વચ્ચે ઇસ્લામાબાદમાં યોજાયેલો શાંતિ-મંત્રણાનો પ્રથમ તબક્કો નિષ્ફળ ગયો હતો અને બીજા તબક્કાની મંત્રણા માટે અમેરિકા અને ઇરાનના અધિકારીઓ એકબીજાને મળ્યા જ નહોતા. ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ ઓમાનના વિદેશપ્રધાન બદર અલ બુસૈદીની સાથે રવિવારે મંત્રણા કરી હતી.

ઇરાનની સંસદના નાયબ સ્પીકરે રવિવારે જણાવ્યું હતું કે ઇરાન હોર્મુઝ સામુદ્રધુનીને લગતા પોતાના વલણમાંથી પીછેહઠ નહિ કરે અને યુદ્ધ પહેલાંની પરિસ્થિતિમાં નહિ જાય.

સ્પીકર અલી નિકઝાદે હોર્મુઝ ખાડીની નજીકના વ્યૂહાત્મક લારાક ટાપુની મુલાકાત લીધી હતી અને જણાવ્યું હતું કે હોર્મુઝ ખાડી ઇસ્લામિક પ્રજાસત્તાક ઇરાનની જ છે. ઇરાને યુદ્ધ દરમિયાન વેપાર અને સંપત્તિને થયેલા નુકસાનનું વળતર મેળવવા યોજના ઘડી છે. ટ્રમ્પે કરેલી નાકાબંધી નિષ્ફળ જશે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રવિવારે એવી ધમકી આપી હતી કે જો ઇરાન ગેરવર્તણૂક કરશે તો અમે ઇરાન પર ફરી ત્રાટકીશું. જોકે આ સાથે તેમણે એવી પણ કબૂલાત કરી હતી કે અત્યારે સ્થગિત કરેલા યુદ્ધને સમાપ્ત કરવાના ઇરાનની નવી દરખાસ્તોને હું તપાસી રહ્યો છું.

રવિવારે એક અધિકારીએ એવી માહિતી આપી હતી કે ઇરાને શાંતિ મંત્રણામાં ચાલુ મડાગાંઠને તોડવા બહુસ્તરીય દરખાસ્ત મોકલી છે.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે પશ્ચિમ એશિયાની લડાઈ બંધ કરવા માટેની ઇરાનની નવી દરખાસ્તથી મને સંતોષ થયો નથી ટ્રમ્પે એવો ઈશારો કર્યો હતો કે હું એવી કોઈ દરખાસ્ત સ્વીકારીશ નહીં જેમાં તહેરાનના અણુ કાર્યક્રમ અંગેની ગેરન્ટી નહીં હોય. અમેરિકા અને ઇઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર હુમલો કર્યો હતો. આઠ એપ્રિલથી યુદ્ધવિરામ લાગુ છે. ઇરાન અને અમેરિકા વચ્ચે શાંતિ મંત્રણાનો એક રાઉન્ડ થયો છે.

અધિકારીએ માહિતી આપી હતી કે ઇરાનની નવી દરખાસ્તમાં તંગદિલી તબક્કાવાર ઘટાડવાની દરખાસ્ત છે. આમાં લડાઈ અટકાવવાના પગલાં અને તહેરાનના અણુ કાર્યક્રમ અંગેના લાંબા ગાળાના સંકીર્ણ વિવાદને અલગ પાડવાની દરખાસ્ત છે. અધિકારીના જણાવ્યા પ્રમાણે આ દરખાસ્તના ત્રણ ઘટકો છે. પહેલા પગથિયામાં તંગદિલી ઘટાડવાના તત્કાળ પગલાં લેવાની વાત છે. ઈરાન અમેરિકા નાકાબંધી હટાવે તો હોર્મુઝ સામુદ્રધુની ખુલ્લી કરવાની દરખાસ્ત મૂકી છે. ટ્રમ્પ મિયામીથી પામ બીચ જઈ રહ્યા હતા ત્યારે તેમણે પત્રકારોને કહ્યું હતું કે ઈરાને છેલ્લા ૪૭ વર્ષથી માનવતા સાથે જે કર્યું એની હજી કિંમત ચુકવી નથી. (એજન્સી)

## છેલ્લા પાનાનું ચાલુ

### નરાધમને ફાંસી

આવે, જ્યાં સુધી મારી પુત્રીને યોગ્ય ન્યાય નહીં મળે, એ નરાધમને જ્યાં સુધી ફાંસી ન અપાય ત્યાં સુધી એકેય રાજકારણીએ મારા ઘરે અમને મળવા ન આવવું, એવી મારી વિનંતી છે. એ નરાધમને જ્યારે ફાંસી અપાશે ત્યારે જે રાજકારણીઓ અમને મળવા માગતા હોય તેમને અમે મળશું, એમ બાળકીના પિતાએ જણાવ્યું હતું. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવાર, શિવસેનાનાં નેતા નીલમ ગોર્હે તેમ જ ભાજપના રાજ્યસભાનાં સભ્ય મેધા કુલકર્ણી સહિત અનેક રાજકારણીઓએ બાળકીના ઘરની મુલાકાત લીધી હતી અને શોક વ્યક્ત કર્યો હતો.

### વિધાન પરિષદની

હતી. જ્યારે ચાર અપક્ષ ઉમેદવારોની અરજીઓ સૂચક અને સમર્થન ન હોવાથી અમાન્ય જાહેર કરવામાં આવી હતી. વિધાન પરિષદની એક બેઠક માટે યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપના પ્રજ્ઞા સાતવની અરજી માન્ય જાહેર કરવામાં આવી છે. આ પેટાચૂંટણી માટે એક અપક્ષ ઉમેદવારે અરજી દાખલ કરી હતી. આ અરજીમાં પ્રસ્તાવક અને મંજૂરકર્તાની સહીઓ ન હોવાથી તેને ફગાવી દેવામાં આવી હતી. આ ચૂંટણીમાં ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની અંતિમ તારીખ ચોથી મે છે. આ સમયમર્યાદા પછી, ઉમેદવારને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે.

ક્યા ઉમેદવારોની અરજીઓ માન્ય?

ભાજપ: સુનિલ કરજતકર, માધવી નાઈક, સંજય ભેંડે, વિવેક કોલ્હે અને પ્રમોદ જઠાર

શિવસેના શિંદે જૂથ: ડો. નીલમ ગોર્હે, બચ્ચુ કડુ

એનસીપી (અજિત પવાર જૂથ): ઝીશાન સિદ્દીકી

શિવસેના (યુબીટી): અંબાદાસ દાનવે

### મુંબઈ એરપોર્ટ

જ્યુડિશિયલ કસ્ટડી ફટકારી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન કસ્ટમ્સ વિભાગે એરપોર્ટ પર બે દિવસમાં ૧.૭૯ કરોડ રૂપિયાનો ઇલેક્ટ્રોનિક સામાન, કોસ્મેટિક્સ, સિગારેટ અને સોનું જપ્ત કર્યું હતું અને આ પ્રકરણે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી ૧ અને ૨ મેના રોજ કરાઇ હતી. દુબઇથી આવેલા પ્રવાસી પાસેથી ૯૫ લાખ રૂપિયાનું સોનું મળી આવતાં તેની ધરપકડ કરાઇ હતી.

### આઠ વર્ષની બાળકી

હતો. માતા બાદમાં તેની પુત્રીને લઇ પોલીસ સ્ટેશનમાં પહોંચી હતી અને ફરિયાદ નોધાવી હતી, જેને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી આઠ વર્ષની બાળકી સાથે દુષ્કર્મની ઘટનાની વાત અન્યત્ર ફેલાતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો.

### હવે કેટલાક

બની હતી, જ્યારે કેટલાક જનપ્રતિનિધિઓએ વિધાનસભામાં દરખાસ્તો રજૂ કરી રહ્યા હતા. આ પૃષ્ઠભૂમિ સામે, સરકારે આ સંદર્ભમાં સ્પષ્ટ માર્ગદર્શિકા નક્કી કરવાનો નિર્ણય લીધો હતો.

બીજી તરફ, આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ તરફથી પણ કેટલીક ગંભીર ફરિયાદો પ્રકાશમાં આવી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે કેટલાક દોષી જનપ્રતિનિધિઓએ ઓફિસમાં આવ્યા પછી અધિકારીઓનું સ્વાગત કરીને ઉભા થવું પડતું હતું. આ પરિસ્થિતિ વહીવટી કાર્યને અસર કરી રહી છે તે સમજીને, રાજ્ય સરકારે આ બાબતની ગંભીર નોંધ લીધી હતી.

રાજ્ય સરકારે ૧૭ જુલાઈ, ૨૦૧૫થી ૨૦ ઓગસ્ટ, ૨૦૨૧ વચ્ચે જારી કરાયેલા વિવિધ પરિપત્રોને એકીકૃત કરીને આ નવો આદેશ તૈયાર કર્યો છે. આ આદેશમાં જનપ્રતિનિધિઓને સન્માન આપવાની મર્યાદા અને નિયમો વધુ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

નવા આદેશ મુજબ, સરકારી કચેરીઓ અથવા જાહેર કાર્યક્રમોમાં ફોજદારી અથવા અન્ય કેસોમાં દોષી ઠરેલા વિધાનસભ્યો/સાંસદોની પૂછપરછ અથવા સુનાવણી માટે પક્ષકાર તરીકે હાજર રહેલા વિધાનસભ્યો/સાંસદોને વિશેષ સન્માન આપવાની જરૂર નથી. સ્પષ્ટતા કરવામાં આવી છે કે અધિકારીઓએ તેમની સાથે સામાન્ય નાગરિકોની જેવું વર્તન કરવું.

### સરકાર મૃત્યુદંડ

વર્ષની પીડિતાના પરિવાર સાથે વાત કરી હતી અને તેમને સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

'મેં પીડિતાના પિતા સાથે બે વાર વાત કરી હતી અને મેં તેમને કહ્યું હતું કે અમે આરોપીઓને ફાંસીની સજા અપાવવા માટે કામ કરીશું. તે મુજબ, અમે કેસ ફાસ્ટ ટ્રેકમાં ચલાવીશું અને રેકોર્ડ સમયમાં પૂર્ણ કરીશું,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે જ્યારે લોકો જઘન્ય ગુનાઓના કેસમાં આરોપીઓને જાહેરમાં ફાંસી આપવાનું વિચારે છે, પરંતુ કાયદા દ્વારા ચાલતી લોકશાહીમાં તે કરી શકાતું નથી.

ફડણવીસે કહ્યું કે બળાત્કાર-હત્યા કેસની તપાસ કડક રહેશે જેથી પાછળથી કોઈ છટકબારી ન રહે જેનો દુરુપયોગ થઈ શકે અને રાજ્ય સરકાર આરોપીઓને ફાંસીની સજા સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરશે.

તેમણે કહ્યું હતું કે સરકારે પીડિતાના પરિવારને પણ પત્ર લખીને તેમને સમર્થન આપવાની ખાતરી આપી છે. રાજ્યમાં વધતા ગુનાના ગ્રાફ અંગે તેમના નેતૃત્વ હેઠળના ગૃહ વિભાગ સામેની ટીકા અંગે પૂછવામાં આવતા, ફડણવીસે કહ્યું કે જ્યારે વિપક્ષનું કામ ટીકા કરવાનું છે, ત્યારે તે સત્તાધારીઓએ પોતાની નિષ્ફળતાઓનું આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

### પાલઘરની

ફંડ'નો ઉપયોગ કર્યો હતો. જોકે આ ભંડોળ ફક્ત વિકાસલક્ષી કાર્ય માટે છે. કૉન્ટ્રેક્ટ પર રહેલા અન્ય કર્મચારીઓ દ્વારા કાયદાકીય કાર્યવાહીના ડરે વહીવટી તંત્રએ આ વર્ગ સ્થગિત કરી દીધા હોવાનું કહેવાય છે. શિક્ષણ વિભાગે નિર્દેશ આપ્યો છે કે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓએ ૧૦ જૂન સુધીમાં નજીકની ખાનગી માધ્યમિક શાળાઓ અથવા સરકારી આશ્રમમાં એડમિશન લઈ લેવા. જોકે નિષ્ણાતો અને સામાજિક કાર્યકર્તાઓ આશંકા વ્યક્ત કરી છે કે દૂરની શાળાઓમાં મુસાફરી કરીને આદિવાસી પ્રભુત્વ ધરાવતા જિલ્લામાં ખાસ કરીને મહિલા વિદ્યાર્થીઓમાં ડ્રોપઆઉટ દરમાં મોટો વધારો થઈ શકે છે. શ્રમજીવી સંગઠનના સ્થાપક અને સ્ટેટ ટ્રાઈબલ ડેવલપમેન્ટ રીન્યુ કમિટીના અધ્યક્ષ વિવેક પંડિતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને તેમના હસ્તક્ષેપની માગણી કરી છે. (પીટીઆઈ)

### પ્રફુલ પટેલ

ગયું હતું. પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના બે દિવસ પહેલા, પોલીસે પુણેમાં અરોરાની કંપનીની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. અજિત પવારે પણ આ અંગે પોતાની અસંમતિ વ્યક્ત કરી હતી. અરોરાએ પ્રસ્તાવ મૂક્યો હતો કે અજિત પવારના મૃત્યુ પછી, પ્રફુલ પટેલને પાર્ટી પ્રમુખ અને સુનેત્રા પવારને નાયબ મુખ્ય પ્રધાન તરીકે ચૂંટવામાં આવે. આનાથી પાર્ટીમાં ખળભળાટ વધ્યો હતો. તાજેતરમાં, અરોરાને સોંપવામાં આવેલ પ્રચાર કાર્ય છીનવી લેવામાં આવ્યું હતું. હવે એવી ચર્ચા ચાલી રહી છે કે પ્રફુલ પટેલ અને પાર્થ પવાર વચ્ચેના વિવાદને કારણે અરોરાને હાંકી કાઢવામાં આવ્યા હતા. પાર્ટીની નિર્ણય લેવાની પ્રક્રિયામાં પાર્થ પવારનો વધતો પ્રભાવ પાર્ટીમાં જૂના લોકોને પરેશાન કરી રહ્યો છે. વિધાન પરિષદની ચૂંટણી માટે ઉમેદવાર નક્કી કરતી વખતે, પાર્થે પુણે સ્થિત ઉદ્યોગપતિના પુત્રના નામનો આગ્રહ રાખ્યો હતો, પરંતુ એવું કહેવાય છે કે સ્થાપિત વર્તુળો દ્વારા આ નામનો વિરોધ કરવામાં આવ્યો હતો. અંતે, ભૂતપૂર્વ વિધાનસભ્ય ઝીશાન સિદ્દીકીને નોમિનેશન આપવામાં આવ્યું. એ પણ નોંધનીય છે કે પ્રફુલ પટેલ અને સુનીલ તટકરેના જિલ્લાઓમાં પાર્ટીના સ્થાનિક કાર્યક્રમોમાં મંચ પર લગાવવામાં આવેલા બેનરોમાં અજિત પવાર અને સુનેત્રા પવારના ફોટા નહોતા.

### મને ફસાવવામાં

માગણી કરતી વખતે મહત્ત્વાના મુદ્દા રજૂ કર્યા હતા. આરોપીના તબીબી પરીક્ષણ કરવાની જરૂર છે. આરોપીએ અગાઉ પણ આવા ગુના આચર્યા હોવાથી તે અંગે તપાસ કરવી જરૂરી છે. ઉપરાંત બાળકીને લઇ જતી વખતે આરોપીને જોનારા સાક્ષીદારોનાં નિવેદન નોંધવાના તથા હત્યા માટે વપરાયેલું હથિયાર જપ્ત કરવાનું હોવાથી આરોપીને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવે, એવી માગણી સરકારી વકીલે કરી હતી.

### મિસિંગ લિંક પર

જોવા મળ્યા. આના ઉકેલ તરીકે એમએસઆરડીસી એ મિસિંગ લિંક પર વાહનો રોકનારા ડ્રાઇવરો સામે કાર્યવાહી કરવા માટે પગલાં લીધાં છે. આ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેકનોલોજીની મદદ લેવામાં આવી રહી છે.

હાલમાં મિસિંગ લિંક પર ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી છે. તે મુજબ કાર માટે ગતિ મર્યાદા ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક અને બસો માટે ૮૦ કિલોમીટર પ્રતિ કલાક છે. આનું ઉલ્લંઘન કરનારાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. અત્યારે, મિસિંગ લિંક પર માત્ર કાર અને બસોને મંજૂરી છે, પરંતુ ભારે વાહનોને મંજૂરી નથી. આ નિયમ ૩૧ ઓક્ટોબર સુધી અમલમાં છે, ત્યારબાદ ભારે વાહનો અંગે નિર્ણય લેવામાં આવશે, એમ એમએસઆરડીસી એ સ્પષ્ટતા કરી છે.

### મુંબઈ ડિવિઝનથી

છે, તેથી કોલેજોની પ્રતિષ્ઠાને આ પરિણામોથી ભારે અસર થશે. થાણે જિલ્લાની કેટલીક કોલેજોમાં ખૂબ ઓછા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શક્યા. આમાં એક વિચિત્ર ઘટના બની. અંબાડીની એક કોલેજમાં કોમર્સ શાખામાં ફક્ત એક જ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી અને તે પણ નાપાસ થયો, જેના કારણે આ પ્રવાહનું પરિણામ શૂન્ય ટકા આવ્યું હતું. બીજી તરફ પિંપળની એક કોલેજના વિજ્ઞાન પ્રવાહમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. ઘણી જગ્યાએ કોમર્સના બધા વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા, જ્યારે અન્ય શાખામાં સારી સફળતા મેળવી હતી. કલ્યાણની આર.કે. જુનિયર કોલેજમાં કોમર્સમાં માત્ર બે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને બંને વિદ્યાર્થીઓ નાપાસ થયા, પરંતુ આર્ટ પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું. તેવી જ રીતે કેટલીક કોલેજોમાં, વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહોએ સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ કલા પ્રવાહમાંથી એક પણ વિદ્યાર્થી પાસ થયો નથી.

### ભાજપના તમામ

સંખ્યાબળથી વિરોધ કર્યો હતો. વડાલાના એક જમીનનો પ્લોટ ડેવલપરને આપવા બાબતનો પ્રસ્તાવ તાકીદના કામકાજ તરીકે લાવવામાં આવ્યો હતો અને સત્તાધારીઓને તેને બાજુએ રાખવો પડયો હતો. પાલિકાની મહાસભામાં મળેલી કારમી હાર ભાજપના વરિષ્ઠ નેતાઓ પચાવી શક્યા નથી. એટલે જ તેમના આદેશ મુજબ પાલિકામાં સભાગૃહ નેતા ગણેશ ખણકરે તમામ ૮૯ નગરસેવકોને નોટિસ ફટકારીને તેમની પાસેથી ખુલાસો માગ્યો છે. આ પ્રકરણમાં તમામ નગરસેવકોને નોટિસ મોકલવામાં આવી હોઈ બે દિવસમાં જવાબ આપવાનું કહેવામાં આવ્યું હતું. બે દિવસ પહેલા તમામ નગરસેવકોને સમયસર હાજર રહેવાની સૂચના આપવામાં આવી હતી. તેથી દરેક નગરસેવક સભાગૃહમાં કેટલા વાગે આવ્યો હતો અને મોડું કેમ થયું તે બાબતે સ્પષ્ટકીરણ તેમની પાસેથી માગવામાં આવ્યું હોવાનું ગણેશ ખણકરે કહ્યું હતું. ગયા અઠવાડિયામાં સામાન્ય સભામાં બજેટ પર સતત ચર્ચા ચાલી રહી હતી, જેમાં સવારના ૧૧ વાગ્યાથી મોડી રાત સુધી સભા ચાલતી હતી.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## મુસ્લિમ મરણ

**દાઉદી વોરા**

આબીદભાઇ ફીદાઅલીભાઇ લાલા તે મરહુમ એમદાદહુસેનભાઇ, હાતીમભાઇ, ઝહેરાબેન, ઝરીનાબેનના ભાઇ. તે આસીફભાઇ અને અશરફભાઇ (આમીરભાઇ)ના કાકાજી. બાનુબેન લાલાના દેવર. તા. ૩ મે રવિવારના રોજ વફાત થયા છે. એમના બીજયા ને ત્રીજયાના સીપારા તા. ૪ મે સોમવારે બદરી મહેલની મસ્જિદમાં રાખવામાં આવ્યા છે.

# પત્ની સાથે અનૈતિક સંબંધની શંકા પરથી પતિએ ચાકુના ઘા ઝીંકી યુવકની કરી હત્યા

મુંબઈ: મુલુંડમાં પત્ની સાથે અનૈતિક સંબંધ હોવાની શંકા પરથી પતિએ ચાકુના ઘા ઝીંકી યુવકની હત્યા કરી હોવાની ઘટના શનિવારે રાતે બની હતી. મુલુંડ પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને પતિની ધરપકડ કરી હતી. મુલુંડ પશ્ચિમમાં જે.એન. રોડ પર સાઇનાથ પ્લાઝા સામે શનિવારે રાતે ૯.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. મૃતકની ઓળખ સંતોષકુમાર બિંદ તરીકે થઇ હતી. મુલુંડ પોલીસે આરોપી રાકેશકુમાર ધીવરની ધરપકડ કરી હતી, જે મુલુંડના ઇન્દિરાનગરમાં રહે છે. કોર્ટે તેને ૭ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે આરોપી રાકેશકુમારને શંકા હતી કે તેની પત્ની અને સંતોષકુમાર વચ્ચે અનૈતિક સંબંધ છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

હરમડીયા નિવાસી હાલ ડોંબીવલી સ્વ. રમણીકલાલ જેચંદભાઇ મડીયાના સુપુત્ર અજય (ઉં. વ. ૫૧) તા. ૨-૫-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. રૂષભ તથા મૈત્રીના પિતાશ્રી. તે ઉષાબેનના પતિ. તે રાજેશ તથા દિનેશ મડીયાના નાનાભાઇ. તે ગઠડા સ્વામીના નિવાસી ચંદુલાલ પ્રેમચંદભાઇ દોશીના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી દિગંબર મુમુક્ષુ જૈન**

સોનગઢ નિવાસી હાલ ગ્રાન્ટ રોડ પરેશભાઇ લક્ષ્મીકાંતભાઇ કામદાર (ઉં.વ. ૬૬) તા. ૨-૫-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. નીતાબેનના પતિ. હિમા વિક્કીકુમાર મહેતા, જૈનિલના પિતાશ્રી. ભરતેશભાઇ, કિરણભાઇ, અંજુબેન પ્રકાશભાઇ સોઢા તથા જયનાબેન દિલીપભાઇ પંચમિયાના ભાઇ. ભાવિકાના સસરાજી. સસુર પક્ષે છબીલદાસ ભગવાનજીભાઇ દોશી (સાવરકુંડલા)ના જમાઇ. અવિક, દેવિક તથા ઇવાનના દાદા-નાના. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. સલીમ કમ્પાઉન્ડ, ૧૨મી ખેતવાડી ક્રોસ લેન, ગ્રાન્ટ રોડ, (પૂર્વ).

## હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા**

ગં. સ્વ. આશા (પુષ્પા) આણંદજી પુરેચા (ઉં. વ. ૮૪) તે સ્વ. આણંદજી લક્ષ્મીદાસ પુરેચાના ધર્મપત્ની. સ્વ. ખીમજી ધનજી નેગાંધીના સુપુત્રી. હેમંત, સ્વ. અશ્વિન, હર્ષદના માતુશ્રી. સ્મિતા અને શોભનાના સાસુમા. સ્વ. ધવલ, અ. સૌ. શેફાલી ચિરાગ નાકરાની, અ. સૌ. ઝંખના ધર્મેશ કાપડિયા, અ. સૌ. પ્રેરણા રોહિત કાપડિયાના દાદી તા. ૧-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૪-૫-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. સર્વોદય હોલ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગામ કચ્છ ભુજ હાલ ઘાટકોપર મુંબઇ સ્વ. જોશી ગૌરીશંકર નારાયણ (શિવ)ના સુપુત્ર પરિમલભાઇ (ઉં. વ. ૭૪) તા. ૨૩-૪-૨૬ના જાપાનમાં અવસાન થયેલ છે. મીનાના પતિ. પરીના, મીમલના પિતા. રચનાના સસરા. મીરના દાદા. ગીતાબેન જોશી, શીલા પરેશ જોષી, સ્વ. અશોક, નરેન્દ્રના ભાઇ. સ્વ. ગોવિંદજી હરિરામ ઠક્કરના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

યોગિની મોહિતકુમાર સાહિતા, અમિત એમ. સાહિતા અને નમિતા સાહિતાનાં માતુશ્રી. તથા અશોક સામાણી અને ભારતી ઠક્કરના બેન તા. ૩૦-૪-૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૫-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. આઇ.એમ.સી. ચર્ચગેટ ખાતે રાખવામાં આવી છે.

**કપોળ**

ડુંગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. નાગરદાસ દુર્લભદાસ મહેતાના ધમપત્ની પદમાબેન (ઉં. વ. ૮૨) તા. ૨-૫-૨૬ના શનિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે હિમાંશુ, સ્વ. સુશીલા પ્રવીણચંદ્ર પારેખ, સ્વ. રાજેશ, બીના અમર ગનાતેના માતુશ્રી. તૃપ્તિના સાસુ. કરન અને નીલના દાદી અને પિયર પક્ષે ખાટસુરાવાળા સ્વ. રતિલાલ ભાણજી મહેતાના દીકરી. લૌકિક પ્રથા બંધ રાખી છે.

**કપોળ**

ડેડાણ (જાફરાબાદ)વાળા હાલ કાંદિવલી સ્વ. જયાલક્ષ્મી નગીનદાસ ચિતલિયાના પુત્ર કિર્તીભાઇ (ઉં. વ. ૬૯) તે સ્વ. રેખાના પતિ. તે શ્રુતિ-લક્ષાંક અને ક્રિશા-દિવ્યેશના પિતા. તે મૃદુલાબેન દોશી, સ્વ. ઉષાબેન મહેતા, કૃષ્ણાબેન ગાંધી અને જયપ્રકાશના ભાઇ. તે બોટાદવાળા પ્રતાપરાય ત્રિભોવનદાસ મહેતાના જમાઇ. તે ધૈર્ય, ધ્રુવી, ઉન્નતી અને નિયતિના દાદા શનિવાર, તા. ૨-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૪-૫-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. કેવળ બાગ, ૫, કિલાચંદ રોડ, જેઠવા નગર, કાંદીવલી (વેસ્ટ).

**સિહોર સં.ઔ.અ. બ્રાહ્મણ**

ઘાંઘળી નિવાસી હાલ ભાવનગર ભૂપતરાય ભગવાનજી પંડ્યા (ઉં. વ. ૯૫) તા. ૨-૫-૨૬ના શનિવારે સ્વર્ગવાસ થયેલ છે. તે શારદાબેન ના પતિ. શૈલેષ, કિશોર, ધીરેન, ભાવનાબેનના પિતા. કલ્પનાબેન, જ્યોતિબેન, સંજય દવેના સસરા. રોનક, એકતા, ઝરણા, નમ્રતા, કુશ અને જીલના દાદા. સ્વ. પ્રભાબેન, સ્વ. વિજયાબેન, સ્વ. રમાબેન, સ્વ. શાંતાબેન, સ્વ. જશુબેન, સ્વ. ચંપાબેન, સ્વ. ગુલાબભાઈ, સ્વ. છેલભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. મહેશભાઈના ભાઈ. સ્વ. આનોપરામ માવજી ભટ્ટના જમાઈ.

**પરજીયા સોની**

મૂળ ગામ વિરડી હાલ કાંદીવલી, મગનલાલ દેવરાજભાઈ સતીકુંવર (ઉં. વ. ૮૭) રવિવાર, ૩-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વનીતાબેનના પતિ તથા કોડીનારવાળા સ્વ. જમનાદાસ વશરામભાઈ સાગરના જમાઈ. સ્વ. મૂળજીભાઈ, સ્વ. ધીરુભાઈ તથા શારદાબેન વસંતભાઈ ધકાણના ભાઈ. મધુબેન વિનોદરાય ધકાણ, કાંતાબેન નરોત્તમદાસ સાગર, કિશોરભાઈ, પ્રફુલભાઈ તથા હસમુખભાઈના પિતાશ્રી તેમ જ વર્ષાબેન, પારુલબેન તથા હીનાબેનના સસરાજી. તેમની પ્રાર્થનાસભા તા. ૪/૫/૨૬ના રોજ ૫ થી ૬.૩૦ શ્રી સોનીવાડી, સિંપોલી રોડ, બોરીવલી (પશ્ચિમ) ખાતે રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જયેશ પોપટલાલ ઠક્કરાર (ઉં.વ.૫૯) તે બળેજ વાળા સ્વ.પોપટલાલ કુરજી ઠકરાર તથા સ્વ.ચંપાબેન પોપટલાલ ઠકરારના મોટા દીકરા. મીનાબેનના પતિ. હર્ષ તથા સ્નેહાના પિતા. અ.સૌ.વર્ષાબેન જગદીશભાઈ ઓઝા, હરેશ, શૈલેષના ભાઈ તથા સસરા પક્ષે કાકુભાઈ જમનાદાસ વસંતના જમાઈ તા. ૩/૫/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમનું બેસણું સોમવાર, તા. ૪/૫/૨૬ના સાંજે ૪ થી ૬ રાજસ્થાન હોલ, ૬૦ ફિટ રોડ, ભાયંદર પશ્ચિમ ખાતે રાખેલ છે.


**દમણીયા દરજી**

ગં. સ્વ કમલેશબેન જવાહર દમણીયા (ઉં.વ. ૭૭) તે સ્વ. જવાહરભાઈ વલ્લભદાસ દમણીયાના ધર્મપત્ની. સ્વ. તરવેણીબેન વલ્લભદાસ દમણીયાના પુત્રવધૂ. સ્વ. ભાનુમતી પરમાનંદ દમણીયાના દીકરી. હિતેશ તથા રિકેશના માતુશ્રી. નિમીષા તથા મમતાના સાસુ તે ૨૪/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૫/૫/૨૬ના ૪ થી ૬ કલાકે બચ્ચાંની નગર બિલ્ડીંગ, બી ૬, મોરૂમલ મેંશનની સામે, મલાડ ઈસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# કર્મફળથી ક્યાં સુધી બચશો?





માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

ગોસ્વામીજીનું દૃઢ માનવું છે કે જીવ ક્યાંય પણ જાય પરંતુ કર્મ એનો પીછો કરે છે. કર્મ જીવનું જરાય તાડન ન કરી શકે એટલા માટે જીવનું કર્તવ્ય છે કે એ ઋષ્યમૂક પર ચાલ્યો જાય. ઋષ્યમૂક પર્વતનો અર્થ છે સત્સંગ. સત્સંગની ઊંચાઈ છે સાધુસંગ. ઋષ્યમૂક પર્વતનો અર્થ કરો તો ઋષિનું મુખ. ઋષિનું મુખ એટલે સદ્વચન. જ્યાં સદ્વાર્તા થતી હોય, સદ્કથા થતી હોય, સદ્ચર્ચા થતી હોય, સદ્સંવાદ થતો હોય એવી મહેફિલમાં જવું એટલે કર્મથી બચવું. અને આ પ્રવૃત્તિઓ, આપણાં કર્મો, આપણી આધિ-વ્યાધિઓ અને ઉપાધિઓ; આપણે જીવ છીએ,અનેક પ્રકારની સમસ્યાઓ આપણી પાછળ દોડી રહી છે, પરંતુ જો આપણે સત્સંગમાં ચાલ્યા જઈએ છીએ તો ત્યાં કર્મરૂપી વાલિ નથી આવી શકતો. જ્યાં સુધી આપણે અહીં કથાના હૉલમાં છીએ ત્યાં સુધી કર્મ નથી આવતું, કેમ કે આપણે ઋષ્યમૂકમાંથી નીકળીએ છીએ ત્યાં જ આપણી પ્રવૃત્તિઓનો વાલિ આપણને પકડી લે છે! અને નિરંતર સત્સંગમાં બેસી રહેવાનું પણ આપણા માટે સંભવ નથી. કેમ કે આપણા બધાની પ્રવૃત્તિઓ છે. આપણે દેશ-કાળ આધીન છીએ, પરંતુ માણસ જેટલો સત્સંગમાં જીવે એટલો કર્મથી બચી શકે. અને સત્સંગનો મતલબ એવો નથી કે મોરારિબાપુ બોલે અને તમે સાંભળો. મરીઝસાહેબનો એક ગુજરાતી શે'ર છે-

બે જણા દિલથી મળે તો એક મજલિસ છે મરીઝ,

દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી.

દિલવાળા માત્ર બે જણા મળી જાય તો પણ એક મહેફિલ છે અને દિલ વગર લાખો મળે તો પણ એને સભા નથી કહેવાતી.

મારાં યુવાન ભાઈ-બહેનો, જીવ પાસે ઉચ્છા છે, પરંતુ સામર્થ્ય નથી. આપણે જીવ છીએ. આપણી પાસે ઈચ્છાઓ ઘણી છે પરંતુ સામર્થ્ય નથી કે આપણે હર ઈચ્છા પૂરી કરી શકીએ ! પરમાત્મા પાસે સામર્થ્ય છે પરંતુ ઈચ્છા નથી. પરમાત્મા એને કહેવાય છે જેનામાં ઈચ્છાનો નિતાંત અભાવ છે અને સામર્થ્ય ભરપૂર છે. અને આપણે એવા છીએ કે આપણી પાસે ઈચ્છાઓ ઘણી છે, સામર્થ્ય બિલકુલ નથી! કથા ઈચ્છા અને સામર્થ્યને ભેગાં કરી દે છે. અને ત્યારે જીવનના રસમાં આપણે ડૂબી જઈએ છીએ. સુગ્રીવમાં ઈચ્છા ઘણી છે, સામર્થ્ય નથી. રામમાં સામર્થ્ય ઘણું છે પરંતુ જો રામને બ્રહ્મ સમજો તો રામમાં કોઈ ઈચ્છા નથી. અને અહીં ઋષ્યમૂક પર્વત પર જે મિલન થવાનું છે એમાં ઈચ્છાગ્રસ્ત જીવ અને સામર્થ્યમયી શિવનું મિલન છે. પરંતુ એમાં વચ્ચે મિલન કરાવનારા કોઈ હનુમાન જોઈએ. અને હનુમાનને હું કહું છું બુદ્ધપુરુષ. અને હનુમાનતત્ત્વને કહું છું સદ્ગુરુ. ઘણા લોકો કહે છે કે ગુરુની જરૂર નથી. જેમને જરૂર ન હોય એમને ઠીક છે. હું ત્રણ વસ્તુ તમને કહું. તમારી કોઈ પણ ઈચ્છા ન હોય તો તમારે ગુરુની કોઈ જરૂર નથી. તમારામાં વિષયની કોઈ કામના ન હોય તો તમારે ગુરુની જરૂર નથી. અને તમે પૂર્ણ નિર્ભીક હો તો તમારે ગુરુની જરૂર નથી. હું બહુ જવાબદારી સાથે કહી રહ્યો છું. સુગ્રીવને હનુમાનની જરૂર છે કેમ કે સુગ્રીવ નિર્ભીક નથી, સુગ્રીવ નિર્વિષયી નથી અને સુગ્રીવ ઈચ્છામુક્ત નથી. જો જીવ અભય હોય, નિર્વિષયી હોય, ઈચ્છાથી મુક્ત હોય તો ગુરુની જરૂર નથી.

મારાં ભાઈ-બહેનો, આપણે ભયભીત છીએ, વિષયી છીએ. આપણી નબળાઈઓની કોઈ સીમા નથી. એટલા માટે આપણે કોઈ બુદ્ધપુરુષની જરૂર છે. સુગ્રીવ પ્યારો લાગે છે. એનામાં નબળાઈઓ હોવા છતાં કાળા આકાશમાં થોડી વીજળી ચમકી રહી છે.એ બિચારો જુએ છે પરંતુ નિર્ણય નથી કરી શકતો તો વિચાર્યું, હવે હું મારા ગુરુની આંખો પર ભરોસો કરું. હે હનુમાનજી, આપ બ્રહ્મચારીનું રૂપ લઈને જાઓ અને એ કોણ છે એનો પરિચય કરો. હું ઈશ્વરને નથી ઓળખી શકતો; મારા ગુરુ મને ઓળખ કરાવી દે. ગુરુતત્ત્વ બહુ જરૂરી છે.

- સંકલન : જયદેવ માંકડ ■

## એક જ વાર પ્રકાશેલો હું

મનન
હેમંત વાળા
feedback@bombay samachar.com



ઉપનિષદોમાં બ્રહ્મ વિશે ઘણી વાતો કહેવાઈ છે. આ બધી વાતોના સાર સ્વરૂપે આદિ શંકરાચાર્યે ઉપદેશસાહસ્રીની રચના કરી છે. અહીં તેમણે બ્રહ્મ વિશે વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે બ્રહ્મ એક જ વાર પ્રકાશિત થયેલું છે. આ બ્રહ્મ સાથે તેમણે આત્માનો સંબંધ દર્શાવ્યો છે, સ્થાપિત કર્યો છે. અદ્વૈતવાદની વિચારધારા પ્રમાણે આ આત્મા અને પરમાત્મા એક જ છે, એક જ અસ્તિત્વની પ્રતીત થતી બે ભિન્ન અભિવ્યક્તિ છે. બ્રહ્મસૂત્રના ભાષ્યમાં પણ તેમણે બ્રહ્મ વિશે વધુ ચોખવટ કરી છે.

શંકરાચાર્યની વિચારસરણી વેદાંતના અદ્વૈતવાદનું અનુમોદન કરે છે. બ્રહ્મ સાથે આત્માની, સ્વયંની સરખામણી કરતાં તેઓ કહે છે કે જે અક્ષરબ્રહ્મ જ્ઞાન સ્વરૂપ છે, જે આકાશ જેવું સર્વવ્યાપી છે, જે સૃષ્ટિની દરેક ઘટનાથી પર છે, જે એક જ વાર પ્રકાશિત થયેલું છે, જે એક માત્ર છે અને માત્ર તે એક જ છે, જે સર્વવ્યાપી હોવાં છતાં નિર્લેપ છે, જે નિત્ય મુક્ત છે, જે દરેક પ્રકારે દ્વૈતરહિત છે, તે ૐકાર સ્વરૂપ શાશ્વત અસ્તિત્વ, આત્મા હું જ છું. હું જ તે પરબ્રહ્મની અભિવ્યક્તિ છું.

ગીતામાં જણાવ્યા પ્રમાણે જ્ઞાન આ લોકની સૌથી પવિત્ર ઘટના છે. હું જ્ઞાન સ્વરૂપ છું તેથી હું શુદ્ધ, વિકાર રહિત અને પવિત્ર છું. કોઈપણ પ્રકારની વિકૃતિ મારા અસ્તિત્વમાં પ્રવેશી શકવા સમર્થ નથી. મારી ચારે તરફ હું જ છું, મારી ચારે તરફ મારું જ અસ્તિત્વ છે. આગળ-પાછળ, ઉપર-નીચે, ડાબે-જમણે, બધી તરફ મારો જ વિસ્તાર છે. હું મારાં જ અસ્તિત્વમાં સ્થિત છું. હું મારામાં જ પ્રગટ થઈને પ્રકૃતિના નિયમોને અનુસરું છું. સર્વવ્યાપી ૐકાર સ્વરૂપ હું જ છું.

પોતાને કેન્દ્રમાં રાખીને માનવીના અસ્તિત્વને, સર્વ પ્રાણીના અસ્તિત્વને, આગળ સમજાવતાં શંકરાચાર્ય મહારાજ કહે છે કે, સ્વભાવથી જ મારે કોઈ વિષય માટે લગાવ નથી, કોઈ વિષય પ્રત્યે રાગ-દ્વેષ નથી, વાસ્તવમાં મારે કોઈ વિષય જ નથી. હું શરીર નથી અને તેથી મને જન્મ-જરા આદિ વિકારો નથી. હું મન નથી અને તેથી મને વિચારો અને ઇન્દ્રિય પ્રત્યેનું ખેંચાણ નથી. હું બુદ્ધિ નથી અને તેથી મને કોઈપણ સ્વરૂપે નિર્ણાયક બનવાની, નિર્ણય લેવાની આવશ્યકતા નથી. હું ચિત્ત પણ નથી અને તેથી મારામાં કોઈપણ પ્રકારનાં સંસ્કાર સંગ્રહાયેલા નથી. દરેક પરિસ્થિતિથી મુક્ત એવું ૐકાર સ્વરૂપ હું છું.

શરીર, મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને તેનાં દુઃખોની પરંપરા સાથે મને કોઈ સંબંધ નથી. હું નિર્વિકાર છું. આવજા કરવાના સ્વભાવવાળા શરીરાદિના ધર્મ મારે નથી. શરીર અને તેનું કાર્ય તો અસત છે, સ્વપ્ન અવસ્થામાં અનુભવાતાં દૃશ્ય જેવાં તે ભ્રામક છે. તે બધાંથી પર અને પરમ એવી મારી સ્થિતિ છે, મારી અવસ્થા છે. મને કોઈ વિકાર નથી અને મારે વિકારનું કોઈ કારણ નથી. મારું અસ્તિત્વ સંપૂર્ણતામાં સર્વદા વિકાર રહિત છે. મારે કોઈ સિદ્ધિ નથી અને સિદ્ધિની મારે આવશ્યકતા નથી. હું સ્થૂળ તેમ જ સૂક્ષ્મ અસ્તિત્વથી પણ રહિત છું.

હું કાર્ય નથી, કારણ પણ નથી. હું હેતુ નથી, પરિણામ પણ નથી. હું સવિકલ્પ નથી, નિર્વિકલ્પ પણ નથી. મારે નથી કોઈ શત્રુ કે નથી કોઈ મિત્ર. મને નથી જન્મની આવશ્યકતા કે નથી મૃત્યુનું બંધન. મને નથી પ્રવૃત્તિ માટે લગાવ કે નથી નિવૃત્તિની ઈચ્છા. મારે કશું ગ્રહણ કરવાની જરૂર નથી અને મારી માટે કશું ત્યાગ કરવાં જેવું પણ નથી. મારી પાસે કશું નથી અને મારું કશું નથી. સુષુપ્તિ, જાગ્રત અને સ્વપ્ન જેવી મારી કોઈ અવસ્થા નથી. હું તે ત્રણેય અવસ્થાથી રહિત ચોથી તુરીય અવસ્થાવાળો છું. સમય અને સ્થળના બંધનથી પર એવું મારું અસ્તિત્વ છે.

મને મોક્ષ કે બંધન નથી. હું ક્રિયાવાન નથી અને તેથી મારા માટે પાપ કે પુણ્ય જેવી પરિસ્થિતિ નથી. મને વર્ણ નથી અને આશ્રમ પણ નથી, અને તેથી કોઈ પણ પ્રકારની સંલગ્નતા નથી. કર્મ કે તેના ફળ સાથેનાં સંબંધનાં વ્યાપમાં મારું અસ્તિત્વ નથી, અને તેથી દરેક પ્રકારના કર્મ અને તેની સાથે સંકળાયેલા તેનાં ફળથી હું મુક્ત છું. હું અવિદ્યા તથા અજ્ઞાનના પ્રપંચથી મુક્ત છું. મારી સૂક્ષ્માતિસૂક્ષ્મતાને કારણે કોઈપણ પરિસ્થિતિ સાથે હું લેપાતો નથી. તેથી જ હું સદા શુદ્ધ પવિત્ર અને નિર્મળ છું. હું શ્રેષ્ઠ છું, પરમ છું, આનંદ સ્વરૂપ છું, દ્વૈતરહિત છું, સનાતન છું, આકાશની જેમ સર્વત્ર તેમજ અલિપ્ત છું, સમાન-સ્વરૂપ છું, મંગળમય પરમાનંદ રૂપ બ્રહ્મનું જ એક પ્રગટ સ્વરૂપ છું. હું દૃશ્ય નથી, દર્શન પણ નથી, માત્ર દ્રષ્ટા છું. એક રીતે જોતાં એમ પણ કહેવાય કે હું દ્રષ્ટા પણ નથી. હું માત્ર સાક્ષી છું. હું અજન્મા, અમૃત સ્વરૂપ, સ્વયં પ્રકાશિત, નિર્મળ, સ્વરૂપાનંદથી તૃપ્ત, સર્વથા મુક્ત ૐકાર છું.

આ બધાં વિધાન સાથે શંકરાચાર્ય મહારાજે અદ્વૈતવાદ સિદ્ધાંતને બહુ સરસ રીતે સ્પષ્ટ કરી દીધો છે. આ દર્શનમાં એ જ વાત સમજાવવામાં આવી છે કે બ્રહ્મ સિવાય બીજા કશાનું અસ્તિત્વ છે જ નહીં. જે કંઈ વર્તાવ થાય છે તે તો માયાના પ્રપંચને કારણે પ્રતીત થતી અવિદ્યા છે. જ્યારે સ્વયંને, પોતાના આત્માને પરબ્રહ્મ સાથે સાંકળવામાં આવે, જોડવામાં આવે, સરખાવવામાં આવે, ત્યારે સ્વાભાવિક રીતે અસ્તિત્વ માટે એક રૂપરેખા નિર્ધારિત થઈ જાય. પછી આપમેળે અમુક બાબતમાંથી, અમુક પ્રકારની માનસિકતામાંથી બહાર નીકળી જવાય અને અમુક ધારણાં સાથે તાદાત્મ્યતા ઊભી થાય. વેદાંત દર્શનનું આ એક અદ્ભુત પ્રયોજન હોય તેમ જણાય છે. ■

# સંસારમાં પશુઓ પર જે અત્યાચાર થઈ રહ્યો છે તે જોઈ હું ખૂબ દુઃખી છું

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombay samachar.com



નંદભદ્રનો વાણી-પ્રવાહ સતત વહે છે. તે કહે છે, ધર્મમાં એટલી તાકાત છે જે કોઈ જીવ પોતાના આરાધ્યની શુદ્ધ ભાવથી આરાધના કે ઉપાસના કરે તો તે જીવ મોક્ષે ગયા વગર રહેતો નથી, તેને અવશ્ય મોક્ષ મળે. ધર્મ જીવનને કઈ રીતે જીવવાનું તે શિખવાડે છે. ધર્મ એક આદર્શ જીવનશૈલી છે, ધર્મ જીવનમાં સુખશાંતિથી રહેવાની પાવન પદ્ધતિ છે. ધર્મ જ સર્વ લોકોનું કલ્યાણ કરનારી પવિત્ર આચારસંહિતા છે. આટલું સાંભળી સત્યવ્રત કહે છે કે, 'ધર્મનું આચરણ કરનાર સદા દુઃખી રહે છે, ધર્મ જ શ્રેષ્ઠ હોય તો માણસ પથ્થરની મૂર્તિને શા માટે પૂજે છે?' તેના સવાલનો જવાબ આપતાં નંદભદ્ર કહે છે, 'હું તમને એમ પૂછું છું કે શું આંધળો સૂર્યને જોઈ શકે છે? બ્રહ્માથી માંડીને સર્વ દેવતાઓ, મહાત્માઓ, ઋષિ મુનીઓ અને સાર્વભૌમ ચક્રવર્તી રાજાઓ પણ પોતાના ઇષ્ટદેવની આરાધના - ઉપાસના કરે છે. એમની સ્થાપિત મૂર્તિઓ આજેય દૈદિપ્યમાન છે. શું તેઓ મૂર્ખ હતા? તમે જ સર્વસ્વ હોવ તો તમારી થાળીમાં આપોઆપ ભોજન કેમ પીરસાઈ જતું નથી? 'ઈશ્વર કે ભગવાન નથી' એવી વાતો તો કેવળ મૂર્ખ માણસોનો ભ્રમ છે, જે તેઓ ફેલાવી રહ્યા છે. કોઈએ પણ ધાર્મિક થવું તે સાધના છે. ધાર્મિક દેખાવવું વિલાસ છે. ધાર્મિક બનવું તે પોતાના જ કલ્યાણ માટે છે. ધર્મમાંથી વ્યવહારને તિલાંજલિ આપવામાં આવશે અને વ્યવહારને ધર્મમય બનાવવામાં આવશે ત્યારે જ સાચા અર્થમાં 'ધાર્મિક' બની શકાશે, માટે ધાર્મિક અને પ્રેમમય વ્યવહાર દ્વારા જીવનને વિશુદ્ધ રાખવું જરૂરી છે. નારાયણ નામનું નાણું જેની પાસે છે તેનો ખજાનો ખૂટતો નથી.' આટલું કહેતાં જ ધર્માત્મા નંદભદ્ર સામે શુદ્ર સત્યવ્રત ભોઠો પડી ગયો. સત્યવ્રતને ધર્માત્મા નંદભદ્રએ પંચાક્ષર મંત્ર 'ઓમ નમઃ શિવાય' આપી કહ્યું કે આ પંચાક્ષર મંત્રનો જાપ કરો, ભગવાન શિવની કૃપા અવશ્ય થશે. શુદ્ર સત્યવર્ત પંચાક્ષર મંત્રનો જાપ કરવા લાગ્યો, થોડા જ સમયમાં તેના જીવનમાં આમૂલ્ય પરિવર્તન આવવા માંડ્યું. થોડા સમય બાદ નંદભદ્ર ભગવાન શિવના સાક્ષાત દર્શન કરવાના હેતુથી કપિલેશ્વર મંદિરમાં ગયો. કહેવાય છે કે ચાલીસ દિવસે ભગવાન શિવ બાળરૂપ ધારણ કરીને નંદભદ્રને દર્શન આપે છે. ભગવાન શિવના સાક્ષાત દર્શન કરી નંદભદ્ર કૃતકૃત્ય બન્યો. ત્યારબાદ વરદાની નંદભદ્ર પોતાનું સાલસ જીવન ભોગવી યોગ્ય સમયે પોતાના શરીરને ત્યાગ્યું. ભગવાન શિવના વરદાનથી તે શિવગણોમાં સામેલ થઈ કૈલાસ ખાતે ભગવાન શિવની સેવામાં હંમેશ માટે જોડાઈ ગયો.

***

બીજી તરફ સ્વર્ગલોક પર અસુરો આક્રમણ કરે છે. સમગ્ર દેવતાગણ એનો સામનો કરે છે. થોડા જ સમયમાં અસુરો પલાયન થવા લાગે છે.

દેવરાજ ઇન્દ્રઃ 'દેવતાઓની શક્તિ જોઈ અસુરો પલાયન થઈ ગયા, હવે પછી તેઓ હિંમત નહીં કરે અહીં આવવાની.'

દેવગુરુ બૃહસ્પતિ : 'દેવરાજ ઇન્દ્ર અસુરો પલાયન થઈ ગયા છે યુદ્ધના વાદળ વિખેરાઈ ગયા છે, પણ હું ભય હેઠળ છું કારણ કે હજી સુધી, સૂર્યદેવ, ચંદ્રદેવ, અગ્નિદેવ, પવનદેવ અને વરુણદેવ અહીં પહોંચ્યા નથી, તેઓ ક્યાં છે.'

દેવરાજ ઇન્દ્રઃ 'ગુરુદેવ ચિંતા ન કરો, પંચતત્ત્વ દેવો ક્યાંક તો હશે, પણ મને એવું લાગે છે કે અસુરો સ્વર્ગથી કંઈક તો ચોરી જ ગયા હશે?'

એ જ ક્ષણે તેમની નજર કામધેનુની જગ્યા પર પડે છે જ્યાં કામધેનુ હોય છે.

દેવરાજ ઇન્દ્રઃ 'કામધેનુ ક્યાં છે. દેવગણો સ્વર્ગલોક પર નજર ફેરવો બીજું કંઈ ચોરાયું તો નથી.'

***

બીજી તરફ નવો શિવગણ નંદભદ્ર અને અન્ય શિવગણો કૈલાસ ખાતે ભગવાન શિવ અને માતા પાર્વતીની સેવાભક્તિમાં મગ્ન હતા. એક દિવસ સવારથી નંદી દેખાતા નહોતા.

ભગવાન શિવઃ 'હે ભૃંગી! પુત્ર નંદી આજે દેખાઈ નથી રહ્યાં ક્યાં છે તેઓ?'

માતા પાર્વતીઃ 'ભૃંગી! જઈને સુયશાને પૂછી આવો ક્યાં છે.' થોડા જ સમયમાં ભૃંગી અને સુયશા ત્યાં પધારે છે.

સુયશાઃ 'માતા વહેલી પરોઢથી સ્વામી ક્યાંક ચાલી ગયા છે, કહ્યું કે આવું છું. સૂર્યદેવ મધ્યાન્હે પહોંચી જવાના છે પરંતુ તેઓના કોઈ વાવડ નથી.'

ભગવાન શિવઃ 'ચિંતા ન કરો સુયશા, નંદી જલ્દી જ આવી જશે.'

ફરી શિવગણો પોતાના કાર્યમાં અને માતા પાર્વતી પોતાની રસોઈમાં વ્યસ્ત થઈ ગયાં. મધ્યાન્હે ભોજન તૈયાર થઈ જતાં સૌ કોઈ ફરી નંદીની રાહ જોવા લાગ્યા. એ જ સમયે નંદી અસ્તવ્યસ્ત હાલતમાં ત્યાં આવી પહોંચે છે.

નંદીઃ 'ક્ષમા કરો માતા, આવતાં થોડું મોડું થઈ ગયું. મને ખબર છે તમે મધ્યાન્હ થઈ જતાં ભોજન માટે રાહ જોતા હશો.'

ભૃંગીઃ 'નંદી શું તમે ક્યાંક મલ યુદ્ધ કરી આવ્યા હોય તેવું લાગે છે.'

નંદીઃ 'પ્રભુ થોડી જ વારમાં સ્નાન કરી તમારી સેવામાં ઉપસ્થિત થાઉં છું.'

આટલું કહી નંદી ત્યાંથી સ્નાન કરવા આગળ વધે છે. વ્યથિત નંદીને જોઈ ભગવાન શિવ થોડી વારમાં તેની પાસે પહોંચે છે.

ભગવાન શિવઃ 'નંદી.'

નંદીઃ 'પ્રભુ હું મૂર્ખ હતો, મને એવું હતું કે મારી મનની વ્યથા તમને ખબર નથી.'

ભગવાન શિવઃ 'સંકોચ શેનો નંદી?'

નંદીઃ 'પ્રભુ સંકોચ નહીં ગ્લાનિ. માતા અને તમારી અનુપસ્થિતિમાં હું બળદ બની સંસારમાં વિચરણ કરી રહ્યો હતો ત્યારે સંસારમાં પશુઓ પર જે અત્યાચાર થઈ રહ્યો છે તે જોઈ હું ખૂબ દુઃખી છું. મેં જોયું કે પશુઓએ અત્યાચાર સહેવા સિવાય બીજો કોઈ માર્ગ નથી, પ્રભુ પશુઓ પર આટલો અત્યાચાર શું કામ? હું કૈલાસ તો આવી પહોંચ્યો પણ મારું મન એવું કહે છે કે સંસારમાં ક્યાંક ને ક્યાંક પશુઓ પર અત્યાચાર ચાલુ જ હશે અને પ્રભુ સંસારના પશુઓની રક્ષા પશુપતિનાથ નહીં કરે તો કોણ કરશે?'

માતા પાર્વતીઃ 'નંદી કોણ કહે છે કે હજી સુધી પશુઓના ઉદ્ધારના કાર્યની શરૂઆત નથી થઈ.'

નંદીઃ 'એટલે...'

માતા પાર્વતીઃ 'એટલે... નંદી તમે પૂછી રહ્યા છો એ જ ક્ષણે પૃથ્વીલોક પર પંડ્યાન વંશના રાજા આર્યવર્તનની રાજ સભામાં કંઇક થઈ રહ્યું છે.'

નંદીઃ 'પ્રભુ! શું તમે આર્યવર્તન પંડ્યાનને માર્ગ બતાડશો.'

ભગવાન શિવઃ 'આ વખતે આ કાર્ય મારો એક ભક્ત જ કરશે, જે મનુષ્યોનો પોતાની ભૂલનો આભાસ કરાવશે.'

નંદીઃ 'પ્રભુ હું તમારા દરેક ભક્તને ઓળખું છું શું તમે કૃપા કરી મને કહેશો કે એ અનન્ય નસીબદાર ભક્ત કોણ છે.'

ભગવાન શિવઃ 'મણિકા...'

***

સામે પૃથ્વીલોક પર પંડ્યાન વંશના રાજા આર્યવર્તન રાજ સભામાં બધા મંત્રીઓને બોલાવે છે.

રાજા આર્યવર્તનઃ 'હે વિવેક (તેમના સારથી), હું અત્યારે જ અશ્વશાળાની મુલાકાત લઇને આવ્યો છું. અશ્વશાળામાં અશ્વોની સંખ્યા જોઈ વિચલીત છું, અડધી અશ્વશાળા ખાલી કેમ છે.'

વિવેકઃ 'મહારાજ, છેલ્લા પાંચ વર્ષમાં અસુરો સાથે થયેલા યુદ્ધમાં ઘણા અશ્વો મરણ પામ્યાં છે અને ઘણાં અશ્વો વૃદ્ધ થયા છે, તેથી આપણી અશ્વશાળામાં અશ્વોની સંખ્યા ઓછી થઈ ગઈ છે.'

રાજા આર્યવર્તનઃ 'આપણને હાલમાં કેટલા અશ્વની જરૂરત છે?'

વિવેકઃ 'મહારાજ હાલમાં આપણને દસ સહસ્ર અશ્વની જરૂર છે.'

(ક્રમશઃ)■

# એક એવું મંદિર જ્યાં હનુમાનજીના પાંચ ભાઈની પણ થાય છે પૂજા

વિશેષ
રશ્મિ શુકલ
feedback@bombay samachar.com

દેશમાં અંજનીનાં લાલ અથવા તો સંકટમોચન હનુમાનજીના પાવનધામ અનેક છે. જ્યાં તેમની વિવિધ મુદ્રા અને આકારવાળી મૂર્તિના દર્શન થાય છે. કષ્ટભંજન દેવ સાક્ષાત ભગવાન શિવના અવતાર છે. એવી માન્યતા છે કે તેઓ અતુલિત બલ ધામા છે. એટલે કે તેમનામાં સેંકડો સૂર્ય સમાન તેજ છે.

આવા મહાબલી હનુમાનજીનું વૃંદાવનમાં એકમાત્ર એવું મંદિર છે જે આખા જગતમાં ક્યાંય નથી. આ મંદિરની વિશેષતા એ છે કે એમાં હનુમાનજીના પાંચ ભાઈઓની પણ પૂજા થાય છે. કેસરીનંદનના પાંચ ભાઈઓ હતા. એમાં સૌથી મોટા હનુમાનજી હતા. તેઓ બાલ બ્રહ્મચારી હતાં, પરંતુ તેમનાં પાંચેય ભાઈઓ



વિવાહિત હતા અને તેમનાં સંતાનો પણ હતાં.

વૃંદાવનમાં આવેલા આ બાલાજી મંદિરમાં બજરંગબલીની સાથે તેમના ભાઈઓનાં આશીર્વાદ પણ ભક્તોને મળે છે. એવું કહેવાય છે કે આ મંદિરમાં શ્રદ્ધા સાથે માથુ નમાવવામાં આવે તો કોઈપણ ભક્ત કદી નિરાશ નથી થતો. તેમની દરેક મનોકામના પૂર્ણ થાય છે અને કષ્ટ દૂર થાય છે. હનુમાનજીની પાંચમુખી પ્રતિમા સ્થાપિત છે. જેમાં નરસિંહ, ગરુડ, હયગ્રિવ, વરાહ અને સ્વયં હનુમાન.

આ મંદિરમાં જવા માટે તમારે ઉત્તર પ્રદેશમાં આવેલી વૃંદાવન નગરી જવું પડશે, જ્યાં રાધા-કૃષ્ણની ભકિત ધારા અવિરત વહે છે. આ મંદિર ભવ્ય અને ખૂબ સુંદર છે. મંદિરની અંદર પ્રવેશતા જ તમને મહાબલી હનુમાનજીની કુંડળી પણ જોવા મળશે. સાથે જ હનુમાન ચાલીસાને મંદિરના પ્રાંગણમાં આવેલા એક થાંભલા પર અંકિત કરવામાં આવી છે. એની પરિક્રમા કરીને લોકો મનોકામના પૂર્ણ કરવાની પ્રાર્થના કરે છે. આ સિવાય લોકોનું કલ્યાણ કરનારા હનુમાનજીનું યંત્ર પણ અહીં સ્થાપિત છે. અહીંની વાસ્તુકળા અને આધ્યાત્મિક ઊર્જા અનોખી છે. ભક્તોને દાદાના આશીર્વાદ અને શક્તિનો અનુભવ કરાવવો એ જ આ મંદિરનો ઉદ્દેશ છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay

# સખી અમીણોં સાહિબૌ



લોકસંસ્કૃતિમાં સરખે સરખી સાહેલડી ભેગી મળી હોય, ત્યારે શું વાતચીતનો સંદર્ભ હોય, ત્યાં ભૌતિક સુખ સુવિધાની કે આધુનિક સાધનસામગ્રીની નગરસંસ્કૃતિની વાતડિયું ન મંડાતી હોય, ત્યાં તો લોકજીવનનો સંદર્ભ વાતો દ્વારા પ્રગટતો હોય. લોકસાહિત્યની વિશિષ્ટતા એ છે કે એમાંથી લોકસંસ્કૃતિનો સંદર્ભ દ્રવતો-ટપકતો હોય.

કંઠસ્થપરંપરામાં દુહામાં સખીને ઉદેશીને નારી દ્વારા સંબોધાયેલા ઘણાં દુહાઓ મળે છે. એમાં રાજસ્થાની છાંટના સખી અમીણોં સાહિબૌ સંબોધનથી ગવાયેલા દુહા મને ભારે વિશિષ્ટ જણાયેલા છે. એ દુહામાં નારી પોતાની સખીને મળી છે અને એની સાથે વાતુની ગોઠડી માંડે ત્યારે કેવી વાતો એમાંથી વછૂટતી હોય એનું ઉદાહરણ આ સખી સંબોધનવાળા દુહાઓ છે.

મહિમા રૂપનો, ગુણાનો અને શૂરવીરતાનો છે. અડગમતિયો છે અને એ ગુણાના વખાણ સખીને મોઢે બહેનપણી માંડતી હોય એ દ્વારા આદર્શપુરુષની લોકકલ્પના આપણી સમક્ષ પ્રગટે છે. એવા પુરુષત્વનો મહિમા છે. મૂલ્ય શેનું છે? એ બધી વિગતો એમાંથી પ્રગટતી હોઈને આ દુહાનું ઘણું મહત્ત્વ છે. અહીં ભારતીય પુરુષની છબી પ્રગટે છે. ભારતીય સંસ્કૃતિમાં કેવા પુરુષનો મહિમા છે - મૂલ્ય છે એની મીમાંસા આ દુહામાં ભળેલી હોવાને કારણે મને આ દુહા ભારે મહિમાવાળા જણાયા છે. સખી એની અંગત વાત પોતાની અંતરંગ બહેનપણી સમક્ષ દુહારૂપે રજૂ કરે છે :

**સખી અમીણોં સાહિબૌ, વૌહઝૂઝે બળબંડ;**
**સો થાભૈ ભુજડંસૂં, ખડહડતો વ્રહમંડ.**

કોઈ શૂરવીર પુરુષની સ્ત્રી પોતાની સખી પાસે પોતાના પતિનાં વખાણ કરે છે : હે સખી મારો પતિ એવું યુદ્ધ કરી જાણે છે કે, જો આકાશ નીચે પડતું હોય તો પણ પોતાના ભુંજ દંડ વડે એને રોકી થંભાવી શકે છે. આમાં અતિશયોક્તિનું દર્શન ભલે થાય પણ એ દ્વારા પતિની શૂરવીરતાની એક છબી સ્ત્રીના ચિતમાં દોરાયેલી છે એ પ્રગટતી હોઈને એનું મહત્ત્વ વિશેષ છે. બીજા એક દુહામાં પતિના સૌંદર્યની વાત કહેવાઈ છે :

**સખી અમીણોં સાહિબૌ, મદન મનોહર ગાત;**
**મહાકાળ મૂરત બણૈ, કરણ ગયંદાં ઘાત.**

કોઈ રમણીય પુરુષની પત્ની પોતાની સખીને કહે છે કે, હે સખી કામદેવના જેવા સુંદર શરીરવાળો મારો પતિ હાથીઓને યુદ્ધમાં મારવા માટે મહાકાળની મૂર્તિ જેવો દેખાય છે.

અહીં મદોન્મત હાથીને નાથવા માટે મદભર શક્તિશાળી કામદેવ સમાન પુરુષની કલ્પના પ્રસ્તુત થઈ છે. બીજા એક દુહામાં વસંતઋતુમાં જે રીતે વૃક્ષ વિકાસ પામે છે એ રીતે રણક્ષેત્ર જોઈને જે વિકસે છે એ પુરુષની છબી એની સખી સમક્ષ રજૂ કરી છે તે જોઈએ :

**સખી અમીણોં સાહિબૌ, બાંકમ સૂભરિયોહ;**
**રણ બિકસૈ રિતુરાજ મૈ, જયું તરવ હરિયોહ**

હે સખી પુરુષાર્થવાળો મારો પતિ વસંતઋતુમાં જેમ લીલું વૃક્ષ વિકસિત થાય છે, તેવી રીતે મારો પતિ રણક્ષેત્ર જોઈને પ્રફુલ્લિત થતો હોય છે. મહિમા છે રણક્ષેત્રમાં પહોંચવા માટેના થનગનાટનો એ વિગતને અહીં વસંતઋતુમાં વિક્સતા વૃક્ષાની ઓથે આલેખી છે.

**સખી અમીણોં સાહિબૌ, નિરભૈ કાળૌ નાગ;**
**સિર રાખૈ મિણ સાંમધ્રમ, રીઝૈ સિંધુ રાગ**

હે સખી મારો પતિ નિર્ભય એવા કાળા નાગની માફક માથા ઉપર સ્વામિધર્મરૂપી મણિ રાખી સિંધુ રાગ (લડાઈ વખતે ગવાતા રાગ વિશેષનું નામ) સાંભળી પ્રસન્ન થાય છે. સ્વામીને વફાદાર રહેવાની વાત અહીંથી પ્રગટે છે અને સિંધુડા રાગનો સંદર્ભ પણ યુદ્ધ દશ્યને રજૂ કરે છે. આમ, લોકસંસ્કૃતિમાં મહાન યુદ્ધ સાથે બાથ ભીડવા માટે તત્પર એવા વીર પુરુષની વાત કેવી વણાયેલી છે એની વિગત અહીંથી પ્રગટે છે. બીજા એક દુહામાં વળી પૌરાણિક ઉદાહરણથી પતિના સ્વભાવની વિરલ વાતને વર્ણવી છે. એ દુહો જોઈએઃ

**સખી અમીણોં સાહિબૌ, સૂર ધીંર મમરત્થ;**
**જૂધમેં વામણ ડંડ જિમ્, હેલી વાધે હથ્થ.**

હે સખી મારો પતિ શૂરવીર, ધીરજવાળો તથા ભારે સમર્થ છે. વામન ભગવાનના દંડની સમાન યુદ્ધ વખતે તેના હાથ અતિશય મોટા થઈ જાય છે.

જેનું શૂરાતન, જેની ધીરજ અને જેનું સામર્થ્ય વધે વધતું રહે એનો મહિમા ઘણો મોટો હોય એ સ્વાભાવિક છે. અહીં પતિના સાહિબાના એ ગુણો વામનભગવાનના દંડની માફક યોગ્ય ક્ષણે વધતા વર્ણવીને પૌરાણિક કથાનકના સંદર્ભથી વામન અવતારની વિગત મૂકી છે.

દુહાઓ આવા ઐતિહાસિક-પૌરાણિક સંદર્ભને પોતાનામાં વણી લેતા હોઈને એને સંદર્ભાત્મક સાહિત્ય તરીકે પણ ઓળખાવાય છે. ભારતીય સંસ્કૃતિનાં કેં કેટલાંય ઉદાહરણોને વાતમાં વણી લઈને સાંપ્રત વિગતોની સાથે પૌરાણિકનું સંયોજન કરીને સમાજને ભારતની ભવ્ય કથાસૃષ્ટિથી પણ પરિચિત કરતા આ દુહાઓ લોકસાહિત્યનું આભરણ છે, વાગીશ્વરીનાં કર્ણફૂલો છે. એનાથી ભારતીય સાહિત્ય વધારે શોભા સમાન અને દૈદિપ્યમાન બનીને એનું ઉજ્જવળ તેજ વિશ્વ પર પાથરી રહ્યું છે. ■

---

ચારધામ યાત્રા શ્રેણીનો પ્રારંભ

# તીર્થયાત્રા એક તપશ્ચર્યા છે

## આવી યાત્રા વખતે શું શું ધ્યાનમાં રાખવું...

તીર્થયાત્રા

ભાણદેવ
feedback@bombay
samachar.com

**નોંધઃ યોગવિદ્યાના નિષ્ણાત, અધ્યાત્મનું ગૂઢ જ્ઞાન ધરાવતાં ભાણદેવે અનેક વિષયો પર પુસ્તકો લખ્યાં છે. તેઓ હવે આપણને તીર્થયાત્રાનું મહાત્મ્ય સમજાવશે. એના માટે ‘ધર્મતેજ’ પૂર્તિના આ અંકથી ભાણદેવના અનુભવોનું સચોટ માર્ગદર્શન વાંચવાનું ચુકતા નહીં.**




હિમાલય તો તીર્થભૂમિ છે. હિમાલયનો સમગ્ર વિસ્તાર જ તીર્થ છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી. હિમાલયમાં આવેલાં તીર્થોનો વિચાર કરીએ તો પણ ગણ્યાં ગણાય નહીં અને જોયે પાર ન આવે તેટલાં તીર્થો છે.

હવે આપણી સમક્ષ સવાલ આવે છે તીર્થયાત્રા શા માટે ?

૧. દરેક સ્થાનને પોતાનું સૂક્ષ્મ વાતાવરણ હોય છે, આંદોલનો હોય છે. શાક માર્કેટ અને મંદિરમાં ભેદ તો છે જ અને વ્યક્તિ જે વાતાવરણમાં જાય, રહે તેની તેના ઉપર અસર થાય જ છે. તીર્થોના પ્રશાંત, પવિત્ર અને દૈવી પરિવેશમાં અવગાહન કરવા માટે જવું તે તીર્થયાત્રાનો પ્રથમ ઉદ્દેશ છે.

૨. મંદિરમાં દેવદર્શન માટે જઇએ, ગંગામાં સ્નાન કરીએ, કૈલાસની પરિક્રમા કરીએ, વૃંદાવનમાં નિવાસ કરીએ તો એ માત્ર ભૌતિક ઘટના કે બહિરંગ ક્રિયા જ નથી. એ બહિરંગ ક્રિયાની સાથે સાથે વ્યક્તિની ચેતનામાં કોઇક સૂક્ષ્મ ઘટના પણ ઘટે છે, જેની એના જીવન પર અસર થાય છે. યાત્રા એક પુણ્યકાર્ય છે અને પુણ્યકાર્ય વ્યર્થ જતું નથી. એની જન્મોજન્માંતરો સુધી અસર રહે છે. એક શિવભક્ત દ્વાદશ જ્યોતિર્લિંગની પગપાળા યાત્રા કરે કે કૃષ્ણભક્ત વ્રજપરિક્રમા કરે તો તેનું સૂક્ષ્મ અને રહસ્યપૂર્ણ મૂલ્ય પણ વધે છે. નરી આંખે ન દેખાય તે બધું ખોટું માનવું નહીં. નરી આંખની શક્તિ ઘણી ઓછી છે.

૩. તીર્થયાત્રાથી સાધુ-સંતોનાં દર્શન અને સત્સંગ થાય છે. એવી ભ્રામક માન્યતા સેવવી નહીં કે આ જમાનામાં કોઈ સાચા સંતો કે સાધકો છે જ નહીં. ‘બહુરત્ના વસુંધરા’, આ પૃથ્વી કદી સંતવિહોણી બની નથી, બની શકે નહીં. તેથી નમ્રભાવે અને ખૂલ્લા હૃદયે સંતોના દર્શને જવું.

૪. તીર્થયાત્રા એક પ્રાયશ્ચિત્ત-કર્મ છે. દુષ્કર્મોનાં પરિણામમાંથી મુક્ત થવાનો તે ઉપાય છે. માતૃહત્યાના પ્રાયશ્ચિત્ત માટે પરશુરામજીએ એક વર્ષ સુધી ભારતનાં બધાં તીર્થોની યાત્રા કરી હતી. સૂતજીની હત્યા પછી બલરામજીએ ભારતની તીર્થયાત્રા કરી હતી.

૫. તીર્થયાત્રા વ્યક્તિના દૃષ્ટિકોણને વ્યાપક બનાવે છે. તીર્થયાત્રા વ્યક્તિને ઉદાર બનાવે છે. તેનાથી કૂપમંડૂકતાનું કોચલું ભેદાય છે.

૬. તીર્થયાત્રા એક તપશ્ચર્યા છે. તીર્થયાત્રા એક અનુષ્ઠાન છે. તીર્થયાત્રાથી ચિત્તશુદ્ધિ થાય છે.

૭. તીર્થયાત્રા, ખાસ કરીને હિમાલયની તીર્થયાત્રા દરમિયાન પરમાત્માની રચેલી આ સુંદર સૃષ્ટિનું દર્શન થાય છે.

૮. તીર્થયાત્રા અધ્યાત્મપથના પથિકને પ્રેરણાનું અમૂલ્ય ભાથું આપી શકે છે.

હિમાલયના યાત્રીને ઉપયોગી થાય તેવી કેટલીક બાબતો અહીં નોંધું છુંઃ

૧. સામાન્યતઃ હિમાલયની યાત્રા મે માસથી ઓક્ટોબર સુધી થાય છે, પરંતુ જેમનામાં ઠંડી સહન કરવાની શક્તિ હોય છે અને બરફનાં પેટ ભરીને દર્શન કરવાં હોય તેઓ શિયાળામાં પણ કેટલાંક તીર્થોની યાત્રા કરી શકે છે.

બદરીનાથના રસ્તે જોષીમઠ સુધી, કેદારનાથના રસ્તે ઉખીમઠ સુધી, ગંગોત્રીના રસ્તે ઉત્તરકાશી સુધી શિયાળામાં પણ જઈ શકાય છે. પશુપતિનાથની યાત્રા તો વિશેષતઃ શિવરાત્રિ પર થાય છે. કાશ્મીરમાં બરફને જોવા-માણવા માટે ગુલમર્ગ, સોનમર્ગ આદિ સ્થાનોમાં શિયાળાનો સમય વધુ અનુકૂળ છે, પરંતુ આ તો વિશેષ સંયોગમાં અને વિશેષ વ્યક્તિઓ માટેની વાત છે. સામાન્યતઃ તો હિમાલયની યાત્રા મે માસથી ઑક્ટોબર સુધી થાય છે.

મે-જૂનમાં ઋતુ સારી પણ ગિરદી ખૂબ હોય છે. જુલાઈ-ઑગસ્ટમાં જઈ શકાય છે, પણ વરસાદ હોય છે. લડાખ, મુક્તિનાથ, દામોદરકુંડ વગેરે સ્થાનોમાં વરસાદ નહિવત્ હોય છે, તેથી તેવાં સ્થાનોમાં જુલાઈ-ઑગસ્ટમાં જઈ શકાય છે. હિમાલયના પૂર્વ ભાગ કરતાં પશ્ચિમ ભાગમાં વરસાદ ઓછો છે, તેથી કાશ્મીર, હિમાચલ પ્રદેશ આદિ વિસ્તારોમાં વરસાદ બહુ નડતો નથી.

અમરનાથ, દામોદરકુંડ જેવા કેટલાંક સ્થાનોમાં અષાઢ-શ્રાવણ માસ દરમિયાન જ જઈ શકાય છે. બાકીના સમયે ત્યાં ખૂબ બરફ જામેલો રહે છે.

૧૫મી ઑગસ્ટથી ૧૫ ઑક્ટોબર સુધી વરસાદ ઓછો હોય છે, ગિરદી ઓછી હોય છે અને પ્રાકૃતિક સૌન્દર્ય ભરપૂર ખીલ્યું હોય છે, તેથી હિમાલયયાત્રાનો ઉત્તમ સમય આ બે મહિના છે.(ક્રમશઃ)■

---

# એ રસનો સ્વાદ શંકર જાણે...

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

રસ શાસ્ત્ર - કે રસ તંત્ર એટલે માનવ ચિકિત્સા કાર્યમાં વિવિધ ખનિજ ધાતુઓ તથા અન્ય ખનિજ દ્રવ્યોનો ઔષધિરૂપ ઉપયોગ કરનારી વિશિષ્ટ કીમિયારૂપ વિદ્યા. આયુર્વેદના રસતંત્રમાં ‘રસ’ શબ્દ પારા માટે વપરાય છે. અને પારાને મહાદેવ શિવજીનું વીર્ય તથા ગંધકને પાર્વતીનું રજ કહેવામાં આવે છે. આમ રજ અને બીજનો સંયોગ થાય ત્યારે જ નવસર્જન થાય છે. રસવિદ્યાના આદ્ય પ્રવર્તક ભગવાન શંકર ગણાય છે. એ પછી સિદ્ધ નાગાર્જુનનું નામ લેવામાં આવે છે. પારાનું સંસ્કૃત નામ ‘રસ’ છે. રસના સ્વામી એ રસેશ. જગતના માત પિતા પાર્વતી અને શિવ ગણાય છે, એમ પારદ અને ગંધકના સંયોગથી અવનવી ઔષધિઓનું નિર્માણ કરવામાં આવે છે. રસના ઘણા તંત્ર ગ્રંથો શિવ પાર્વતીના સંવાદ રૂપે જ લખાયેલા છે. તંત્ર ગ્રંથોમાં - શૈવ તથા બૌદ્ધ તંત્રોમાં માનવ શરીરને રસાયન પ્રયોગો દ્વારા નિરોગી સુદૃઢ બનાવવા માટેના અનેક પ્રયોગો મળે છે. સોનું, ચાંદી, તાંબુ, લોઢું, સીસું, કાંસું, કલાંઈ, પારો જેવી ધરતીમાંથી નીકળતી ધાતુઓ ઉપરાંત શિલાજિત, ચૂનો, ગંધક, શંખ, ગેરૂ, સંચળ, સિંધાલૂણ, હરતાલ, મનઃશીલ, હીરાકસી, રેતી, જવખાર, સાજીખાર વગેરે ધરતીમાંથી પ્રાપ્ત પદાર્થોનો શરીર સ્વાસ્થ્ય માટે ઉપયોગ કરવામાં ખાસ પ્રકારનું શોધન કરવામાં આવે છે, અને તેની ભસ્મ, ક્ષાર વગેરે શુદ્ધ થયેલા તત્ત્વોનો ઔષધિ તરીકે ઉપયોગ થાય છે. ખરેખર તો પ્રારંભે અધ્યાત્મ સાધના, મુક્તિ, આત્મસાક્ષાત્કાર કે મોક્ષ માટે, એ પછી શરીર સ્વાસ્થ્ય માટે, એ પછી હલકી ધાતુઓમાંથી સુવર્ણ જેવી કિંમતી ધાતુઓ બનાવવાના કીમિયાઓ રૂપે અને હાલમાં રોગનિવારક ઔષધિઓના નિર્માણ માટે રસાયન વિદ્યાનો પ્રયોગ થતો રહ્યો છે. રસાયન એટલે શરીરની સાતે ધાતુઓને શુદ્ધ કરીને પલટાવવાની પ્રક્રિયા. આહાર - વિહારના નિયમન દ્વારા દીર્ઘ જીવન પ્રાપ્ત કરે તથા નીરોગી - સ્વસ્થ - સૌંદર્યવાન, ચારીવાન ઉત્તમ પ્રજા ઉત્પન્ન થાય એવા હેતુથી થતી સારવારને રસાયન ચિકિત્સા એવું નામ અપાયું છે. જરા - વ્યાધિ વિનાશક - હિતકારી રસાયન પ્રયોગ એટલે કાયા કલ્પ, જેમાં દેહ શોધન, મન શોધન, પ્રાણ શોધન આવે છે. સમગ્ર શરીરને દોષ રહિત કરવું, મનને દોષ રહિત કરવું, બુદ્ધિને દોષ રહિત કરવી, ચિત્તને દોષ રહિત કરવું, અહંકારને દોષ રહિત કરવો, પ્રાણને દોષ રહિત કરવો અને એ રીતે સમગ્રતયા સર્વાંગ શુદ્ધિકરણથી મનુષ્ય પોતાનો કાયાકલ્પ કરી શકે છે.



નાટ્યશાસ્ત્રમાં ભરત મુનિએ મુખ્ય રસની સંખ્યા આઠ બતાવી છે. ૧. શૃંગાર, ૨. હાસ્ય, ૩. કરુણ, ૪. રૌદ્ર, ૫. વીર, ૬. ભયાનક, ૭. બીભત્સ, ૮. અદ્ભુત અને પછી નવમા શાંત રસનો અછડતો નિર્દેશ કર્યો છે. પાછળથી દસમો વાત્સલ્ય રસ કેટલાક કાવ્યશાસ્ત્રીઓ સ્વીકારે છે, જ્યારે ભક્તિ રસને સ્વીકારનારા ગૌડીય વૈષ્ણવ સંપ્રદાયના મધુસૂદન સરસ્વતી અને રૂપ ગોસ્વામી - એ બે જ આચાર્યો છે. તેમના મત મુજબ ભક્તિ રસના આલંબન - વિભાવ ભગવાન છે. ભાગવત અને પુરાણાદિની કથાનું શ્રવણ ઉદ્દીપન - વિભાવ છે. અશ્રુપાત, રોમાંચ વગેરે આ રસના અનુભાવો છે. ભક્તની ભગવાન પ્રત્યેની ભક્તિ એ ભક્તિ રસનો સ્થાયી ભાવ છે. ભરતથી માંડી જગન્નાથ સુધીના આચાર્યો ભક્તિ રસને સ્વીકારતા નથી. મધુસુદન સરસ્વતીએ ‘ભક્તિરસાયન’માં અને રૂપ ગોસ્વામીએ ‘હરિભક્તિરસામૃતસિંધુ’માં ભક્તિ રસની સ્થાપના કરી છે અને ભક્તિ રસને બધા જ રસોમાં શ્રેષ્ઠ માન્યો છે. તેમણે ભક્તિ રસના (૧) પરાકોટિ ભક્તિ અને (૨) અપરાકોટિ ભક્તિ એવા બે પ્રકારો પણ આપ્યા છે.

ચૈતન્ય મહાપ્રભુના શિષ્ય રૂપ ગોસ્વામીએ ભક્તિ રસ વિશે અલંકાર શાસ્ત્રનો એક ગ્રંથ રચ્યો છે. જેનું નામ છે, ‘ભક્તિ રસામૃત સિંધુ’ જેનું બીજું નામ ‘હરિ ભક્તિ રસામૃત સિંધુ’ છે. આ ગ્રંથની રચના ઈ.સ. ૧૫૪૧માં થયેલી. જેમાં ભક્તિ રસ એ એક જ રસ છે અને અન્ય તમામ રસો ભક્તિરસના જ પેટા ભેદ - પ્રભેદો છે એમ જણાવાયું છે. પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એમ ચાર વિભાગોમાં વહેંચાયેલા આ ગ્રંથમાં ભક્તિરસના મુખ્ય પાંચ પ્રકારો - શાંત ભક્તિરસ, પ્રીતિ ભક્તિરસ, પ્રેયો ભક્તિ રસ, વત્સલ ભક્તિરસ અને મધુર ભક્તિરસનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે ગૌણ પ્રકારોમાં હાસ્ય, અદ્ભુત, વીર, કરૂણ, રૌદ્ર, ભયાનક અને બીભત્સ ભક્તિ રસ એમ સાત પ્રકારો દર્શાવાયા છે. ‘નરસિંહનાં પદોમાં સિદ્ધરસ’ નામના પુસ્તકમાં આપણા મરમી કવિશ્રી મકરન્દ દવેએ ‘સિદ્ધરસ’ની જે વિભાવના આપી છે તે એમના જ શબ્દોમાં જોઈએ- ‘ ગુજરાતી ભાષાના આદ્યકવિનું બિરૂદ જેમને મળ્યું છે એ ભક્તકવિ નરસિંહના રસોલ્લાસને મેં સિદ્ધરસ કહ્યો છે. અને સિદ્ધ - સંકેતોને જાણ્યા વિના આ રસની ગંગા - જમનાનો આનંદ લૂંટી શકાતો નથી. એ માટે આપણે નરસિંહને જ રસદીક્ષા આપનાર અને નરસિંહે જેમને રસજ્ઞો કહ્યાં છે તેમને ચરણે બેસીએ. નરસિંહની રસોપાસનાના ત્રણ મૂળ સ્ત્રોત છે. નરસિંહની વાણીમાં ‘ એ રસનો સ્વાદ શંકર જાણે,કે જાણે શુકજોગી રે, કાંઈ એક જાણે વ્રજની વનિતા, ભણે નરસૈયો ભોગી રે... ’ , ‘શ્રી વૃંદાવન જમુના તીરે, બંસી બટે રસ જામિયો,પ્રેમે પિયા રાસ રમિયા, ત્યાંહ નરસૈયો ઝૂલી રહ્યો.પાસ રહીને નયન નીરખ્યો, અનુભવ રસ થયો જેહ,જેવી લીલા નજરે દીઠી, મુખડે ગાઈ તેહ...’જેવી પંક્તિઓમાં વારંવાર રસની વાત આવે છે....... વૃન્દાવનના ચાર પ્રકાર છે. ભૌમ, કુંજ, નિકુંજ અને નિભૃત - નિકુંજ ભૌમમાં પાર્થિવદેહ, કુંજમાં ભાવદેહ, નિકુંજમાં રસદેહ અને નિભૃત - નિકુંજમાં સિદ્ધદેહનો પ્રવેશ થાય છે. પાર્થિવ દેહ જડ છે. ભાવ દેહ ભાવોદ્રેક સમો તરલ છે, રસદેહમાં ભાવ સ્થિર છે, અને સિદ્ધદેહમાં ભાવૈક્ય સાધી ઘનીભૂત ચૈતન્યરૂપે નિત્યલીલામાં પ્રવેશ કરી શકાય છે. ‘પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહી, શુકજીએ સમજીને રસ સંતાડયો.’ નરસિંહની રસોપાસના ભારતીય રસોપાસનાના મહાપ્રવાહનું એક ઉત્તુંગ મોજું છે. ભાગવતને આધારે જયદેવથી માંડી ગૌડીય, દાક્ષિણાત્ય કે મૂળ વ્રજવાસી વૈષ્ણવ કવિઓએ વહાવેલા રસના અનુપાન સાથે નરસૈયાના રસનું પાન કરવું જોઈએ ; એમાં યે સિદ્ધોની વાણી ભળે તો રસાયન - કલ્પ થઈ જાય. બૌદ્ધ શૂન્યસહજ સુંદરી, શાક્ત કામેશ્વર - કામેશ્વરી, શૈવ ભૈરવ - ભૈરવી, રસસિદ્ધોમાં પારદ - સિન્દુર, હરગૌરીરસ અને વૈષ્ણવ રાધા - કૃષ્ણની લીલામાં મૂળગત ભેદ નથી. સીતા - રામનો પણ એક રસિક સંપ્રદાય છે તેની નોંધ લેવી જોઈએ...‘ પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે, દૂબળા ભૂતનું ઢોકળે મન ચળે, ચતુરધા મુક્તિ તેઓ ન માગે...’ ,‘ ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે, દેહ દમી અમરાપુર પામો, અંતે ચોરાસી માંહી રે...એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુકજોગી રે, કાંઈ એક જાણે વ્રજની વનિતા : ભણે નરસૈંયો ભોગી રે..’ ચારણી સાહિત્યના આદિકવિ તરીકે ગણાતા ઈસરદાસજીએ પોતાના ગ્રંથનું નામ જ ‘હરિરસ રાખેલું. ■

---

# હૃદયની શુદ્ધિ વિના માણસ આદરણીય બની શકતો નથી

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

એક વેળા અમેરિકાના રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન સિગરામમાં બેસીને ઘરભણી જઈ રહ્યા હતા. રસ્તામાં એક હબસીએ હેટ ઉતારી તેમનું અભિવાદન કર્યું. લિંકને પણ સામે હેટ ઉતારી અભિવાદનનો ઉત્તર આપ્યો.

- બાજુમાં બેઠેલા એક ગોરા મિત્રને આ વાત રુચિ નહીં.

* તેણે લિંકન સાહેબને કહ્યુંઃ આવા કાળા હબસીને માટે તમે કેમ હેટ ઉતારો છો?

* સહેજ હસી અબ્રાહમ લિંકને કહ્યુંઃ કોઈ પણ વ્યક્તિ મારા કરતાં વધુ નમ્ર-નિખાલસ હોય તે હું કેમ સહન કરી શકું?’

- નિખાલસ દિલ વિનાનો માનવ
* પ્રકાશ વિનાના પ્રદિપ જેવો,
* સૂર વિનાના સંગીત જેવો,
* છાયા વિનાના વૃક્ષ જેવો,
* ઠંડક વિનાના હિમાંશુ જેવો,
* નીર વિનાના નદી જેવો,
* મૂર્તિ વિનાના મંદિર જેવો હોય છે.

- મુખનો મીઠો નહીં પણ મનનો મીઠો માનવ જ સન્માનને યોગ્ય છે.

- નિખાલસતા કે હૃદયની સરળતાના અભાવે ઈન્સાન
* દંભી,
* કપટી,
* ક્રોધી,
* અભિમાની બને છે.

- જ્યાં સરળતાં ત્યાં જ ધર્મ, ધર્મો માણસના ચરણે શ્રીમંતો અને ધીમન્તો પણ શિશ ઝૂકાવે છે.

- સુખ અને શાંતિ અને પ્રગતિના-તરક્કીના સાચા દિદાર-દર્શન પણ એજ પામી શકે છે.

- જીવનમાં
* ડોળ,
* દેખાવ,
* દંભ ભર્યો હોય ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિનું હૃદય સ્વચ્છ કે સાફ થતું નથી.



- હૃદયની શુદ્ધિ વિના મનુષ્ય
* ઘર - કુટુંબ - કૌટુંબિક સમાજમાં આદરણીય બની શકતો નથી.

-જે સ્વયંનો સ્વામી છે તે જ મહાન સમ્રાટ હોવાની હકીકતને વાચા આપતો આ પ્રસંગ પણ બોધમાં વધારો કરનારો બની રહેવા પામશે.

- એક સમ્રાટ હતો.

- એક સાંજે એક વૃદ્ધનો તેને ધક્કો લાગ્યો.

- રસ્તો સાંકડો હતો, સાંજનો અંધકાર પણ હતો.

- સમ્રાટ ગુસ્સે થયો અને વૃદ્ધને તુમાખી રીતે પૂછ્યુંઃ ‘આપ કોણ છો?’

વૃદ્ધે હળવેથી જવાબ આપ્યોઃ ‘એક સમ્રાટ!’

- ‘સમ્રાટ!’ સમ્રાટને આશ્ચર્ય થયું અને પછી મજાકમાં પૂછ્યું? ‘કયા દેશ પર તમે રાજ ચલાવો છો?’

- વૃદ્ધે કહ્યુંઃ ‘સ્વયં પર! મારા મન અને મારા ભીતર ઉપર મારું રાજ્ય છે!’

- વાત કેટલી સાચી છે.

- જે સ્વયંનો સ્વામી છે તે જ મહાન સમ્રાટ છે.

બોધઃ

* જેની પાસે સદ્વર્તન હશે એ મોટા સામ્રાજ્યને પાર દોરી શકશે.

* સદ્વર્તન હરેક સ્થળે વિજયી થાય જ છે. પણ એની શરત એટલી કે એ સદ્વર્તન હૃદયની સાચી ઊંડી ગુહામાંથી આવનારો પદાર્થ જોઈએ, લોકલજ્જાની માટે ધારણ કરેલો વેષ નહીં!

**અમૃતબિંદુઃ**


* જેઓ મધ્યમસર સુખ અને સ્વતંત્રતા ભોગવે છે અને વખતસર પોતાના કર્તવ્ય પર સહેલાઈથી પાછા થઈ જાય છે એ ઉત્તમ સમજવા.

* કર્તવ્યનો ભંગ થતો ન હોય એવી રીતે સુખ ભોગવવામાં કંઈ ખોટું નથી. એટલું જ નહીં પણ એવી જાતનું સુખ ભોગવવું એ માણસની ફરજ છે કારણ કે સુખના રસથી પુષ્પ ખીલે એમ જીવન ખીલે છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# ઉત્પત્તિ, અસ્તિત્વ ને વિનાશ



ઉત્પત્તિ, અસ્તિત્વ અને વિનાશ - સૃષ્ટિની ત્રણ સ્થિતિ છે. એક યા બીજા સ્વરૂપે આ બધી સ્થિતિ પ્રત્યક્ષ થતી રહે છે. આ ત્રણેય સ્થિતિ ચોક્કસ ક્રમમાં પ્રતીત થાય છે. ઉત્પત્તિ બાદ અસ્તિત્વની અનુભૂતિ થાય અને અંતે તે વિનાશમાં પરિણમે.

કોઈપણ દ્રવ્ય એક ક્ષણ માટે પણ સ્થિર નથી રહેતું. આધુનિક વિજ્ઞાનની ભાષામાં કહીએ તો અણુમાં પણ કોઈક તત્ત્વ સતત ગતિમાન રહે છે. ગતિને કારણે સ્થિતિમાં બદલાવ સ્વાભાવિક છે. ગતિ ઊર્જા છે અને દ્રવ્ય પદાર્થ છે. ઊર્જાથી ગતિમાં બદલાવ આવે છે અને ગતિથી પદાર્થનું સ્વરૂપ બદલાય છે. ગતિમાન દ્રવ્યના જથ્થામાં હંમેશાં ઘટાડો થાય છે - ચોક્કસ સંજોગોમાં વધારો પણ થઈ શકે. આ સમગ્ર ઘટના દ્રવ્ય અને ગતિના સમીકરણ પર આધારિત હોય છે. આ સમગ્ર સમીકરણમાં ગતિની અનુભૂતિ તથા ઉપસ્થિતિ દ્રવ્યને કારણે રહેતી હોવાથી દ્રવ્યનું મહત્ત્વ વધારે ગણાય. જોકે ઉત્પત્તિ, અસ્તિત્વ અને વિનાશ ગતિમાં પણ છે અને દ્રવ્યમાં પણ છે.

ઉત્પત્તિ, અસ્તિત્વ અને વિનાશ એટલે વસ્તુ જન્મે છે, પછી તેનું અસ્તિત્વ જળવાયેલું રહે છે અને અંતે તે મૃત્યુને આધીન થાય છે. આ પ્રક્રિયા વિશ્વમાં પણ પ્રવર્તમાન છે અને અણુમાં પણ, સજીવમાં પણ જોવા મળે છે અને નિર્જીવમાં પણ. આ સત્ય અહીં પણ એટલું જ સ્થિત છે જેટલું ત્યાં. આ સત્ય સમય અને સ્થાનની મર્યાદા વિના દરેક પરિસ્થિતિમાં પ્રવર્તમાન હોય છે. ઉત્પત્તિ, અસ્તિત્વ અને વિનાશ વચ્ચેનું રૂપાંતરણ એટલે સૃષ્ટિનું એક અગત્યનું સત્ય.

મજાની વાત એ છે કે સૃષ્ટિમાં દરેક ક્ષણે સર્જન થાય છે, દરેક ક્ષણે અસ્તિત્વ જે તે પરિસ્થિતિને આધારે ટકી રહે છે અને દરેક ક્ષણે વિસર્જન પણ થાય છે. જન્મ પછી દરેક ક્ષણે વ્યક્તિના કોષમાં વધારો થાય છે, દરેક ક્ષણે નવા કોષ જન્મે છે. તે વખતે કેટલાક કોષ પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે અને કેટલાક વિનાશને પામે છે. ઉત્પત્તિ દરેક ક્ષણે છે, અસ્તિત્વ પણ દરેક ક્ષણે છે, વિનાશ પણ ક્ષણે ક્ષણે છે.

બીજમાંથી છોડ બને અને પછી વૃક્ષ અસ્તિત્વમાં આવે. સમય આવ્યે આ વૃક્ષ નાશ પામે, પરંતુ તે પહેલાં તેનાં ઘણાં ફળ અસ્તિત્વમાં આવી ચૂક્યાં હોય. તેમાંથી બીજ નીકળે અને તે બીજ રોપવામાં આવે તો ફરીથી છોડ અને વૃક્ષ સ્થાપિત થાય. આ શૃંખલા છે. આ પરસ્પરનો સંબંધ પણ છે. બીજમાંથી જ બીજ બને છે. ઉત્પત્તિ જ ઉત્પત્તિનું કારણ છે. અસ્તિત્વ ટકી રહે છે એટલા માટે બીજ બને છે. અસ્તિત્વ પણ ઉત્પત્તિ માટે કારણભૂત છે. મૃત્યુ પછી જન્મ સંભવ બને છે. અર્થાત વિનાશ પણ ઉત્પત્તિ માટેનું જ પ્રયોજન છે. ઉત્પત્તિનું પ્રભુત્વ છે. ઉત્પત્તિ છે એટલે અસ્તિત્વ છે અને વિનાશ પણ છે. એવું જ અસ્તિત્વ અને વિનાશ માટે પણ કહી શકાય. આ બધું પરસ્પર સંકળાયેલું છે.

ઉત્પત્તિ એટલે રૂપાંતરણ નહીં. ઉત્પત્તિ એટલે જે નથી તેનું અસ્તિત્વમાં આવવું. ઉત્પત્તિ એટલે શૂન્યમાંથી સર્જન કરવું. ઉત્પત્તિ એટલે એવી પરિસ્થિતિનું અસ્તિત્વમાં આવવું કે જે સામાન્ય તર્કના દાયરાથી બહાર હોય. અસ્તિત્વ એટલે ઉત્પત્તિના અંતે જે પરિસ્થિતિ પ્રત્યક્ષ બને તેનું જે તે સ્થિતિમાં જળવાઈ રહેવું. અસ્તિત્વ એટલે પોતાની જ સ્થિતિમાં કાયમ રહેવું. અસ્તિત્વ એટલે પોતાનાં જે તે ગુણધર્મો પ્રમાણે પ્રવૃત્ત રહીને હયાતીને યથાર્થ બનાવવી. અસ્તિત્વ એટલે જે છે તેની સ્વીકૃતિ અને જે નથી તેની અવગણના. અસ્તિત્વ એટલે નિર્ધારિત ઉત્તરદાયિત્વ નિભાવવાની તક. વિનાશ એટલે પૂર્ણવિરામ. વિનાશ એટલે અંત. વિનાશ એટલે સર્જનનું શૂન્યમાં રૂપાંતરણ. વિનાશ એટલે અંતિમ સત્ય. વિનાશ એટલે દરેક પ્રકારની ઉત્પત્તિના અંતે સ્થાપિત થતું અંતિમ પરિણામ. વિનાશ એટલે દરેક પ્રકારના અસ્તિત્વની પૂર્ણાહુતિ અને ભવિષ્યની ઉત્પત્તિ માટેની સંભાવના. વિનાશ છે એટલે ઉત્પત્તિ છે. ઉત્પત્તિ છે એટલે અસ્તિત્વ છે. અસ્તિત્વ છે એટલે વિનાશની સંભાવના છે.

ઘણાં અસ્તિત્વ એવા હોય છે કે જે સમજમાં આવે, જેની અનુભૂતિ થઈ શકે, જેનાં અસ્તિત્વ વિશે કોઈ શંકા ન હોય, જેને યોગ્ય સ્વરૂપે જે તે કાર્ય સાથે સાંકળી શકાય અને જેની સાથે પ્રત્યક્ષ થઈ શકે તેવો કાર્યકારણનો સંબંધ હોય. આ શ્રેણીમાં સ્થૂળ અસ્તિત્વ આવે. એ પછી સૂક્ષ્મ અસ્તિત્વનું વિશ્વ છે.

અહીં અંતઃકરણના વિવિધ સ્વરૂપો હોય. આ સમજમાં આવે પણ ખરા અને ન પણ આવે. તેની યથાર્થ અનુભૂતિ થાય પણ ખરી અને ન પણ થાય. તેની સાથે સ્થપાયેલ વિવિધ સમીકરણો ધ્યાનમાં આવે પણ ખરાં અને ન પણ આવે. આ સૂક્ષ્મ અસ્તિત્વ સ્થૂળ અસ્તિત્વ પર પ્રભાવ છોડે. ત્યારબાદ કારણ અસ્તિત્વ આવે. કારણ અસ્તિત્વ અન્ય બંને પ્રકારનાં અસ્તિત્વના આધાર સમાન છે. બધું જ કારણ અસ્તિત્વના આધારે છે. કારણ છે એટલે સૂક્ષ્મ છે, સૂક્ષ્મ છે એટલે સ્થૂળ છે. કારણ અસ્તિત્વને પ્રેરક બળ કહી શકાય, સૂક્ષ્મ અસ્તિત્વને ચાલક બળ કહી શકાય અને સ્થૂળ અસ્તિત્વને પરિણમતી વ્યવસ્થા કહી શકાય.

અહીં બધું પરસ્પર સંકળાયેલું છે. કોઈપણ બાબતને જુદી પાડીને જોઈ ન શકાય, સમજી ન શકાય. એકની હયાતી બીજાને કારણે સંભવ બને છે. ઉત્પત્તિ, અસ્તિત્વ અને વિનાશ, ત્રણેયને સમગ્રતામાં એક એકમ તરીકે જોવાની આવશ્યકતા છે.

આ ત્રણેયને વિભાજિત રીતે જોવાનું કારણ તો વ્યવહારિક સરળતા માત્ર છે પણ જો પરિસ્થિતિનું હાર્દ સમજવું હોય તો ત્રણેયને એકત્વના ભાવથી જોવાં જોઈએ. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay samachar.com

# કાર્યમાં અભિરતિ



કાર્ય એટલે માનવજીવનની સૌથી પવિત્ર ફરજ. માણસ જ્યારે પોતાના કાર્યને માત્ર રોજિંદી ક્રિયા રૂપે નહીં, પણ આંતરિક તલસ્પર્શી નિષ્ઠાથી કરે છે, ત્યારે એ કાર્ય તેની આરાધના બની જાય છે. કોઈ પણ ક્ષેત્ર, પછી તે ઘર, શિક્ષણ, સંસ્કાર, સેવા, ધર્મ, વિજ્ઞાન હોય કે કલા, સફળતા હંમેશાં એ જ વ્યક્તિના દ્વાર ખખડાવે છે, જે પોતાના કાર્યમાં નિમગ્ન રહેવાનું શીખી ગયો હોય.

ગીતા કહે છે કે સ્વકાર્યમાં અભિરત માનવ જ સિદ્ધિને પામે છે. અભિરતિ એટલે મનની એવી સ્થિરતા કે જ્યાં બહારની ચંચળતા કમસે કમ પોતાનો પ્રભાવ છોડી શકે. માણસનું મન જો હંમેશા છૂટા પવનની જેમ એક વિષયથી બીજા વિષય તરફ ભાગતું રહે, તો કોઈ મોટી સિદ્ધિનું ફળ તેને મળવાનું મુશ્કેલ છે. પરંતુ જે પોતાના કાર્ય પર અંતરાત્માની પ્રીતિ સાથે સુસ્થિર રહેશે, તે પોતાની જાતને ધીમે ધીમે પરંતુ ચોક્કસ ઊંચાઈએ લઈ જશે.

વાર્તા બહુ જૂની છે, પરંતુ તેમાંની સુગંધ આજે પણ તાજી લાગે છે. ગુજરાતના એક નાના ગામમાં ગંગારામ નામનો એક માટીકામ કરનાર કુંભાર રહેતો. ગામમાં કોઈએ તેની ખાસ નોંધ લીધી નહોતી. જીવન સાધારણ, આવક ઓછી, પરંતુ એક વસ્તુ બધાને મંત્રમુગ્ધ કરતીઃ તેનું કાર્યપ્રેમ !

સવાર પડે કે ગંગારામ પોતાની ભઠ્ઠી પાસે આવી બેસે. માટી ગૂંથવાનું તેનું કામ હતું. માટી ગૂંથવા તે જમણી હથેળીથી હળવો સ્પર્શ કરતો, માનો માટીને સંબોધન કરતો હોય કે આજે આપણે ફરી સર્જનનો એક દિવસ જીવવા જઈ રહ્યા છીએ. કોઈ પાસે શબ્દોની કમાણી હોય છે, કોઈ પાસે વિચારની, પરંતુ ગંગારામ પાસે સ્પર્શની કમાણી હતી. તેના હાથે માટીને જીવ મળતો.

એક દિવસ ગામના ધનિક શેઠે શહેરથી મોંઘી મૂર્તિઓ મંગાવી. લોકો પાસેથી પ્રશંસાનો પ્રવાહ વહેવા લાગ્યો. તેણે ગંગારામના માટલાઓ સાથે મૂર્તિઓની તુલના કરી. પીઠ પાછળ હાસ્ય રેલાયું શું આ ગરીબનું માટલું ક્યારેય આ મૂર્તિઓ જેવી પ્રખ્યાતી પામશે?

ગંગારામ એક ક્ષણ માટે પણ નિરાશ ન થયો. તેણે કહ્યું, મારું કામ મારી સાધના છે. હું મારા ભાગનું શ્રેષ્ઠ કરીશ. મૂર્તિને કોણે વખાણી એ જોવું મારું ધ્યેય નથી; મારી માટી મને જોઈ રહી છે, એની સામે હું નિષ્ઠાવાન રહું એટલું જ પૂરતું.

દિવસ પછી દિવસ, વર્ષ પછી વર્ષ, તેના હાથમાંથી નીકળતા માટલાઓમાં એક અનોખો ઘાટ અને સાથે ઠાઠમાઠ દેખાવા લાગ્યો. માટી એવી ચોળાઈ જતી કે જાણે તે અંદરથી ચમક ફેંકતી હોય. ભઠ્ઠીનો તાપ પણ તેની નિષ્ઠાનો સતત સાક્ષી બનતો.

એક દિવસ શહેરની એક કલા સંસ્થા ગામડાંની કલા જોવા આવી. મોટા કલાકારોએ ગંગારામનું માટલું હાથમાં લીધું. તેઓ ચકિત થયા, આમાં તો કરઘાની કળા કરતાં પણ ઊંડો સ્પર્શ છે. તેમણે તે માટલાઓનું પ્રદર્શન ભર્યું. થોડા જ મહિનામાં ગંગારામ ગામની સીમા વટાવી સમગ્ર રાજ્યમાં જાણીતા થયા.

જ્યારે ગામલોકોએ આ સમાચાર સાંભળ્યા ત્યારે ઘણા લોકો તેની ભઠ્ઠી પાસે દોડી આવ્યા. કોઈએ પૂછ્યું, ગંગારામ! તું આટલી સફળતા કેવી રીતે પામ્યો? ગંગારામ શાંત અવાજમાં બોલ્યો : મેં ક્યારેય સફળતાને પકડવાનો પ્રયાસ કર્યો જ નહીં. મેં તો માત્ર મારા કામને પકડ્યું અને એક દિવસ સફળતાએ મને પકડી લીધો.

હા, જ્યારે માણસ પોતાના કામમાં અભિરત થાય છે, ચાહે તે માટલું હોય, પુસ્તક હોય, ભજન હોય કે જીવન હોય, ત્યારે કામ માત્ર વ્યવસાય નથી રહેતું, તે આપણી આંતરિક સાધના બની જાય છે અને આ સાધના જ્યાં લઈ જાય છે તેને જ દુનિયા સિદ્ધિ કહે છે.

અને જે પોતાના કામમાં સાચું રહે છે, તેને સિદ્ધિ એક ન એક દિવસ દરવાજા ખોલી જ આપે. જિંદગીમાં બે પ્રકારની દોડ ચાલે છેઃ એક બહારની, બીજી અંદરની. બહારની દોડમાં માણસને કાળ, પરિસ્થિતિ, સ્પર્ધા અને સમાજના મૂલ્યાંકનનો ભય હોય છે, પરંતુ અંદરની દોડમાં માત્ર પોતાનાં વલણ, મનોબળ અને સંકલ્પનો જ વરદહસ્ત હોય છે. જે લોકો પોતાના આંતરિક કાર્યશીલતાથી પ્રેરાય છે, તેમને બહારની દોડ ક્યારેય થકવતી નથી. તેઓને મારું કાર્ય મારી ઓળખ છે એવો મક્કમ વિશ્વાસ હોય છે.

મહંતસ્વામી મહારાજ કહે છે કે મહાન સર્જનો ક્યારેય ફુરસદિયાં હાથોમાં જન્મ્યા નથી. સંતો, વિદ્વાનો, વૈજ્ઞાનિકો, વીર પુરુષો, ઋષિઓ, બધાનો એક સામ્ય ગુણ એ હતો કે તેઓ પોતાના કાર્યને શુદ્ધતા, પ્રેમ અને નિષ્ઠાથી કરતા રહેતા. અધ્યાત્મ માર્ગમાં તો ગુરુ જે કાર્ય બતાવે તેમાં નિષ્ઠાથી મંડવું તે જ સિદ્ધિ છે. ■

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombay samachar.com

# રાધા તો સમસ્ત ભારતની જ!



રાધાએ આ ચેલેન્જ સ્વીકારી, જો રાધા બોલાવે અને કૃષ્ણ નહીં આવે તો રાધા પોતાનું સમસ્ત ધન આ સખીને આપી દેશે. રાધાએ એક મનથી ધ્યાન ધર્યું અને શ્રીકૃષ્ણ રાધાનો પ્રેમ જોઈ તરત પ્રગટ થયા. ભારતના પ્રાચીન સંસ્કૃત મહાકવિ કાલિદાસે ‘કુમારસંભવમ્’ મહાકાવ્યમાંથી આવી જ એક સુંદર ગૂંથણી કરી છે. નગાધિરાજ હિમાલયસુતા પાર્વતી શંકરને પતિ તરીકે પામવા કઠોર તપસ્યા કરતી હતી. છેવટે શંકર બટુક સતપસ્વી વેશે ત્યાં આવ્યા અને જાણ્યું કે પાર્વતી શંકરને પામવા તપ કરતી હતી. પછી તેમણે શંકરની ખૂબ નિંદા કરી, એ કઠોર શંકર તો વાઘાંબરધારી, ભભૂત લગાવે, સર્પોની માળા, સ્મશાનમાં રહે, પાર્વતી જેવી સુંદર સુકુમાર કન્યાને માટે યોગ્ય પતિ ન જ કહેવાય. પાર્વતી અને છદ્મવેશધારી શંકર સાથે સંવાદ થયો. શંકરે તો કહી જ દીધું. વદ પ્રદોષે સ્ફુટચંદ્રતારકા વિભાવરી યદિ અરૂણાય કલ્પતે - તારા અને ચંદ્રથી શોભતી રાત્રિ પ્રારંભમાં જ થોડો અરુણ (અંત)નો વિચાર કરે? છેવટે ક્રોધિત થઈને પાર્વતીએ જવા પગ ઉપાડ્યો, ત્યારે શંકર મૂળ સ્વરૂપે પ્રગટ થયા અને પાર્વતી ન જઈ શકી, કે ન થોભી શકી. ન યયૌ ન તસ્થૌ. અંતે નિરવધિ નિર્વ્યાજ પ્રેમ જ રહે છે.

રાધા એ કૃષ્ણની બાલસખી, સ્વકીયા કે પરકીયા પ્રેયસી, રાસમંડલની અધિષ્ઠાત્રી. વ્રજવૃંદાવનની અગ્રણી ગોપાંગના. વૈષ્ણવ ગ્રંથો પ્રમાણે એ શ્રીકૃષ્ણની પરમ હ્લાદિની શક્તિ, પરાશક્તિ. અનેક રૂપે આપણે રાધાને જાણીએ છીએ. એક રસપ્રદ પાસું જોઈએ. જ્યોતિષશાસ્ત્રમાં નક્ષત્રમંડળના સંપૂર્ણ ભ્રમણને રાસલીલા માનવામાં આવે છે. ગતિ વૃત્તાકાર છે. કૃષ્ણ યજુર્વેદ શાખામાં વિશાખા અને અનુરાધા નામના બે નક્ષત્ર છે. અનુરાધા એટલે રાધાની પાછળ જાય તે. અથર્વવેદમાં વિશાખાનું નામ રાધા છે. તેથી વિશાખા એ રાધા, તેની પાછળ અનુરાધા. સૂર્ય એ શ્રીકૃષ્ણ, કેન્દ્ર. કાર્તિકી પૂર્ણિમાએ સૂર્ય (કૃષ્ણ) વિશાખા (રાધા) નક્ષત્રમાં હોય. તે દિવસે સૂર્ય અને અન્ય નક્ષત્ર એક સાથે નથી દેખાતા. સૂર્યનાં કિરણોમાં નક્ષત્ર સમાઈ જાય. એટલે રાસલીલામાં કૃષ્ણ રાધા સાથે વિહાર કરે. એમ જ્યોતિષશાસ્ત્ર માને છે. વૃષભાનુ એટલે વૃષ રાશિનું કિરણ એ રાધા. માતા કીર્તિદા એ કૃતિકા, જે વૃષ રાશિમાં હોય. રાધાની સખીઓ વિશાખા, ભદ્રા, જયેષ્ઠા, ચિત્રા, તારકા, ચંદ્રાવતી (સોમભા) વગેરે નક્ષત્રો. રાધા કૃષ્ણની સહચરી છે. આપણે ત્યાંની કોઈ પણ ચિત્રશૈલી હોય - માળવા, બુંદેલખંડ, વ્રજ, મેવાડ, કિશનગઢ, નાથદ્વારા, બુંદી, પહાડી (કાંગડા, બસોલી, ચંદા વ.) કોઈ પણ શૈલી હોય, રાધાકૃષ્ણનાં સુંદર ચિત્રો જોવા મળે જ. શ્રીકૃષ્ણને તો અનેક રૂપે શિલ્પોમાં કંડારાયેલા જોવા મળે છે, શિલ્પોમાં રાધા ખાસ નથી જોવા મળતી. ઈ.સ.ની ૭મી સદીની એક મૂર્તિ છે. પહાડપુરમાં ૨૨ નંબરનું શિલ્પ જે રાધાકૃષ્ણનું હોય એમ માનવામાં વજૂદ લાગે છે. બાજુમાં યમુના અને બળદેવનાં શિલ્પો છે. જે ગોપીનું શિલ્પ સાથે છે તેના માથા પાછળ તેજવર્તુળ છે, જે દૈવી ગુણ દર્શાવે છે. કૃષ્ણ સાથે હોય તેવી દૈવી વ્યક્તિત્વવાળી ગોપી રાધા હતી. રાજસ્થાનના સૂરતગઢમાં ૫મી સદીની એક મૂર્તિ મળી છે, જે રાધાની છે એમ માનવામાં આવે છે. ખજૂરાહોના ખંધરિયા મહાદેવના મંદિરમાં શ્રીકૃષ્ણની મૂર્તિ છે, તેની સાથે એક સ્ત્રીમૂર્તિ છે, જે રાધાની હોઈ શકે છે. ઈ.સ. ૯૭૪ના વાક્પતિ મુંજના શિલાલેખમાં રાધાવિરહથી તપ્ત કૃષ્ણની વાત મળે છે. આપણાં શાસ્ત્રીય નૃત્યોમાં રાધાકૃષ્ણની વાત અનેકરૂપે જોવા મળે છે. રાધાકૃષ્ણની કેલિક્રીડાનાં નૃત્યોમાં મણિપુરી નર્તન શૈલી શિરમોર છે.

પ્રશ્નો તો થાય જ કે સેંકડો વર્ષોથી જનમાનસસંમોહિની કવિકુલપ્રેરણાદાયિની વૈષ્ણવોની આરાધ્ય આહ્લાદિની રાધા કયા પ્રદેશની હોઈ શકે? રાધાકમલ મુખરજી નામના વિદ્વાન માને છે કે રાધાનું મૂળ બંગાળમાં હોઈ શકે. બલદેવ ઉપાધ્યાય નામના અન્ય વિદ્વાન માને છે કે રાધા મૂળ ગુજરાત કે ઉત્તર મહારાષ્ટ્રનું પાત્ર હોય. ઓરિસ્સાની એક કથા છે - ભૃગુસેન અને સુપ્રભાને કઠોર તપસ્યા પછી વરદાન મળ્યું અને બાર કન્યાઓ જન્મી. તેમાં સૌથી નાની પુત્રી કુરૂપ હતી તેથી પેટીમાં બંધ કરી તેને પાણીમાં વહાવી દીધી. આ પેટી વૃંદાવનમાં વૃષભાનુને મળી, જે ખોલતાં અતિ સુંદર કન્યા મળી, તે રાધા. દક્ષિણના આવવાર સાહિત્યમાં વિષ્ણુએ લીલાવતાર કર્યો ત્યારે એક ગોપકન્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે નપ્પિનૈ નામથી. તમિલ પ્રદેશમાં અહીર લોકોના જીવનમાં કૃષ્ણ કે કણ્ણન્ દેવતા છે. અને દેવી તે ગોપકન્યા નપ્પિન્નૈ, નપ્પિન્નૈ. તામિલ પ્રદેશની વનભૂમિના દેવ છે માયોન, જેનો અર્થ થાય છે નીલ મેઘ સમાન દેદીપ્યમાન દેવ એટલે તે આપણા ‘વિષ્ણુ’ અને તેના અવતાર કણ્ણન્ અહીં ‘રાધા’ નામ નથી. અન્ય ગોપકન્યા છે, નપ્પિનૈ, જેનું દક્ષિણના જ એક આચાર્ય પરાશર ભટ્ટરે સંસ્કૃત રૂપ કર્યું નીલાદેવી. રાધા તો સમસ્ત ભારતની જ!

રાધા પૂર્ણપણે સમર્પિત છે. તે કહે છે, ‘તેના બદલામાં મારી પાસે બચેલી ક્ષણોને તમારા આગ્રહોથી ભરી દો. શું મેં કંઈ વધારે માગી લીધું? તો પછી માત્ર એક ક્ષણ છોડીને બધી લઈ જાઓ, પરંતુ તે ક્ષણ પર આદિથી અંત સુધી તમે જ આકાશની જેમ છવાયેલા રહો.’ (શ્રી રાધા - ઊડિયા, અનુ. ઊર્મિલા જાની).

રાધા આપણી સમક્ષ ચિરવિરહિણી નાયિકા તરીકે જ ઊપસે છે. સમય આવ્યે શ્રીકૃષ્ણ સ્વધામ ગયા. મોટા ભાગના યાદવકુળનો નાશ થઈ ગયો. રુક્મિણી, ગાંધારી, શૈલ્યા, હૈમવતી અને જાંબવતીએ અગ્નિપ્રવેશ કર્યો. સત્યભામા અને અન્ય મુખ્ય કૃષ્ણપત્નીઓએ તપશ્ચર્યા કરવા વનપ્રવેશ કર્યો. વૈભવશાળી દ્વારકા નગરી પર સાગર ફરી વળ્યો, જે બચ્યા હતા તે યાદવો સ્થળાંતર કરી ગયા. શ્રીકૃષ્ણની ઈહલીલા સમાપ્ત થઈ એ રાધાએ જાણ્યું ત્યારે?-

‘પરંતુ હું નથી રોકી શકતી
હવે મારા સુખ-સંતોષ
જો તમે તેમના માટે ન મર્યા હોત તો હું ભલા,
કેવી રીતે તમને પૂર્ણતાથી પ્રાપ્ત કરી શકી હોત?’ (શ્રી રાધા)


હવે રહી ગઈ રાધા, નવલકિશોરી, યમુનાતટે, કુંજવનોમાં શરદની તેજોમયી રાતોમાં લતામંડપોમાં પોતાના કનૈયાનાં પગલાં શોધતી કે બંસીનાદ સાંભળવા મથતી, શ્રીકૃષ્ણ સાથે મિલન માટે તલસતી, જે તેમના મથુરાગમન પછી થયું જ નહીં. રાધા રહી ગઈ આ ધરતી પર. ધર્મવીર ભારતીની કનુપ્રિયા (રાધા) કૃષ્ણને ઠપકો આપે છે, ‘સખીને બાહુમાં સમાવી, પણ તેને ઈતિહાસમાં સમાવવામાં કેમ અચકાયા પ્રભુ?’ રાધાને કંઈ જોઈતું નથી, તે ફક્ત પ્રિયતમની વાટ જુએ છે.

‘અને હું જન્માંતરોની અનંત પગદંડીના કઠિનતમ મોડ પર ઊભી રહી તારી પ્રતીક્ષા કરતી રહું છું’ અને આ અનંત પ્રતીક્ષા જ તેનું જીવન, દરેક ભક્તનું જીવન. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombay samachar.com

# જ્ઞાન બંધન છેઃ એક સૂત્રમાં કહેવાયેલી અદભુત વાત



ભારતના ધર્મોમાં અગણિત શાસ્ત્રો છે. તેમાં જ્ઞાનનો મહાસાગર છે, એમ કહીએ તો મહાસાગર શબ્દ પણ તુચ્છ લાગે તેટલું જ્ઞાન તેમાં છે. એટલુંજ નહીં, પ્રત્યેક શાસ્ત્રો પર ઋષિ-મુનિઓએ, જ્ઞાનીઓએ અને અભ્યાસુઓએ ચિંતન-મનન કરીને તેમાંથી ભાવાર્થના મોતીઓ ઉલેચીને આપણી સમક્ષ રાખ્યા છે. કારણકે મોટાભાગનાં શાસ્ત્રો, પછી તે સંસ્કૃતમાં હોય, પ્રાકૃતમાં હોય, પાલીમાં હોય કે અર્ધમાગધીમાં હોય, તે બધામાં સૂત્રાત્મક રીતે એટલું કહેવાયું છે કે એકએક શ્લોક પર દિવસો સુધી ચર્ચા થઇ શકે.

આવું જ સૂત્ર છે જ્ઞાનં બંધ : અર્થાત જ્ઞાન એ બંધન છે. બે શબ્દોના આ સૂત્ર સાંભળતાં જ આપણે ચોંકી જઈએ. જ્ઞાન વળી બંધન કઈ રીતે? મુક્તિના માર્ગે આગળ વધવા તો જ્ઞાન જરૂરી છે. તો પછી આ કેવી વાત થઈ? આપણે તત્ત્વત્રયીની ચર્ચા કરતી વખતે જે વાત કરી, તે વાત અહીં ફરી એકવાર પુનરુક્તિના દોષ સાથે પણ કરવી જરૂરી છે. જ્ઞાન મિથક પણ હોઈ શકે. જૈન દર્શન જેને મિથ્યા કહે છે તેવું. સનાતન કહે છે. બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. જુઓ, વાત કહેવાની રીત અલગ છે, પણ વાત એક જ છે. બ્રહ્મ એટલે કોણ? શાસ્ત્રકારો તેનો જવાબ આપતાં કહે છે, અહમ બ્રહ્માસ્મિ. યજુર્વેદનું આ સૂત્ર મહાસૂત્ર કહેવાય છે. અહમ એટલે હું. આ હું એટલે કોણ? આપણે કોને હું માનીએ છીએ? આ શરીરને હું કહીએ? તો હું બોલનાર શરીર તો નથી? તેની અંદરથી અવાજ આવે છે. આ હું એટલે આત્મા. પણ આપણે આત્માને ઓળખતા નથી. અહમ બ્રહ્માસ્મિ એટલે હું જ સર્વવ્યાપી પરમાત્મા છું. આ જ્ઞાન જો આવી જાય તો એ મુક્તિ તરફ લઇ જાય. પણ હું એટલે આ બહારનું શરીર અને તેની આસપાસ રચેલી દુનિયા જ આપણે માટે હું હોય તો એ સત્ય નથી. એ જ મિથ્યા જ્ઞાન છે.

આ જગતમાં આવીને આપણે શાળાથી લઈને ઈન્ટરનેટ સુધી દરેક માધ્યમથી માહિતીનો સંગ્રહ કર્યો. જે પણ કહેવાતું જ્ઞાન આપણે ભેગું કર્યું, તેનાથી આપણી સ્મૃતિ ભરી દીધી. આ જ્ઞાન પણ બંધન છે. કેમકે તેમાંથી આપણા પોતાના અનુભવ જનિત જ્ઞાન કેટલું? બધું ઉધારનું છે. અને જે ઉધારનું છે, એ તો બંધન જ કહેવાય, પછી એ નાણાં હોય કે જ્ઞાન. આવા જ્ઞાનથી મનુષ્યોની વચ્ચે દીવાલો રચાય છે. વધુ જાણતા હોય તે પોતાનાથી ઓછું જાણનારાને તુચ્છ સમજે. આપણે જેને નિમ્ન સમજીએ છીએ તેના આત્મા અને આપણા આત્મામાં ફરક ક્યાં છે? આપણે જે ધર્મ જાણીએ છીએ તેનાથી પણ વાડા ઊભા કરીએ છીએ. હું ઊંચો ને પેલો નીચોનો ભાવ કેળવીને બેઠા છીએ. એક જ પદાર્થમાં એક વ્યક્તિ ને જે દેખાય છે તે બીજાને દેખાતું નથી. તો સત્ય શું? કોનું જ્ઞાન સાચું? જે ફરક છે તે આપણાં કર્મોને કારણે આત્મા પર ચઢેલા આવરણોનો જ છે. જૈન દર્શન તેને જ જ્ઞાનાવરણીય કર્મો કહે છે.

આપણે કોઈ અજાણ્યા સ્થળે જવા મુસાફરી કરતા હોઈએ. માર્ગમાં અધવચ્ચે કોઈ જગ્યાએ આપણે એમ સમજીએ કે બસ, આપણે જ્યાં પહોંચવું હતું એ જગ્યા આ જ છે, અને ત્યાં જ રોકાઈ જઈએ. તો આપણે હકીકતમાં જ્યાં પહોંચવાનું હતું ત્યાં પહોંચી શકીએ ખરાં? એ જ પ્રમાણે આપણે અંતિમ સત્યનું જ્ઞાન ધરાવતા નથી. તેમ છતાં હું જાણું છું, તેવા ભ્રમમાં જીવીએ છીએ. તેથી જ્ઞાનની જે પરમ અવસ્થાને પ્રાપ્ત કરવાની છે, ત્યાં પહોંચી શકતા નથી. આ પ્રકારના જ્ઞાનને શાસ્ત્રો બંધન કહે છે. અહમ બ્રહ્માસ્મિ કહેવાનો અર્થ એ જ છે કે હું બ્રહ્મનો જ એક અંશ છું. અન્ય મનુષ્યો, પક્ષીઓ, પ્રાણીઓ, બધા એ જ બ્રહ્મનો અંશ છે. આકૃતિમાં દેખાતો ભેદ આપણા માટે ભેદ છે. હું અને તે એવો ફરક છે. આપણું આ ભેદ વાળું જ્ઞાન એ જ સંસારમાં બંધન કરનાર છે. શરીર પણ જો આપણું હોત તો આપણા કહ્યા પ્રમાણે ચાલત. તેના ઉપર આપણું પૂર્ણ નિયંત્રણ હોત. પણ તેવું નથી. ગમે ત્યારે શરીર કામ કરતુ બંધ થઇ જાય, કોઈ પણ અંગ ગમે ત્યારે ખોટકાઈ જાય. આપણે કંઈ કરી શકતા નથી. તો જે જ્ઞાન આપણને આ સ્પષ્ટ સમજણ આપતું નથી તે અધ્યાત્મના માર્ગે આગળ વધતા અટકાવે છે. તેથી એ જ્ઞાન બંધન છે. ■

# મિત્તલ પરિવારની થઈ રાજસ્થાન રોયલ્સ, અદર પૂનાવાલા સાથે મળી ૧૫,૬૦૦ કરોડમાં ખરીદી

નવી દિલ્હીઃ ઉદ્યોગપતિ લક્ષ્મી એન મિત્તલ અને તેમના પુત્ર આદિત્ય મિત્તલે અદર પૂનાવાલા સાથે મળીને ૧.૬૫ બિલિયન ડૉલર (આશરે ૧૫,૬૦૦ કરોડ રૂપિયા)ની બોલી લગાવીને રાજસ્થાન રોયલ્સમાં સૌથી વધુ હિસ્સેદારી ખરીદી હતી. સોમાણી-રોબ વૉલ્ટન-શીલા ફોર્ડ હેમ્પ કન્સોર્ટિયમ રેસમાંથી ખસી ગયા બાદ ગઈકાલે તેઓએ આ સોદો કર્યો હતો.

સોદામાં ઓફર કરાયેલ રકમ રાજસ્થાન રોયલ્સની મેન્સ ફ્રેન્ચાઇઝી, પાર્લ રોયલ્સ અને બાર્બાડોસ રોયલ્સના એન્ટરપ્રાઇઝ મૂલ્યનું પ્રતિનિધિત્વ કરે છે. આ સોદો અન્ય શરતોને આધીન છે, જેમાં બીસીસીઆઈ, સીસીઆઈ, આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલ અને અન્ય લાગુ નિયમનકારી સત્તાવાળાઓ તરફથી મંજૂરીઓનો સમાવેશ થાય છે. આ સોદો ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં પૂર્ણ થવાની ધારણા છે.

અગાઉ, સોમાનીના નેતૃત્વ હેઠળના અમેરિકા સ્થિત જૂથે ૧.૬૩ બિલિયન ડોલરની ઓફર કરી હતી, પરંતુ સૂત્રો અનુસાર, તે અનેક મુદ્દાઓને કારણે યોગ્ય તપાસ પ્રક્રિયામાં નિષ્ફળ રહી હતી. મિત્તલ પરિવારે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, “લક્ષ્મી એન મિત્તલ અને આદિત્ય મિત્તલે આજે જાહેરાત કરી હતી કે અદર પૂનાવાલા સાથે મળીને મનોજ બડાલે અને તેમના જૂથ પાસેથી રાજસ્થાન રોયલ્સ ખરીદવા માટે એક નિશ્ચિત કરાર થયો છે.”

પ્રેસ રિલીઝ અનુસાર, મિત્તલ પરિવાર રાજસ્થાન રોયલ્સમાં આશરે ૭૫ ટકા હિસ્સો ધરાવશે, જ્યારે પૂનાવાલા પાસે લગભગ ૧૮ ટકા હિસ્સો છે. બાકીનો આશરે ૭ ટકા હિસ્સો મનોજ બડાલે સહિત હાલના રોકાણકારો પાસે રહેશે. રાજસ્થાન રોયલ્સ બોર્ડમાં હવે લક્ષ્મી એન મિત્તલ, આદિત્ય મિત્તલ, વનિષા મિત્તલ ભાટિયા, અદર પૂનાવાલા અને બડાલેનો સમાવેશ થશે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે “બડાલે રાજસ્થાન રોયલ્સને પોતાનું સમર્થન આપવાનું ચાલુ રાખશે અને ભૂતકાળ અને વર્તમાન વચ્ચે સેતુ તરીકે સેવા આપશે, જેનાથી તેમનું ઊંડું ક્રિકેટ જ્ઞાન અને અનુભવ ફ્રેન્ચાઇઝીમાં આવશે.” આઈપીએલ ટીમ ઉપરાંત, રાજસ્થાન રોયલ્સ દક્ષિણ આફ્રિકામાં પાર્લ રોયલ્સ અને વેસ્ટ ઈન્ડિઝમાં બાર્બાડોસ રોયલ્સની પણ માલિક છે. ઉત્તર રાજસ્થાનના સાદુલપુરમાં જન્મેલા લક્ષ્મી એન મિત્તલે કહ્યું હતું કે, “મને ક્રિકેટ ખૂબ ગમે છે અને મારો પરિવાર રાજસ્થાનનો છે, તેથી હું આઈપીએલમાં અન્ય કોઈપણ ટીમ કરતાં રાજસ્થાન રોયલ્સનો ભાગ બનવાનું પસંદ કરીશ.” ■

# પંજાબ પર ગુજરાતનું ‘સુદર્શન ચક્ર’ ફરી વળ્યું

અમદાવાદઃ અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી પંજાબ કિંગ્સ અને ગુજરા ટાઇટન્સ વચ્ચેની મેચને ગુજરાતે સાઇ સુદર્શન (૪૧ બોલ, ૫૭ રન)ની ઇનિંગની મદદથી ટોચની ટીમને એક બોલ બાકી હતા ત્યારે ટાર્ગેટ સિદ્ધ કરીને મેચ ચાર વિકેટે જીતી લીધી હતી. છેલ્લી ઓવરમાં ગુજરાતને ૧૦ રન જોઈતા હતા અને માર્કસ સ્ટોઇનિસની સામે અર્શદ ખાન સ્ટ્રાઇક પર હતો. પહેલા વાઇડ હતો અને એ પછી અર્શદે ફાઇન લેગ પર ફ્લીક કરીને બાઉન્ડ્રી મારી હતી. એ પછી વોશિંગ્ટન સુંદરે સિક્સ ફટકારીને ગુજરાતને મેચ જીતાડી આપી હતી.

પંજાબે ભલે હારી હતી પણ તેણે છેલ્લે સુધી લડત આપી હતી અને પોતાનો સ્કોર મોટો ન હોવા છતાં છેક છેલ્લી ઓવર સુધી લઈ ગઈ હતી. આમ કરીને પંજાબે ફરી દેખાડ્યું હતું કે એ આ આઇપીએલ સીઝનમાં નંબર વન ટીમ શું કામ છે.

ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પંજાબ કિંગ્સે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૬૩ રન કર્યા હતા. પંજાબ તરફથી સૂર્યાંશ શેડગેએ શાનદાર અડધી સદી ફટકારી હતી. ગુજરાત ટાઇટન્સ તરફથી જેસન હોલ્ડરે ચાર વિકેટ લીધી હતી. સિરાજ અને રબાડાએ બે-બે વિકેટ લીધી હતી, જ્યારે રાશિદ ખાને એક વિકેટ મળી હતી.

ગુજરાત ટાઇટન્સે નિશાંત સિંધુને ડેબ્યૂ કરવાની તક આપી હતી. ઝેવિયર બાર્ટલેટ અને વિજયકુમાર વૈશાખની પંજાબ કિંગ્સની પ્લેઇંગ-૧૧માં વાપસી થઈ હતી. પંજાબ કિંગ્સની શરૂઆત ખરાબ રહી હતી. તેમણે પહેલી જ ઓવરમાં પ્રિયાંશ આર્ય અને કૂપર કોનોલીની વિકેટ ગુમાવી દીધી હતી. બંને બેટ્સમેનને મોહમ્મદ સિરાજે આઉટ કર્યા હતા. ત્યારબાદ પ્રભસિમરન સિંહ અને કેપ્ટન શ્રેયસ ઐયરે ૩૩ રનની ભાગીદારી સાથે ઇનિંગ્સને સ્થિર કરવાનો પ્રયાસ કર્યો. પ્રભસિમરન ૧૫ રને કગીસો રબાડાનો શિકાર બન્યો હતો. ■

# હૈદરાબાદના વિજયરથને રોક્યો કેકેઆરએ

## નારાયણ, ચક્રવર્તી ચમક્યાઃ યુઝી, ભુવી પછી આઈપીએલમાં ૨૦૦ વિકેટ લેનાર નારાયણ ત્રીજો બોલર



હૈદરાબાદઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની રવિવારે અહીં રમાયેલી મેચમાં ફરી ફોર્મમાં આવેલા વરુણ ચક્રવર્તી અને એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરી રહેલા સુનિલ નારાયણે કોલકાતા નાઈટ રાઈડર્સને સાત વિકેટે શાનદાર જીત અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, જેના કારણે સનરાઈઝર્સ હૈદરાબાદનો સતત પાંચ જીતનો સિલસિલો થંભી ગયો હતો. ચક્રવર્તી (૩/૩૬) અને નારાયણે (૨/૩૧) એસઆરએચને ૧૯ ઓવરમાં ૧૬૫ રનમાં ઓલઆઉટ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવ્યા બાદ, કેકેઆરએ ૧૦ બોલ બાકી રહેતા લક્ષ્યાંક હાંસલ કરીને સતત ત્રીજી જીત નોંધાવી હતી. લેગ-સ્પિનર ચક્રવર્તીની આ સતત ચોથી મેચ હતી જેમાં તેણે ઓછામાં ઓછી બે વિકેટ ઝડપી હતી, જ્યારે અનુભવી ઓફ-સ્પિનર નારાયણે આઇપીએલમાં ૨૦૦ વિકેટ લેનારા ત્રણ સભ્યોના વિશેષ ક્લબમાં સામેલ થઈ ગયો છે. પોતાની ૧૯૭મી મેચ રમી રહેલા નારાયણે, હવે આ ચુનંદી ક્લબમાં પેસર ભુવનેશ્વર કુમાર (૧૯૯ મેચમાં ૨૧૫ વિકેટ) અને સ્પિનર યુઝવેન્દ્ર ચહલ (૧૮૨ મેચમાં ૨૨૮ વિકેટ) સાથે જોડાઈ ગયો છે.

કોલકાતાએ જીત સાથે પ્લેઓફની આશા જીવંત રાખી છે. હૈદરાબાદે આપેલા ૧૬૬ રનના ટાર્ગેટનો પીછો કરતા કોલકાતાએ ૧૮.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૧૬૯ રન કરીને મેચ જીતી લીધી હતી. કોલકાતાએ આઈપીએલ ૨૦૨૬માં જીતની હેટટ્રિક હાંસલ કરી. અંગક્રિશ રઘુવંશીની ૫૯ રનની ઇનિંગ્સે કોલકાતાની જીતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સુનીલ નરેને આઈપીએલમાં ૨૦૦ વિકેટો પૂર્ણ કરીને ઈતિહાસ રચ્યો હતો. આ મેચમાં હૈદરાબાદે પહેલા બેટિંગ કરી ૧૬૫ રન કર્યા હતા. જવાબમાં રહાણે અને રઘુવંશીની ૮૪ રનની ભાગીદારીએ કોલકાતાની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

લક્ષ્યનો પીછો કરતા કોલકાતા તરફથી ફિન એલને ૨૯ રન કર્યા હતા. રહાણે અને રઘુવંશીએ બીજી વિકેટ માટે ૮૪ રનની ભાગીદારી નોંધાવી હતી. જોકે, રહાણે ૩૬ બોલમાં ૪૩ રન કરીને આઉટ થયો હતો. ત્યારબાદ રઘુવંશી ૪૭ બોલમાં ૫૯ રન કરીને આઉટ થયો હતો. ત્યારબાદ રિંકુ સિંહ અને કેમરૂન ગ્રીને મેચ પૂરી કરી હતી. રિંકુ ૧૧ બોલમાં ૨૨ રન કરીને અણનમ રહ્યો હતો. જ્યારે ગ્રીન ત્રણ રન કરીને અણનમ રહ્યો. ■

# આઈપીએલ પછી ઇમ્પેક્ટ પ્લેયર વિશે કરાશે સમીક્ષાઃ બીસીસીઆઇના સેક્રેટરીએ કરી જાહેરાત

મુંબઈઃ આઇપીએલની ચાલી રહેલી મેચ વચ્ચે ઇમ્પેક્ટ પ્લેયરના નિયમો મુદ્દે બીસીસીઆઇના સેક્રેટરી દેવજિત સાઇકિયાએ કહ્યું કે આ નિયમ પર છેલ્લા બે વર્ષથી ચર્ચા ચાલી રહી છે. તેમજ તેની સમીક્ષા આઇપીએલ ૨૦૨૬ સમાપ્ત થયા બાદ કરવામાં આવશે. હાલ નિયમોમા કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં. સાઇકિયાએ વધુમાં જણાવ્યું હતું કે, આઇપીએલના બધા ફેન્સ મેચનો આનંદ માણી રહ્યા છે. તેમજ બોલરો પણ સારી વિકેટો મેળવી રહ્યા છે. તેમજ અનેક મેચો ઓછી સ્કોરવાળી પણ હોય છે. જ્યારે અન્ય ટીમો ૨૬૦ રનના લક્ષ્યાંકને હાંસલ કરી રહી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ નિયમ અંગે ચર્ચા છેલ્લા બે વર્ષથી ચાલી રહી છે. આ ટુર્નામેન્ટ સમાપ્ત થયા બાદ અમે આ બાબતની સમીક્ષા કરીશું. અમે ટુર્નામેન્ટની મધ્યમાં કોઈ નિર્ણય લઈ શકતા નથી. મેં ક્યારેક મીડિયામાં આ વિશે વાંચ્યું છે. જો કે, જો ભાગ લેતી ટીમો તરફથી આવી કોઈ વિનંતી મળે, તો અમે નિર્ણય લેવા માટે બંધાયેલા રહીશું. પરંતુ અત્યાર સુધી, આવી કોઈ પરિસ્થિતિ ઊભી થઈ નથી.

આઇપીએલમાં ઇમ્પેક્ટ પ્લેયરના નિયમો લાગુ થયા બાદ હાઇ-સ્કોરિંગ મેચોની સંખ્યામાં વધારો થયો છે. તેમજ મેચમાં ૨૫૦ રનનો સ્કોર સામાન્ય હતો. તેમજ ફ્લેટ પિચ અને આ નિયમના લીધે બોલરો પણ દબાણ વધ્યું છે. તેમજ આ આ નિયમના પગલે ઓલરાઉન્ડરની ભૂમિકા ઓછી થઈ ગઈ છે. તેમજ અલગ અલગ ટીમો હવે સરળતાથી બેટ્સમેન અથવા બોલરને મેદાનમાં ઉતારી શકે છે. ■

# સન્માન બચાવવા લખનઊ સામે મેદાનમાં ઉતરશે મુંબઈ ઈન્ડિયન્સ

મુંબઈઃ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં આજે લખનઊ સુપરજાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાશે. જો મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલના પ્લેઓફની રેસમાં ટકી રહેવું હશે તો કોઈ પણ ભોગે જીત મેળવવી ખૂબ જરૂરી છે. કેપ્ટન હાર્દિક પંડ્યા અને મુખ્ય બેટ્સમેન સૂર્યકુમાર યાદવે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેની મેચમાં સારું પ્રદર્શન કરવું પડશે.

પંડ્યા (૧૪૬ રન અને ચાર વિકેટ) અને સૂર્યકુમાર યાદવ (૧૮૬)એ અત્યાર સુધી ખરાબ પ્રદર્શન કર્યું છે, જેનાથી મુંબઈને ઘણું નુકસાન થયું છે. આ ખાસ કરીને ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા ઈજાના કારણે રમી રહ્યો નથી ત્યારે તેની વાપસી પર સૌની નજર છે. પાંચ વખતની આઈપીએલ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ નવ મેચમાંથી ફક્ત બે જીત સાથે પોઈન્ટ ટેબલમાં નવમા સ્થાને છે. આઈપીએલ પ્લેઓફમાં સ્થાન મેળવવા માટેની તેમની આશા લગભગ ખતમ થઈ ગઈ છે. મુંબઈને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માટે ક્વોલિફાઈ થવાની પોતાની આશા જીવંત રાખવા માટે તેમની બાકીની બધી મેચ જીતવાની અને અન્ય ટીમો માટે અનુકૂળ પરિણામોની આશા રાખવી પડશે. તેમના મુખ્ય ખેલાડીઓએ અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું નથી. મુંબઈના નબળા પ્રદર્શને હાર્દિકની કેપ્ટનશીપ પર પણ સવાલ ઊભા કર્યા છે. તે વ્યૂહરચનાના સંદર્ભમાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે.

મુંબઈના બેટ્સમેનો સુસંગત પ્રદર્શન કરવામાં અસમર્થ રહ્યા છે. હાર્દિકનું બોલિંગ પ્રદર્શન અસંગત રહ્યું છે, પરંતુ તેની બેટિંગમાં નોંધપાત્ર સુધારાની જરૂર છે. સૂર્યકુમાર સારી શરૂઆતને મોટા સ્કોરમાં ફેરવવામાં નિષ્ફળ ગયો છે, જે ચિંતાનો વિષય છે, કારણ કે તે હવે પહેલાની જેમ બોલરો પર પ્રભુત્વ મેળવી શકતો નથી. ભારતના ટી-૨૦ કેપ્ટને ૨૦૨૫માં પણ સારું પ્રદર્શન કર્યું ન હતું. ૨૦૨૬માં તેની શરૂઆત સારી રહી હતી, પરંતુ ત્યારથી તેની બેટિંગ અસરકારક રહી નથી. તે સંપૂર્ણપણે ફોર્મમાં દેખાતો નથી. ■

# ફ્રાન્સે તોડ્યું ભારતનું સપનું, થોમસ કપમાં બ્રોન્ઝ મેડલથી માનવો પડ્યો સંતોષ

હોર્સન્સ (ડેન્માર્ક): થોમસ કપ સેમિફાઇનલમાં ભારતીય ખેલાડીઓને નિરાશાનો સામનો કરવો પડ્યો હતો. ફ્રાન્સે ડેન્માર્કના હોર્સન્સમાં ભારતને ૩-૦થી હરાવીને થોમસ કપ ૨૦૨૬ની ફાઇનલમાં પ્રવેશ કર્યો. ફાઈનલમાં પહોંચવાનું ભારતનું સ્વપ્ન સેમિફાઇનલમાં ચકનાચૂર થઈ ગયું. ૨૦૨૬માં તેમને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

લક્ષ્ય સેનની ગેરહાજરી ભારત માટે મોંઘી સાબિત થઈ અને એચ.એસ. પ્રણય પણ આયુષ શેટ્ટી અને કિદામ્બી શ્રીકાંતની જેમ હારી ગયો હતો. પ્રણયને વિશ્વના ૧૭મા નંબરના ખેલાડી ટોમા જુનિયર પોપોવ સામે ૧૯-૨૧, ૧૬-૨૧થી હાર મળી હતી. ભારત સંપૂર્ણપણે એકતરફી મેચમાં એક પણ ગેમ જીતી શક્યું નહીં. ■

# મેં પણ બ્રિજભૂષણ સામે જાતીય સીતમની ફરિયાદ કરેલીઃ વિનેશ ફોગાટ

નવી દિલ્હીઃ સ્ટાર કુસ્તીબાજ વિનેશ ફોગાટે રવિવારે મોટો ઘટસ્ફોટ કરતા કહ્યું હતું કે રેસ્ટલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાના વડા બ્રિજભૂષણ શરણ સિંહ સામે જાતીય અત્યાચારની મેં પણ ફરિયાદ કરી હતી.

બ્રિજભૂષણ સામેનો કેસ અદાલતમાં છે અને જુબાની નોંધાઈ રહી છે. વિનેશે કહ્યું હું કે મેં અગાઉ મારી ઓળખાણ ન આપવાનું નક્કી કર્યુ હતું અને હું ઈચ્છતી હતી કે કાનૂની પ્રક્રિયા ચાલુ રહે.

બ્રિજભૂષણ સામેનો કેસ કોર્ટમાં છે અને જુબાની નોંધાઈ રહી છે.

વિનેસે ત્રીજી મેએ એક વીડિયો મૂકીને લખ્યું હતું કે સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શિકા પ્રમાણે કોઈ પણ પીડિતાને ઓળખાણ બતાડવાની જરૂર નથી, કારણ કે એ બાબત તમારી આબરૂ અને માન સાથે સંકળાયેલી છે. જોકે આજે બદલાયેલા સંજોગોમાં હું તમને કંઈક કહેવા માંગું છું. કેસ વિચારાધીન છે. જોકે હું એ કહેવા માગું છું કે જે છ પીડિતાએ બ્રિજભૂષણ સામે ફરિયાદ કરી છે એ છમાંની એક હું છું અને અમારી જુબાની લેવાઈ રહી છે.

૨૦૦૩માં બ્રિજભૂષણ સામેના જંતરમંતરના દેખાવોનો મુખ્ય ચહેરો ફોગટ હતો. ફોગાટે કહ્યું હતું કે મારે અત્યારે મારી ઓળખ છતી કરવી પડી છે એનું કારણ એ છે કે કુસ્તી ફેડરેશન ગોંડામાં રેન્કિંગ ટૂર્નામેન્ટ અને ટ્રાયલ યોજાવાની છે. મને એ અંગે શંકા છે કે આ હરીફાઈ નિષ્પક્ષ હશે. આ એવું સ્થળ છે જ્યાં બ્રિજભૂષણ ખાસ્સી વગ ધરાવે છે. ટ્રાયલ તેની માલિકીની ખાનગી કૉલેજમાં રખાઈ છે. (એજન્સી) ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ડાહ્યું | ગંભીર |
| ડિલ | યુવતી |
| ડોશી | સ્થિર |
| ડોલણ | પાગલ |
| ડંફાસ | દિલ |

## માતૃભાષાની મહેક

જ્યાં ત્યાં ધામો નાખી બેસે વગર બોલાવ્યો બોલે, લાલો કહે માલાને તે તો તણખલાની તોલે. આમંત્રણ વિના ગમે ત્યાં પહોંચી જવું અને અભિપ્રાય ન માગ્યો હોવા છતાં ડહાપણ ડોળવાની કુટેવ કેટલાક લોકોને હોય છે. આ પ્રકારના લોકોની હાજરીમાં કોઈ નોંધ નથી લેવામાં આવતી અને એમનો મત ગણકારવામાં નથી આવતો.

## ગુજરાત મોરી મોરી રે

આદેશ્વર દાદા પદ્માસન અવસ્થામાં બિરાજમાન છે એ વલ્લભીપુરની ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી પ્રતિમા કયા જિલ્લામાં છે એ જાણો છો?

અ) કચ્છ બ) ભાવનગર
ક) બોટાદ
ડ) બનાસકાંઠા

## ઈર્શાદ

કદમ ઉપાડ્યાં જુદી દિશામાં, જવાનું છે એ સડક અલગ છે,
કરી પ્રતીક્ષા જુદી જ પળની, જે હાથ લાગી છે ક્ષણ અલગ છે.
--- જિગર જોશી

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | | ૪ |
| | | | | ૫ | | | | ૬ | |
| ૭ | ૮ | | | | | ૯ | ૧૦ | | |
| | ૧૧ | | ૧૨ | | | | | | ૧૩ |
| ૧૪ | | | | | ૧૫ | ૧૬ | | | |
| | | ૧૭ | | | | | | ૧૮ | |
| | | | | | ૧૯ | | | | |
| | ૨૦ | | ૨૧ | | | | | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | | | ૨૬ | | |
| | | ૨૭ | | | | ૨૮ | | | |

### આડી ચાવી

૧. મા-બાપ (૪)
૩. લાગ, પ્રસંગ (૨)
૫. આનંદ (૩)
૬. બોલે તેના --- વેચાય (૨)
૭. જૂનાં જમાનાનું લડાઈનું એક હથિયાર (૨)
૯. પોતાનાં અભિપ્રાય પાછળ અંધ બનેલું (૩)
૧૧. સંસ્થાન (કોલોની) (૪)
૧૪. દીકરો (૨)
૧૫. પાક (૩)
૧૭. દાણાદાર ખાંડ (૩)
૧૮. શિક્ષા (૨)
૧૯. પૂર્વે થયેલું કે આગળ જતું (૪)
૨૦. ઘર, રહેઠાણ (૩)
૨૨. અવાજ, ધ્વનિ (૨)
૨૪. --- લેવો=દાખલો કે બોધ લેવો (૨)
૨૫. ઈચ્છા, અભિલાષા (૩)
૨૭. જમા ઉધારનો હિસાબ (૨)
૨૮. પ્રયોગ, અજમાયશ (૪)

### ઊભી ચાવી

૧. હાથી (૩)
૨. સાર, રહસ્ય (૨)
૩. ઋતુ (૩)
૪. કબર (૨)
૫. અવિનયી, ઉચ્છૃંખલ (૩)
૬. ઉપદેશ, શિખામણ (૨)
૮. નોતરું, ઈજન (૩)
૧૦. ચોખા (૩)
૧૨. સહસ્ર (૩)
૧૩. જૈન સાધ્વી, ગરણીજી (૩)
૧૪. ફૂલ (૩)
૧૬. આશ્રય, હૂંફ (૩)
૧૭. હાજર, હયાત (૩)
૧૮. પવન (૩)
૧૯. કંસે કૃષ્ણને મારવા મોકલેલી રાક્ષસી (૩)
૨૦. કોહવાટ (૨)
૨૧. ઉપયોગ વિનાનું, નિરર્થક (૩)
૨૩. વેચાણ (૩)
૨૪. ગાય ભેંસનું ટોળું (૨)
૨૬. વિષ, ઝેર (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ અ | ૨ મા | ન | ૩ ત | | ૪ મ | ત | લ | ૫ બ |
| ૬ અ | ભ્યા | સ | | ૭ ર | મ | ણ | | | વ |
| ૮ જ | ગ | | | બ | | કો | | ૯ આ | ળું |
| | ત | | ૧૦ અં | ત | ર | | ૧૧ કે | દ | |
| ૧૨ સાં | | ૧૩ વ | | ર | | ૧૪ પા | વ | ર | ૧૫ ધું |
| ૧૬ સા | ૧૭ વ | ચે | ત | | ૧૮ સ | | ળ | | બો |
| | ૧૯ હા | ટ | | ૨૦ અ | ડ | ગ | | ૨૧ મ | |
| ૨૨ પ | ણ | | ૨૩ પો | | સ | | | ૨૪ નો | ૨૫ મ |
| ડા | | | ૨૬ કા | ગ | ડા | | ૨૭ સ | હા | ય |
| ૨૮ વ | તે | સ | ર | | ૨૯ ટ | કા | વ | રી | |

## ઓળખાણ પડી?

કેસરગઢ કિલ્લા અથવા તખ્ત કેસરગઢ સાહિબ તરીકે ઓળખાતું અને ગુરુ ગોવિંદ સિંહએ બંધાવેલું ગુરુદ્વારા કયા શહેરથી નજીક છે?



અ) અમૃતસર બ) લુધિયાણા ક) ચંદીગઢ ડ) ગ્વાલિયર

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘ડગલે ને પગલે સમસ્યા કનડી રહી છે’ પંક્તિમાં કનડીનો અર્થ શું થાય એ જણાવો.

અ) પજવણી બ) વધારી ક) જન્મી ડ) કારણભૂત

## માઈન્ડ ગેમ

દુનિયાના દેશોમાં વિવિધ ચલણથી આપસમાં વ્યવહાર થાય છે. રૂબલ તરીકે ઓળખાતું ચલણ કયા દેશમાં અસ્તિત્વમાં છે એ જાણો છો?

અ) રશિયા બ) હંગેરી ક) મલેશિયા ડ) સોમાલિયા

## સુડોકુ-૯૨૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૮ | | ૨ | | | ૯ |
| | | ૪ | | ૩ | | ૬ | | |
| ૬ | ૭ | | | | | | | |
| ૮ | ૪ | ૨ | | | | | ૧ | |
| ૩ | | | | | | | | ૮ |
| | ૫ | | | | | ૨ | ૪ | ૭ |
| | | | | | | | ૩ | ૪ |
| | | ૩ | | ૫ | | ૮ | | |
| ૯ | | | ૩ | | ૬ | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૬ | ૮ | ૫ | ૧ | ૨ | ૯ | ૭ |
| ૮ | ૫ | ૯ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૪ |
| ૭ | ૨ | ૧ | ૯ | ૬ | ૪ | ૮ | ૩ | ૫ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૧ | ૬ | ૪ | ૭ | ૯ |
| ૬ | ૪ | ૫ | ૩ | ૯ | ૭ | ૧ | ૨ | ૮ |
| ૯ | ૧ | ૭ | ૪ | ૨ | ૮ | ૩ | ૫ | ૬ |
| ૫ | ૯ | ૮ | ૨ | ૪ | ૩ | ૭ | ૬ | ૧ |
| ૧ | ૭ | ૩ | ૬ | ૮ | ૫ | ૯ | ૪ | ૨ |
| ૨ | ૬ | ૪ | ૧ | ૭ | ૯ | ૫ | ૮ | ૩ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| ડગમગુ | સ્થિર |
| ડોફળ | ચાલાક |
| ડરપોક | નીડર |
| ડહોળું | સ્વચ્છ |
| ડામીજ | સાલસ |

ગુજરાત મોરી મોરી રેઃ
જૂનાગઢ

ઓળખાણ પડી?
તિબેટ

માઈન્ડ ગેમ :
બાંગ્લાદેશ

ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ
કાપવું

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરુ કાપડિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) ભરત કજરિયા (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) વિજય આસર (૨૧) અંજુ ટોલિયા (૨૨) વિણા સંપટ (૨૩) દેવેન્દ્ર સંપટ (૨૪) અરવિંદ કામદાર (૨૫) પુષ્પા ખોના (૨૬) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૨૭) ડાયના સંતોકે (૨૮) જયવંત પદમશી ચિખલ (૨૯) કમલ માતલિયા (૩૦) અલકા વાણી (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) હીના દલાલ (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) ડો. પ્રકાશ કટકિયા (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) મહેશ દોશી (૪૧) પુષ્પા પટેલ (૪૨) મહેન્દ્ર લોઢાવિયા (૪૩) લજીતા ખોના

# પુણેમાં પાપ

# ‘નરાધમને ફાંસી ન અપાય ત્યાં સુધી એકેય રાજકારણીએ ઘરે આવવું નહીં”

## પીડિત બાળકીના પિતાએ વીડિયો બહાર પાડીને આપ્યો સંદેશ

પુણેઃ પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં ચાર વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કર્યાની ઘટના બાદ ઉશ્કેરાયેલા ગામવાસીઓએ પોલીસ સામે દેખાવ કરી મોરચો કાઢ્યો હતો અને મુંબઈ-બેંગલુરુ હાઇવે પર રસ્તારોકો કર્યું હતું. બીજી તરફ રાજ્યમાં અનેક ઠેકાણે આંદોલન તેમ જ રસ્તારોકો કરવામાં આવી રહ્યા છે અને બાળકીના ન્યાય અપાવવા માટે આરોપીને ફાંસી આપવાની માગણી કરવામાં આવી રહી છે, જ્યારે અનેક રાજકીય નેતાઓ બાળકીને ઘરે જઇને પરિવારજનોને સાંતવન આપી રહ્યા છે.

એવામાં બાળકીના પિતાએ વીડિયો બહાર પાડીને જણાવ્યું છે કે નરાધમને જ્યાં સુધી ફાંસી ન અપાય ત્યાં સુધી એકેય રાજકારણીએ ઘરે આવવું નહીં.

બાળકીના પિતાએ વીડિયોમાં કહ્યું છે કે નમસ્કાર, હું બાળકીનો પિતા. હાલ હું અસ્થિ વિસર્જન માટે દેહુ ખાતે આવ્યો છું. એવામાં મારા મિત્રોના મને ફોન આવ્યા હતા અને તેણે જણાવ્યું હતું કે ઘણા રાજકારણીઓ સાંતવન આપવા ઘરે આવી રહ્યા છે. જોકે મારી અને મારા પરિવારની એક જ ઇચ્છા છે કે એ નરાધમને ફાંસી આપવામાં (જુઓ પાનું ૪) ⏩

### ■ મને ફસાવવામાં આવ્યોઃ આરોપીનો કોર્ટમાં દાવો

બાળકી સાથે દુષ્કર્મ અને તેની હત્યા બાદ પોલીસે આરોપી ભીમરાવ કાંબળેની ધરપકડ કરી હતી અને તેને પુણે કોર્ટમાં હાજર કરાયો ત્યારે આરોપીએ દાવો કર્યો હતો કે તેણે ગુનો આચર્યો નહોતો, તેને નજીવા વિવાદને લઇ ફસાવવામાં આવ્યો છે.

પુણે ગ્રામીણ પોલીસે આરોપી કાંબળેને વિશેષ જજ એમ.જી. ચવાણ સમક્ષ હાજર કર્યો હતો. એ સમયે તેણે જજ સમક્ષ ગુનો કબૂલવાને બદલે પોલીસ પર આરોપ કરવાનો પ્રયાસ કરતાં જણાવ્યું હતું કે નજીવા વિવાદને લઇ તેને ફસાવવામાં આવ્યો છે અને અહીં લાવવામાં આવ્યો છે. જોકે પોલીસે ગુનાની ગંભીરતા જણાવીને આરોપીની પોલીસ કસ્ટડીની માગણી કરી હતી.

તપાસકર્તા અધિકારી વિજયમાલા પવાર અને સરકારી વકીલ અરુંધતી બ્રહ્મેએ આરોપીની પોલીસ કસ્ટડીની (જુઓ પાનું ૪) ⏩

### ■ સરકાર મૃત્યુદંડ અને ફાસ્ટ ટ્રેક ટ્રાયલની માગણી કરશેઃ ફડણવીસ

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે નાગપુરમાં એવી ખાતરી આપી હતી કે સરકાર પુણેમાં નોંધાયેલા બાળકીના બળાત્કાર-હત્યા કેસમાં આરોપીઓને મૃત્યુદંડની સજા માટે દબાણ કરશે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ‘રેકોર્ડ સમયમાં’ ન્યાય સુનિશ્ચિત કરવા માટે ટ્રાયલને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવશે.

પહેલી મેના રોજ પુણેના ભોર તાલુકામાં એક બાળકી પર જાતીય હુમલો અને હત્યા કરવાના આરોપમાં ગુનાહિત રેકોર્ડ ધરાવતા ૬૫ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાથી ભોર વિસ્તારમાં ભારે આક્રોશ ફેલાયો હતો, જેમાં સેંકડો ગ્રામજનોએ આરોપીઓ સામે કાર્યવાહીની માંગણી કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.વિપક્ષી પક્ષોના નેતાઓએ પણ તેની આકરી ટીકા કરી છે, જેમણે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અંગે સરકારની ટીકા કરી છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહીની માગણી કરી છે.

નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે તેમણે ચાર (જુઓ પાનું ૪) ⏩

### ■ શક્તિ કાયદાને અમલમાં મૂકવાની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને એનસીપી (એસપી)ના નેતા અનિલ દેશમુખે રવિવારે પુણે જિલ્લામાં બે સગીરો પર થયેલા બળાત્કાર અને હત્યાનો ઉલ્લેખ કરીને દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની સરકારમાં ‘કાયદાનો ડર’ અસ્તિત્વમાં છે કે કેમ એવો સવાલ ઉઠાવતાં શક્તિ કાયદાના તાત્કાલિક અમલની હાકલ કરી હતી.

મુંબઈમાં પત્રકારોને સંબોધતાં, દેશમુખે મહાયુતિ સરકાર અને કેન્દ્ર સરકાર પર આવા જઘન્ય કેસોમાં મૃત્યુદંડની જોગવાઈ ધરાવતા કાયદા પર ‘જવાબદારીમાંથી છટકી’ જવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં સાડા ત્રણ વર્ષની બાળકી પર ક્રૂર બળાત્કાર અને હત્યા અને પુણે જ જિલ્લાના ચાકણ વિસ્તારમાં એક સગીર પર આવા જ પ્રકારના ગુનાને ‘ખૂબ જ ચિંતાજનક’ ગણાવ્યું.

‘મહારાષ્ટ્ર દિવસે આવી શરમજનક ઘટના બની તે અત્યંત પીડાદાયક છે. આ ઘટનાઓ રાજ્યમાં કાયદાનો ડર હજુ પણ અસ્તિત્વમાં છે કે નહીં તે અંગે ગંભીર સવાલ ઉઠાવે છે,’ એમ તેમણે કહ્યું હતું. ■

### ■ કેસની તપાસ માટે એસઆઇટીની રચના કરાઇ

પુણેઃ બાળકી સાથે દુષ્કર્મ અને હત્યાની ઘટનાને કારણે લોકોમાં ભારે રોષ વચ્ચે કેસની તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)ની રચના કરવામાં આવી છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અમે એસઆઇટીની રચના કરી છે, જેમાં બે મહિલા સહિત છ અધિકારીઓનો સમાવેશ છે. કેસની તપાસ કઇ રીતે આગળ વધી રહી છે તેને આધારે અમે ટીમમાં વધુ કર્મચારી-અધિકારીઓને ઉમેરશું. એસઆઇટી કેસની સંપૂર્ણ તપાસ કરશે.

આ કેસમાં પંદર દિવસમાં આરોપી વિરુદ્ધ કોર્ટમાં આરોપનામું દાખલ કરવાની પોલીસ તૈયારી કરી રહી છે. આરોપીને વહેલી સજા થાય એ માટે આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે, એમ એસપી સંદીપસિંહ ગિલે જણાવ્યું હતું. ■

### ■ ૨૦ વર્ષ અગાઉ ગામમાંથી હાંકી કઢાયેલો

આરોપી કાંબળે પહેલાથી વિકૃત માનસિકતા ધરાવતો હતો અને આને કારણે તેને ૨૦ વર્ષ અગાઉ ગામવાસીઓએ ગામમાંથી હાંકી કાઢ્યો હતો. ગામવાસીઓના કહેવા મુજબ લોકોનું કહેવું છે કે આરોપી ગામમાં બકરાં અને મરઘાને પણ નથી છોડ્યા. કાંબળે ગામમાં ખેતરમાં જતી મહિલાઓને ખરાબ નજરથી જોતો હતો અને પીછો કરતો હતો. અનેક વાર તેણે મહિલાઓ સાથે ગેરવર્તન કર્યું હતું. જોકે બદનામીના ડરથી મહિલાઓએ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. તાજેતરમાં દુષ્કર્મ આચર્યા બાદ બાળકીની હત્યાની ઘટના બાદ ગામવાસીઓમાં રોષ હોવાથી વધુ કોઇ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ■

### ■ વિશેષ કોર્ટે પોલીસને ફટકાર લગાવી

આરોપી કાંબળેને કોર્ટમાં હાજર કર્યા બાદ પોલીસે જજ સમક્ષ રિમાન્ડ કોપી રજૂ કરી હતી, પણ તેમાં કાંબળેના અગાઉના ગુના અંગેનો ઉલ્લેખ નહોતો. આરોપીના અગાઉના ગુનાનો ઉલ્લેખ ન કર્યો હોવાથી કોર્ટે પોલીસને ફટકાર લગાવી હતી. કોર્ટે ત્યાર બાદ પોલીસને પંદર મિનિટનો સમય આપ્યો હતો. આથી પંદર મિનિટમાં રિમાન્ડ કોપી બદલી અને તેને કોર્ટ સમક્ષ રજૂ કરી હતી. ત્યાર બાદ કોર્ટે આરોપીને સાતમી મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપી કાંબળે વિરુદ્ધ ૧૯૯૮ અને ૨૦૧૫માં આવા પ્રકારના ગુના દાખલ હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. પોતાની સગી ભત્રીજી સાથે દુષ્કર્મનો અને ૭૫ વર્ષની વૃદ્ધા પર જાતીય હુમલાનો તેના પર આરોપ છે. ■

**નસરાપુર બાદ હવે સાંગલી**

# આઠ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ, તેની માતાનો કર્યો વિનયભંગ

સાંગલીઃ પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં ૬૫ વર્ષના મજૂરે ચાર વર્ષની બાળકી સાથે અમાનુષી કૃત્ય આચર્યા બાદ તેની હત્યાની ચકચારી ઘટના તાજી છે ત્યારે સાંગલીમાં નરાધમે આઠ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી હતી. પોલીસે આ પ્રકરણે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર બાળકી અને તેની માતા બે દિવસ અગાઉ પોતાના ઘરમાં હતી અને માતાએ ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દેતાં ઘરની નજીક ઊભેલા આરોપી વિક્રાંત શંકર બાબર ઉર્ફે છોટેને ગુસ્સો આવ્યો હતો. આરોપી ત્યાર બાદ બાળકીની માતાને અશ્લીલ ગાળો ભાંડી હતી અને તેનો વિનયભંગ કર્યો હતો.

દરમિયાન આ ઘટના બાદ ગભરાયેલી બાળકી અચાનક જોરજોરમાં રડવા લાગી હતી. તેને રડતી જોઇને માતાએ પૂછપરછ કરતાં બાળકીએ માતાને તમામ હકીકત જણાવી હતી. બાળકીએ માતાને કહ્યું હતું કે આરોપીએ તેની પણ જાતીય સતામણી કરી હતી. આ સાંભળી માતાને આઘાત લાગ્યો (જુઓ પાનું ૪) ⏩

# પાલઘરની ૫૭ સ્કૂલમાં નવમા અને દસમાના વર્ગ બંધ

### ભંડોળના અભાવે નાછૂટકે લેવાયો નિર્ણય

પાલઘરઃ પાલઘર જિલ્લા પરિષદે ભંડોળની અછત અને શિક્ષકોના પગાર અંગે કાયદાકીય ગૂંચવણ નિર્માણ થતા જિલ્લાની ૫૭ શાળાઓમાં ધોરણ નવ અને ૧૦ના વર્ગ બંધ કરી દીધા છે.

સત્તાવાર આદેશનો ઉલ્લેખ કરતા જિલ્લા પરિષદે જણાવ્યું હતું કે નવમા અને દસમા ધોરણમાં ભણાવવા માટે શિક્ષકોના પદ માટે રાજ્યની સત્તાવાર મંજૂરી ન હોવાથી ટ્રાઈબલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટે ભંડોળ ફાળવવાનો ઈન્કાર કર્યો છે.

અગાઉ જિલ્લા પરિષદ શિક્ષકોના પગાર માટે તેમના ‘સેસ (જુઓ પાનું ૪) ⏩

### મુંબઇ ડિવિઝનની ૧૦ કૉલેજનું પરિણામ શૂન્ય ટકા

મુંબઈ : ધોરણ ૧૨ ના પરિણામોમાં ૧૦૦ ટકા સફળતા મેળવવા બદલ ઘણી કોલેજોને પ્રશંસા મળી છે, તો બીજી તરફ કેટલીક કોલેજો માટે પરિણામો થોડા નિરાશાજનક રહ્યા છે. મુંબઈ વિભાગમાં કુલ દસ જુનિયર કોલેજોએ શૂન્ય ટકા પરિણામ મેળવ્યું છે, જેમાંથી ત્રણ કોલેજોનું એકંદર પરિણામ શૂન્ય ટકા છે, જ્યારે સાત કોલેજોમાં એક ચોક્કસ શાખામાં બધા વિદ્યાર્થી ફેલ થયા છે.

નોંધનીય છે કે, આ ૧૦ કોલેજોમાંથી મહત્તમ ચાર કોલેજો થાણે જિલ્લામાં છે. કોઈપણ કોલેજની શૈક્ષણિક ગુણવત્તા તેના પરિણામ પરથી માપવામાં આવે છે. દરેક વિદ્યાર્થી જે તે કોલેજના પરિણામો જોઈને પ્રવેશ લે (જુઓ પાનું ૪) ⏩

# હવે કેટલાક વિધાનસભ્યો, સાંસદોને સન્માન નહીં!

## રાજ્ય સરકારે આદેશ જારી કરીને મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે અને જનપ્રતિનિધિઓને સન્માન આપવા અંગેના નિયમો સ્પષ્ટ કર્યા છે. એક સુધારિત આદેશ જારી કરવામાં આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે સરકારી અધિકારીઓએ ફોજદારી કે અન્ય કેસોમાં દોષી ઠરેલા વિધાનસભ્યો અને સાંસદો તેમજ તપાસ કે સુનાવણીમાં પક્ષકાર તરીકે હાજર રહેલા લોકોને વિશેષ સન્માન આપવાની જરૂર નથી.

છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારને વિધાનસભ્યો અને સાંસદો તરફથી સરકારી અધિકારીઓ દ્વારા ‘સન્માનનો અભાવ’ હોવાની ઘણી ફરિયાદો મળી હતી. અધિકારીઓ દ્વારા અપેક્ષિત સન્માન ન આપવાની અથવા કામ કરવાનો ઇનકાર કરવાની ઘટનાઓ (જુઓ પાનું ૪) ⏩

# મુંબઇ એરપોર્ટ પર સાત કરોડના ડ્રગ્સ સહિત ઈલેક્ટ્રોનિક સામાન, કોસ્મેટિક્સ, સોનું જપ્ત

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગ અને ડિરેક્ટરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર સાત કરોડ રૂપિયાના ડ્રગ્સ સહિત ઇલેક્ટ્રોનિક સામાન, કોસ્મેટિક્સ અને સોનું જપ્ત કર્યું હતું અને આ પ્રકરણે વિદેશી નાગરિક ત્રણની ધરપકડ કરી હતી.

ડીઆરઆઇના અધિકારીઓએ શનિવારે મોડી રાતે નૈરોબીથી ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવી પહોંચેલા જેઝરિલ લુવાડો કેસ્ટલક્યુનોને નામના વિદેશી નાગરિકને શંકાને આધારે આંતર્યો હતો. તેના સામાનની તલાશી લેવામાં આવતાં બેગમાંથી ૧,૪૨૬ ગ્રામ કોકેઇન/મેથક્યુલન નામનું ડ્રગ્સ મળી આવ્યું હતું.

સાઉથ આફ્રિકાના જોહનિસબર્ગના રહેવાસી જેઝરિલને આ કામ માટે મુંબઈના આરિફ દાઉદ પટેલે મદદ કરી હોવાનું તપાસમાં સામે આવ્યા બાદ તેને પણ તાબામાં લેવામાં આવ્યો હતો. બંને જણ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરાઇ હતી અને કોર્ટે બંને જણને (જુઓ પાનું ૪) ⏩

**એનસીપીમાં નેતૃત્વ સંઘર્ષ વધુ તીવ્ર**

# પ્રફુલ પટેલ અને પાર્થ પવાર વચ્ચે શીતયુદ્ધ ચાલી રહ્યું હોવાના સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અજિત પવારના નિધન પછી એનસીપીમાં નેતૃત્વ સંઘર્ષ વધુ તીવ્ર બન્યો હોવાનું જોવા મળી રહ્યું છે. પાર્ટી વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પ્રફુલ પટેલ અને ખાસ કરીને પવારપુત્ર પાર્થ પવાર વચ્ચે જોરદાર શીત યુદ્ધ ચાલી રહ્યું છે.

નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને પાર્ટીના પ્રમુખ બનાવાયા પછી, તેમના હસ્તાક્ષર હેઠળ ચૂંટણી પંચને એક પત્ર મોકલવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે ૨૮ જાન્યુઆરીથી ૧૦ માર્ચ વચ્ચેના કોઈ પત્રવ્યવહારને સ્વીકારવામાં ન આવે. પછી વિવાદ વકર્યો હતો. સુનેત્રા પવારની દિલ્હી મુલાકાત દરમિયાન, પટેલ અને પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે નવી દિલ્હીમાં હોવા છતાં દૂર રહ્યા હતા. પવાર પરિવાર વિરુદ્ધ પટેલ અને તટકરે વચ્ચેનો વિવાદ વકર્યો છે તે હકીકત સામે આવી હતી. તે પછી, પાર્થ પવારે પટેલ અને તટકરેની પ્રશંસા કરતી એક પત્રિકા બહાર પાડી હતી, જેનાથી ઇચ્છિત સંદેશ ખોવાઈ ગયો હતો.

વિધાનસભા ચૂંટણી પહેલા પાર્ટીની છબી સુધારવા માટે, નવી દિલ્હી સ્થિત નરેશ અરોરાની ‘ડિઝાઇન બોક્સ’ કંપનીને પ્રચારનું કામ સોંપવામાં આવ્યું હતું. અરોરાની સલાહ પર, અજિત પવારે ગુલાબી રંગનું જેકેટ પહેરવાનું શરૂ કર્યું. પ્રચાર પ્રણાલીના અમલમાં પણ અરોરાની ભૂમિકા મહત્વપૂર્ણ હતી. પાર્ટીમાં અરોરાનું મહત્વ વધી (જુઓ પાનું ૪) ⏩

# ભાજપના તમામ નગરસેવકોને નોટિસઃ સભાગૃહમાં ગેરહાજર રહેવું ભારે પડયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના ભાજપના તમામ ૮૯ નગરસેવકોને ગયા અઠવાડિયામાં સભાગૃહમાં ગેરહાજર રહેવા બદલ નોટિસ ફટકારવામાં આવી છે. સત્તાધારી પક્ષ પાસે સભાગૃહમાં પૂરતા નગરસેવકનું સંખ્યાબળ નહીં હોવાથી ગયા અઠવાડિયે તાકીદના કામ તરીકે લાવવામાં આવેલા પ્રસ્તાવને સંખ્યાબળને અભાવે મંજૂર કરવામાં નિષ્ફળતા મળી હતી. તેની ભાજપના પક્ષઅગ્રણી ગીન્નાયા છે અને તમામ નગરસેવકોને નોટિસ ફટકારીને બે દિવસની અંદર જવાબ માગવામાં આવ્યો છે.

મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપ અને શિંદે સેના પાસે બહુમતી હોવા છતાં ગયા અઠવાડિયામાં ગુરુવારે વિરોધપક્ષે બાજી પલટી દીધી હતી. તાકીદના કામ તરીકે લાવવામાં આવેલા પ્રસ્તાવને વિરોધપક્ષે બહુમતીએ ફગાવી દીધો હતો. ભાજપે પક્ષઆદેશ કાઢ્યો હોવા છતાં નગરસેવક સમયસર પહોંચ્યા નહોતા અને તેને કારણે સત્તાધારીઓને નીચાજોણું થયું હતું. વિરોધપક્ષે એકજુટ થઈને તાકીદના કામકાજનો (જુઓ પાનું ૪) ⏩

# વિધાન પરિષદની ચૂંટણી બિનહરીફ!

## અપક્ષ ઉમેદવારોની અરજીઓ રદ, આજે બિનહરીફ ચૂંટાયેલા જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દ્વિવાર્ષિક વિધાન પરિષદની ચૂંટણીમાં, ભાજપના પાંચ, શિવસેના શિંદે જૂથના બે અને એનસીપી અજિત પવાર જૂથ અને શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પક્ષના એક-એક ઉમેદવારોની ચૂંટણી અરજીઓ માન્ય જાહેર કરવામાં આવી હતી. જ્યારે ચાર અપક્ષ ઉમેદવારોની અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. તેથી, આ ચૂંટણી બિનહરીફ થઈ ગઈ હોવાનું સ્પષ્ટ થાય છે અને વિજેતા ઉમેદવારોની જાહેરાત સોમવારે કરવામાં આવશે.

વિધાન પરિષદની ચૂંટણીમાં નવ બેઠકો માટે કુલ ૧૭ ઉમેદવારી પત્રો દાખલ કરવામાં આવ્યા હતા. રાજકીય પક્ષોના ચાર ઉમેદવારોએ બે-બે અરજીઓ દાખલ કરી હતી. આ ઉપરાંત, ચાર લોકોએ અપક્ષ તરીકે અરજીઓ દાખલ કરી હતી. આ ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન, રાજકીય પક્ષોના ઉમેદવારોની અરજીઓ માન્ય જાહેર કરવામાં આવી (જુઓ પાનું ૪) ⏩

# મિસિંગ લિંક પર વાહનો રોકી સેલ્ફી લેનારાઓ સામે થશે કાર્યવાહી

પુણેઃ મુંબઈ-પુણે મિસિંગ લિંકનું ઉદ્‌ઘાટન થતાંની સાથે જ આ માર્ગ પ્રવાસીઓમાં લોકપ્રિય થઇ ગયો છે, પણ તેની સાથે જ એક ગંભીર સુરક્ષા મુદ્દો ઊભો થયો છે. આ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટનના બે દિવસમાં તે સેલ્ફી પોઈન્ટ બની ગયું છે અને ઘણા વાહનચાલકો મિસિંગ લિંક પર રોકાઈને, સેલ્ફી લેતા અને રીલ બનાવતા જોવા મળે છે. આનાથી અકસ્માતોનું ગંભીર જોખમ હોવાથી મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) એ કાર્યવાહી કરી છે.

મિસિંગ લિંક પ્રોજેક્ટ વિશે વાહનચાલકોમાં ઉત્સુકતા અને આકર્ષણ છે, તેથી પ્રોજેક્ટ ટ્રાફિક માટે ખુલ્લો મૂકાયા પછી બંને તરફના રસ્તા પર રોકાયેલી કારના દ્દશ્યો દેખાવા લાગ્યા છે. વાહનચાલકો જીવના જોખમે સેલ્ફી લેતા અને રીલ બનાવતા (જુઓ પાનું ૪) ⏩

### ડ્રગ્સ સાથે એકની ધરપકડ

થાણેઃ નવી મુંબઇમાં ૮૬ લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે રવિ ખાટીક નામના શખસની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.પોલીસ અધિકારીઓ શનિવારે મોડી રાતે બે વાગ્યાની આસપાસ ઉલવે વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે હાઉસિંગ કોમ્પ્લેક્સ નજીક શંકાસ્પદ હાલતમાં ફરી રહેલા રવિ ખાટીક પર તેમની નજર પડી હતી.પોલીસ ટીમે રવિને તાબામાં લઇને તેની તલાશી લેતાં ૩૪૪ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું, જેની કિંમત ૮૬ લાખ રૂપિયા હતી.આરોપી રવિ ઉલવે વિસ્તારમાં રહે છે. (પીટીઆઇ)



ચાંપતો બંદોબસ્તઃ મેડિકલ ક્ષેત્રની મહત્ત્વણી ગણાતી નીટની પરીક્ષા રવિવારે યોજાઈ હતી. પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારોની પોલીસ દ્વારા ચકાસણી કરાઈ હતી. (અમય ખરાડે)

# નિવૃત્તિ પછી સરકારી આવાસ ખાલી કરવા પડશેઃ રાજયના સરકારી કર્મચારીઓને હાઈ કોર્ટની ફટકાર

મુંબઈઃ રાજ્યના અમુક વર્ગના સરકારી કર્મચારીઓને તેમની નોકરી દરમિયાન શહેરના શ્રેષ્ઠ વિસ્તારોમાં આવાસ આપવામાં આવે છે, પણ નિવૃત્તિ બાદ નેતાઓની જેમ સરકારી કર્મચારીઓ પણ આવાસ ખાલી કરવા ઠાગાઠૈયા કરતા હોય છે.

હાઈ કોર્ટે તાજેતરમાં રાજ્ય સરકારના કર્મચારીઓની પવઈના ઉચ્ચ કક્ષાના ‘‘હીરાનંદાની ટાઉનશીપ’’ વિસ્તારમાં ‘‘બ્લુ બેલ’’ બિલ્ડિંગમાં સરકારી રહેઠાણોની માલિકી આપવાની માગને ફગાવી દીધી હતી. કોર્ટે સરકારી કર્મચારીઓની માગણીને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું કે તેઓ આવા ફ્લેટમાં ફક્ત ત્યાં સુધી રહી શકે છે જ્યાં સુધી તેઓ સેવામાં હોય. ત્યારબાદ તેમને ત્યાં રહેવાનો કોઈ કાયદેસર અધિકાર નથી અને બિલ્ડિંગમાં રહેતા ૭૨ નિવૃત્ત કર્મચારીઓને ફ્લેટ ખાલી કરવા માટે ૧૨ અઠવાડિયાનો સમય આપ્યો હતો.

કોર્ટે ઇમારતમાં રહેતા વિવિધ સરકારી વિભાગોના સેવારત અને નિવૃત્ત સરકારી કર્મચારીઓ દ્વારા દાખલ કરાયેલી ત્રણ અલગ-અલગ અરજીઓ ફગાવી દીધી હતી. તેમણે શહેરી વિકાસ વિભાગ અને જિલ્લા કલેક્ટર પાસેથી ઇમારતમાં રહેલા ફ્લેટની માલિકી તેમને ટ્રાન્સફર કરવાનો આદેશ માગ્યો હતો. જોકે ન્યાયાધીશ ભારતી ડાંગરે અને મંજુષા દેશપાંડેની બેન્ચે અરજદારોની અરજીને ફગાવી દીધી અને કહ્યું કે તે યોગ્યતાની કસોટી પર ખરી ઉતરતી નથી. ૨૦૧૨માં એક જાહેર હિતની અરજીનો નિર્ણય લેતી વખતે હાઇ કોર્ટે રાજ્ય સરકારને આ ફ્લેટ ચોક્કસ કિંમતે ખરીદવા અને પછી તેને સરકારી કર્મચારીઓને વેચવાનો આદેશ આપ્યો હતો. આ ચુકાદાના આધારે, અરજદારોએ ફ્લેટની માલિકીની માગણી કરી હતી. જોકે, સરકારે ‘‘બ્લુ બેલ’’ બિલ્ડિંગમાં આ ૭૨ ફ્લેટને ‘‘સરકારી રહેઠાણો’’ તરીકે ફાળવવાનો નિર્ણય લીધો હોવાથી કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે જે અરજદારો હાલમાં સેવામાં છે તેઓ આ ફ્લેટમાં ફક્ત ત્યાં સુધી રહી શકે છે જ્યાં સુધી તેઓ સરકારી સેવામાં હોય. કોર્ટે એ પણ સ્પષ્ટતા કરી હતી કે જો કોઈ નિવૃત્ત કર્મચારી ૧૨ અઠવાડિયાના સમયગાળામાં ફ્લેટ ખાલી નહીં કરે, તો સરકાર તેને ત્યાંથી કાઢી મૂકી શકે છે.



રાજકોટમાં યુજી નીટની પરીક્ષા લેવાઈ હતી. શહેરમાં ૫,૫૬૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં એમ્બ્યુલન્સમાં દારૂની હેરાફેરી કરતા બે શખ્સો ઝડપાયાઃ ₹ ૯.૫૮ લાખના દારૂ સહિત ₹ ૧૪ લાખનો મુદ્દામાલ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ નજીકથી પોલીસે એમ્બ્યુલન્સમાંથી રૂ.૯.૫૮ લાખની કિંમતના દારુ સહિત ૧૪ લાખનો મુદ્દામાલ ઝડપી લઇ બે શખ્સોને બે શખ્સોની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર વરતેજ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ભાવનગર અમદાવાદ હાઇવે પર આવેલ નારીગામ નજીક રોડ પરથી પસાર થઈ રહેલી એમ્બ્યુલન્સને રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન એમ્બ્યુલન્સ માંથી ગેરકાયદે ઇંગ્લિશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જેમાં કુલ ૩૦૭૧ નંગ (ચપટા) નાની બોટલો કિંમત રૂ. ૯,૫૮,૪૬૪ ઉપરાંત બે મોબાઈલ ફોન રૂ. ૧૦,૦૦૦ અને કાર કિંમત રૂ. ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૪,૬૮,૪૬૪ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી વિકાસ હવાસિંગ અંતિલ ઉ.વ ૩૪ (રહે.અસાવલપુર, હરિયાણા) અને વિશાલ સુરેન્દ્રપાલ પહેલ/જાટ ઉ.વ ૨૬ (રહે. જીંદ, હરિયાણા)ને ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી હતી.

એમ્બ્યુલન્સમાંથી ગુજરાત અને રાજસ્થાનની અલગ અલગ નંબર પ્લેટ મળી આવી હતી. પોલીસની રેડ દરમિયાન એમ્બ્યુન્સ કારમાંથી ગુજરાત તેમજ રાજસ્થાન રાજ્યની બે અલગ- અલગ નંબર પ્લેટ મળી આવી હતી.જે નંબર પ્લેટ તેમજ દારૂના જથ્થા અંગે પકડાયેલા બન્ને શખસોની પૂછપરછ કરતા વિશાલે જણાવ્યું હતું કે, સોનીપત હરિયાણાના રહેવાસી અજયકુમારે દારૂનો જથ્થો અર્ટિગા એમ્બ્યુલન્સ કાર આપી અને ભાવનગર મહેશ ઉર્ફે મયલો ધરમશીભાઈ પરમારને દારૂનો જથ્થો આપવાનો છે તેમજ પોલીસથી બચવા એમ્બ્યુલન્સ કાર બનાવી છે અને પોલીસથી બચવા ખોટી નંબર પ્લેટ લગાડી ગુજરાત બોર્ડર પહોંચતા જ ગુજરાત નંબર પ્લેટ લગાવી દેવાની સૂચના અપાઈ હતી.

બનાવ અંગે વરતેજ પોલીસે વિકાસ હવાસિંગ અંતિલ રહે, અસાવલપુર, હરિયાણા, વિશાલ સુરેન્દ્રપાલ પહેલ રહે, જીંદ હરિયાણા, દારૂનો જથ્થો મોકલનાર અજયકુમાર રહે, સોનીપત હરિયાણા અને દારૂનો જથ્થો મંગાવનાર મહેશ ઉર્ફે મયલો ધરમશીભાઈ પરમાર સામે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી દારૂ મોકલનાર તેમજ દારૂનો જથ્થો મંગાવનારને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભાવનગરના બેલમપર ગામે રાઘવભાઈ ક્વાડ પુસ્તકાલયનું લોકાર્પણ



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવા તાલુકાના બેલમપર ગામે ગ્રામ્ય વિકાસ અને શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક પહેલરૂપે શ્રી રાઘવભાઈ ક્વાડ પુસ્તકાલયનું લોકાર્પણ ઊર્જા રાજ્યપ્રધાન તથા જિલ્લાના પ્રભારી પ્રધાન કૌશિકભાઈ વેકરીયા અને કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીના વરદહસ્તે ભવ્ય રીતે સંપન્ન થયું હતું.

આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગામમાં જ્ઞાનનો દીપ પ્રગટ્યો હતો, જેનાથી ગ્રામજનોમાં ઉત્સાહ અને ગૌરવની લાગણી વ્યાપી હતી.

આ પ્રસંગે ઊર્જા રાજ્યપ્રધાન વેકરીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં ગુણવત્તાસભર શિક્ષણ અને વાંચનની સંસ્કૃતિ વિકસાવવા માટે આવા પુસ્તકાલયોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેમણે પુસ્તકાલયના નિર્માતા કલ્પેશભાઈ ક્વાડ અને તેમના પરિવારને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, યુપીએસસી જેવી પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરી નાયબ કમિશનર તરીકે સેવા આપી રહેલા કલ્પેશભાઈએ પોતાના વતન પ્રત્યેનું ઋણ ચૂકવવા આ પુસ્તકાલય સ્થાપીને પ્રેરણાદાયક કાર્ય કર્યું છે.

પ્રધાને વધુમાં ઉમેર્યું કે, આ આધુનિક સુવિધાઓથી સજ્જ પુસ્તકાલય માત્ર વાંચન માટે નહીં પરંતુ જ્ઞાનવિસ્તાર, વ્યક્તિત્વ વિકાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પ્રેરણાસ્ત્રોત બનશે. તેમણે બેલમપર ગામના સર્વાંગી વિકાસ માટે રૂ. ૧૦ લાખની ગ્રાન્ટની જાહેરાત કરી હતી. ■

# ભાવનગર આર.ટી.ઓ. એ ચાર માસ દરમ્યાન ચેકિંગમાં વિવિધ કેસોમાં ૩૧.૯૧ લાખનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, ભાવનગર દ્વારા અનઅધિકૃત એલ.ઇ.ડી. લાઈટ. એચએસઆરપી નંબર પ્લેટ વગર ચાલતા વાહનો, રોંગ સાઇડ/ભયજનક, વાહનની ક્ષમતા કરતા વધારે પેસેન્જર, નો પાર્કિંગ જેવા ગુન્હાઓ બાબતે ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ ટ્રાફીક નિયમોનું પાલન કરાવવા અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવાનો હતો. આમ, જાન્યુઆરી-૨૦૨૬ થી એપ્રિલ-૨૦૨૬માં ખાસ ચેકિંગ ડ્રાઇવ દરમિયાન અનઅધિકૃત એલ.ઈ.ડી. લાઈટના કુલ ૧૩૯૮ કેસોમાં રૂ. ૧૪,૩૧,૫૦૦/- નંબર પ્લેટ વગરના કુલ ૬૨૧ કેસોમાં રૂ. ૫,૧૬,૦૦૦/- રોંગ સાઇડ/ભયજનકના ૧૮૦ કેસોમાં રૂ. ૩,૨૮,૦૦૦/- ક્ષમતા કરતા વધારે પેસેન્જરના કુલ ૧૪૮ કેસોમાં રૂ. ૯,૦૭,૦૦૦/- તથા નોં પાર્કિંગના કુલ ૧૮ કેસોમાં રૂ. ૯૦૦૦/- દંડનીય કાર્યવાહી કરવામાં આવેલ છે.આમ, ભાવનગર આર.ટી.ઓ. દ્વારા જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૬ દરમ્યાન વિવિધ કેસોમાં ૩૧,૯૧,૫૦૦/- નો દંડ કરવામાં આવ્યો હતો. ગુજરાત સ્થાપના દિન જેવા ગૌરવશાળી પ્રસંગે નાગરિકો જાગૃત બની ટ્રાફિકના નિયમોનું સ્વેચ્છાએ પાલન કરે તે અનિવાર્ય છે. આગામી દિવસોમાં પણ માર્ગ સુરક્ષાના હિતમાં આવી કામગીરી સતત ચાલુ રહેશે.

કચેરી દ્વારા જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે, વાહન ચલાવતી વખતે તમામ જરૂરી દસ્તવેજો સાથે રાખવા અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરી જવાબદાર નગરીક તરીકેનું ઉદાહરણ પૂરું પાડવું તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભાવનગરએ જણાવ્યું હતું. ■

### શિક્ષણક્ષેત્રે કચ્છનું ગૌરવ

# માધાપર મોડેલ સ્કૂલની વિદ્યાર્થિનીની જાપાનના ‘સકુરા’ પરિસંવાદ માટે પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના શિક્ષણજગતમાં ફરી એકવાર ખુશીની લહેર પ્રસરી છે. જાપાનની પ્રસિદ્ધ વિજ્ઞાન સંસ્થા દ્વારા આયોજિત “સકુરા સાયન્સ એક્શન પ્રોગ્રામ-૨૦૨૬” માટે માધાપર મોડેલ સ્કૂલની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિની નિશા અરજણભાઈ આયરની પસંદગી કરવામાં આવી હતી. ભારત સરકારના કેન્દ્રીય શિક્ષણ વિભાગ દ્વારા દેશભરમાંથી પસંદ કરાયેલા ૫૬ વિદ્યાર્થીમાં ગુજરાતના માત્ર ચાર વિદ્યાર્થીઓ સ્થાન પામ્યા છે, જેમાં કચ્છની આ દીકરીનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માધાપર મોડેલ સ્કૂલ માટે આ ગૌરવની ક્ષણ બીજી વખત આવી છે. અગાઉ વર્ષ ૨૦૨૪માં પણ આ જ શાળાની વિદ્યાર્થિની કોમલ ચારણની આ કાર્યક્રમ માટે પસંદગી થઈ હતી. સરકારી શાળાની વિદ્યાર્થિનીઓએ સતત બીજી વખત આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવતા શાળા પરિવાર, માધાપર ગ્રામજનો અને સમગ્ર જિલ્લામાં હર્ષની લાગણી જોવા મળી રહી છે.

આ પ્રોગ્રામ અંતર્ગત નિશા આયર જાપાનની મુલાકાત લેશે અને ત્યાં યોજાનારા વિજ્ઞાન અને ટૅકનોલૉજી વિષયક પરિસંવાદોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે નિશાને રૂબરૂ બોલાવીને પ્રોત્સાહિત કરી હતી તેમ જ આચાર્ય વિજય કાલરિયા અને સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. ■

# ભાવનગરના ૧૭ કેન્દ્રો પર ૫૮૫૦ વિદ્યાર્થીએ એનઇઇટીની પરીક્ષા આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઇન મેડિકલ સાયન્સ દ્વારા દર વર્ષે લેવાતી નીટ પરીક્ષા તા.૪ મેને રવિવારના રોજ લેવામાં આવી હતી. ભાવનગરના ૧૭ કેન્દ્ર પર ૫૮૫૦ વિદ્યાર્થીએ બપોરના સેશનમાં પરીક્ષા આપી હતી.

મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે નીટની પરીક્ષા મહત્ત્વપૂર્ણ હોય છે. કુલ ૭૨૦ માર્કસના પ્રશ્નપત્રમાં કુલ ૧૮૦ પ્રશ્નો પૂછાતા હોય છે જેમાં ૫૦ ટકા એટલે કે ૯૦ પ્રશ્નો બાયોલોજીના અને ૨૫ ટકા એટલે ૪૫ પ્રશ્નો ફિઝિક્સના, ૨૫ ટકા ૪૫ પ્રશ્નો કેમેસ્ટ્રીના પ્રશ્નોનો સમાવેશ થાય છે. આ પરીક્ષા બપોરે ૨ થી ૫ એમ ત્રણ કલાકનો હોય છે.

આ વખતે પરીક્ષામાં બાયોમેટ્રિક દ્વારા ચેકિંગ પણ રાખવામાં આવ્યું હતું, પણ કેન્દ્રો પર પૂરતી વ્યવસ્થા હોવાથી ચેકિંગને લીધે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની પરેશાની જોવા મળી ન હતી. સુરતમાં અમુક કેન્દ્રો ઉપર ધાર્મિક વસ્તુને લીધે રકઝક જોવા મળી હતી. ભાવનગરના દરેક પરીક્ષા કેન્દ્રો પર પાણીની અને પંખાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી અને સ્ટાફનો સહકાર પણ ખૂબ જ સારો હતો. ■

### મોખાણા રાયોટિંગ કેસ

# પુરાવાઓના અભાવે તમામ છ આરોપી નિર્દોષ છૂટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાલુકાના મોખાણા ગામે વર્ષ ૨૦૨૦માં બનેલા ચકચારી હુમલા અને રાયોટિંગના કેસમાં અત્રેની અદાલતે તમામ છ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. અધિક ચીફ મેજિસ્ટ્રેટ કોર્ટે સાક્ષીઓની જુબાનીમાં રહેલા વિરોધાભાસને ધ્યાને રાખી આ મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. ઑગસ્ટ-૨૦૨૦ દરમિયાન મોખાણા ગામે દિનેશ લક્ષ્મણ વરચંદની વાડીમાં હુમલાની ઘટના બની હતી. આ મામલે મહેશ ગોપાલ વરચંદે ફરિયાદ નોંધાવી હતી કે આરોપીઓએ એકસંપ થઈ ગોપાલ વરચંદ સહિત અન્ય સભ્યો પર જીવલેણ હુમલો કરી ‘મહાવ્યથા’ પહોંચાડી હતી. આ કેસમાં નિકુંજ શામજી, વિરમ મ્યાજર, દિનેશ લક્ષ્મણ, ધુલા ત્રિકમ, રામજી રણછોડ અને રવા ત્રિકમ (તમામ રહે. મોખાણા) સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કેસની સુનાવણી દરમિયાન ૧૮ સાક્ષી અને આઠ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરવામાં આવી હતી. અદાલતે નોંધ્યું હતું કે, ઇજા પામનાર વ્યક્તિ અને સારવાર કરનાર તબીબની જુબાની તેમ જ કેસના મેડિકલ હિસ્ટ્રીમાં મોટો વિરોધાભાસ જોવા મળ્યો છે. પુરાવાઓના અભાવે આરોપ સાબિત ન થતા કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસમાં આરોપી પક્ષે વકીલ તરીકે સંતોષસિંહ આર. રાઠોડ, ચિન્મય આચાર્ય, જિગરદાન ગઢવી, રોહિત મહેશ્વરી, નીલેશ વી. જોષી અને ભૂમિ પી. પંડયા હાજર રહ્યા હતા. ■

# આદિપુરની યુવતી પર લગ્નનું પ્રલોભન આપી દુષ્કર્મઃ ભીરંડિયારાના શખસ સામે નોંધાયો ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના આદિપુરમાં એક શખસ દ્વારા યુવતીને વિશ્વાસમાં લઈ અવારનવાર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનો ગંભીર મામલો પોલીસ મથકે નોંધાયો હતો. ભુજ તાલુકાના ભીરંડિયારા ગામના શખસે આદિપુરની ૨૪ વર્ષીય યુવતી સાથે મિત્રતા કેળવી તેણીની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી રજાક વલીમામદ રાયશી (રહે. ભીરંડિયારા) એ ગત તારીખ ૧૩/૧૨/૨૦૨૫થી લઈ અત્યાર સુધીના સમયગાળા દરમિયાન યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપી માત્ર આદિપુર જ નહીં, પરંતુ પીડિતાને રાજસ્થાનના બાડમેર ખાતે પણ લઈ ગયો હતો અને ત્યાં પણ તેની પર બળાત્કાર ગુજાર્યો હતો.

પીડિતાએ આ અંગેની હકીકત જણાવતા આદિપુર પોલીસે આરોપી રજાક વિરુદ્ધ બળાત્કાર સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આરોપીને પકડી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે અને પીડિતાનું મેડિકલ પરીક્ષણ કરવાની તજવીજ હાથ ધરી છે. ■

# નખત્રાણામાં રાંધણગૅસના સિલિન્ડરના ગેરકાયદે હેરફેરના ૧૫ વર્ષ જૂના કેસમાં આરોપીને છ માસની કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના નખત્રાણા તાલુકાના કનૈયાબે નજીક પંદરેક વર્ષ પૂર્વે ગેરકાયદેસર રીતે ગેસના બાટલાની હેરફેર કરતા ઝડપાયેલા આરોપીને અદાલતે કસૂરવાર ઠેરવી જેલની સજા ફટકારી હતી. ભુજના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.એમ. કુરેશીએ આ કેસમાં આરોપીને છ માસની સાદી કેદનો હુકમ કર્યો હતો.

ઘટનાની વિગત મુજબ, ૨૮ જુલાઈ ૨૦૧૧ના રોજ નખત્રાણા તાલુકાના મોરજર ગામનો રહેવાસી જયેશ સુરતાણિયા ગઢવી પોતાની મારુતિ કારમાં ઘરવપરાશના ભારત ગૅસ એજન્સીના ૧૫ બાટલા ગેરકાયદેસર રીતે લઈ જઈ રહ્યો હતો.

કનૈયાબે નજીકથી પસાર થતી વેળાએ તે ઝડપાઈ ગયો હતો. આ અંગે જે-તે સમયે મામલતદાર દ્વારા આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ લાંબા સમયથી ચાલતા કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ આર.આર. પ્રજાપતિએ હાજર રહી ધારદાર દલીલો કરી હતી. પુરાવા અને દલીલોને ગ્રાહ્ય રાખી અદાલતે આરોપી જયેશ ગઢવીને તકસીરવાન ઠેરવ્યો હતો. અદાલતે આરોપીને છ માસની સાદી કેદ અને રૂ. ૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની જેલની સજા ભોગવવાનો પણ હુકમમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ■

# ખાવડામાં પરિણીતાનો આપઘાતઃ હાર્ટઍટેક કહી મોત છુપાવવાનો પ્રયાસ કરનાર સાસરિયા સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાલુકાના ખાવડા ગામે ૨૦ વર્ષીય પરિણીતાના રહસ્યમય સંજોગોમાં થયેલા મોત મામલે પોલીસે પતિ સહિત સાસરી પક્ષના ચાર સભ્ય સામે મરવા માટે મજબૂર કરવા બદલ ગુનો દાખલ કર્યો છે. સાસરિયાઓએ યુવતીનું મોત હાર્ટઍટેકથી થયું હોવાનું કહી સત્ય છુપાવવાનો પ્રયાસ કર્યો હતો, મૃતકે ગળેફાંસો લગાવ્યો હોવાનો પર્દાફાશ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં થયો હતો.

આ અંગે મૂળ ધોળાવીરાના અને હાલ ખાવડા ખાતે રહેતા ફરિયાદી જગદીશ રામજી કોલીએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેમની પુત્રી ભારતીના લગ્ન એક વર્ષ પૂર્વે નિખિલ રમેશ સોલંકી સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદ જ પતિ નિખિલ, સસરા રમેશ પોપટ સોલંકી, સાસુ રતનબેન અને દિયર ઓમ સોલંકી દ્વારા ભારતીને શારીરિક-માનસિક ત્રાસ આપી મારકૂટ કરવામાં આવતી હતી. ગત ૨૬મી તારીખે ભારતીએ સાસરિયાના ત્રાસથી કંટાળી ફાંસો ખાઈ લીધો હતો. જોકે, સાસરિયાઓ મૃતદેહને વતન ધોળાવીરા લઈ ગયા હતા અને તેના પિતાને એવી જાણ કરી હતી કે દીકરીનું મોત હાર્ટઍટેકથી થયું છે. પરિવારને શંકા જતાં તેઓએ મૃતદેહનું ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખાતે પેનલ પી.એમ. કરાવ્યું હતું.

પોસ્ટમોર્ટમમાં ભારતીનું મોત ફાંસો ખાવાથી થયું હોવાનું સ્પષ્ટ થયા બાદ, ખાવડા પોલીસે પતિ, સાસુ, સસરા અને દિયર વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. ■

# સુરેન્દ્રનગર પોલીસે યુવકનું ૩૫ તોલા સોનું વ્યાજખોરો પાસેથી પાછું અપાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર પોલીસે વ્યાજખોરો અને અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. શહેર પોલીસે અનિલભાઈ પરમાર નામના યુવકને વ્યાજખોરોના ચુંગાલમાંથી આઝાદ કરાવ્યો હતો. પોલીસે ગીરો પડેલું તેનું ૩૫ તોલા સોનું પણ પાછું અપાવ્યું હતું. અનિલભાઈ પરમારે નાણાંની પૂરેપૂરી ચુકવણી કર્યા બાદ પણ જાલાભાઈ બાંભા અને હિતેશભાઈ નામના બે વ્યાજખોરો દાગીના પરત આપતા નહોતા અને વધુ નાણાંની પઠાણી ઉઘરાણી કરતા હતા. આ અંગે ભોગ બનનાર દ્વારા એસપી પ્રેમસુખ ડેલુને રજૂઆત કરવામાં આવતા પોલીસ એક્શન મોડમાં આવી હતી અને ન્યાયની પ્રક્રિયા તેજ કરી હતી.

એસપીએ મામલાની ગંભીરતા સમજી તાત્કાલિક એ-ડિવિઝન પોલીસને સૂચના આપી કડક કાર્યવાહીના આદેશ આપ્યા હતા. પોલીસની કડકાઈ સામે બંને શખસ નરમ પડ્યા હતા અને ગણતરીના છ કલાકમાં જ ૫૧ લાખની કિંમતના દાગીના પોલીસ સમક્ષ રજૂ કર્યા હતા. જિલ્લા પોલીસ વડાએ પોતે આ કિંમતી દાગીના મૂળ માલિકને પરત સોંપ્યા હતા. પોલીસની આ કાર્યવાહીએ સમગ્ર પંથકમાં ભારે સરાહના મેળવી છે અને લોકોનો પોલીસ પરનો વિશ્વાસ વધુ મજબૂત કર્યો છે. ■

### ભચાઉ-ગાંધીધામ હાઈવે પર અકસ્માત

# ગંભીર રીતે ઘવાયેલા ટ્રકચાલકનું સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભચાઉ-ગાંધીધામ માર્ગ પર સ્થિત નૂરી મસ્જિદ પાસે ગત ૨૪મી એપ્રિલના રોજ સર્જાયેલા પ્રાણઘાતક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ટ્રકચાલકે દમ તોડ્યો છે. પૂરઝડપે આવી રહેલી ટ્રક આગળ જતાં ટ્રેઈલર પાછળ ધડાકાભેર અથડાતાં આ કરુણાંતિકા સર્જાઈ હતી.

ભચાઉ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ગાંધીધામમાં રહેતા લલન દરવારી યાદવ પોતાની ટ્રક લઈને જઈ રહ્યા હતા. બપોરે ૧૨ વાગ્યાના અરસામાં નૂરી મસ્જિદ પાસે આગળ જઈ રહેલું ટ્રેઈલર અચાનક ધીમું પડતા, પાછળથી આવી રહેલી ટ્રક તેમાં જોરદાર રીતે ભટકાઈ હતી. આ અકસ્માતમાં લલન યાદવને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ તેમનું નિધન થયું હતું. આ મામલે રોહિત શામજી આહીરની ફરિયાદના આધારે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ ટ્રકચાલકની બેદરકારી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. ■

# ગઢશીશામાં પત્ની સાથેના આડાસંબંધની શંકાએ યુવાનની કરપીણ હત્યાઃ આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગઢશીશા ગામના મફતનગર વિસ્તારમાં આજે સવારે એક યુવાનની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. પત્ની સાથેના પ્રેમ સંબંધની શંકા રાખીને હેરકટિંગ સલૂન ચલાવતા યુવાનની કરપીણ હત્યા નિપજાવનારા રિક્ષાચાલકને પોલીસે ગણતરીના કલાકોમાં જ રાઉન્ડઅપ કરી લીધો હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગતો મુજબ, મૂળ ગાંધીગ્રામના અને હાલ ગઢશીશામાં હેરકટિંગ સલૂન ચલાવતા ૩૬ વર્ષીય આદિલ આધમ ખલીફા મફતનગર વિસ્તારમાં ભાડે રહેતો હતો. ગત શુક્રવારે સવારે ૯ઃ૩૦ વાગ્યાના અરસામાં આદિલ જ્યારે ઘરે પહોંચ્યા ત્યારે આરોપી સિધિક સુમાર કુંભાર (રહે. ગઢશીશા, મૂળ ભુજ) ત્યાં અગાઉથી હાજર હતો. સિધિકે આડાસંબંધની શંકામાં ઉશ્કેરાઈને આદિલના ગળા, છાતી, પેટ અને આંખના ભાગે છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાઓને કારણે આદિલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક આદિલના પત્ની અને ત્રણ સંતાનો હાલ વેકેશન માણવા માવતરે ગયા હોવાથી આદિલ ઘરે એકલો જ હતો. આ તકનો લાભ લઈ આરોપીએ હત્યાને અંજામ આપ્યો હતો. ઘટનાની જાણ થતા જ મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતકના ભાઈ ઈમરાન ખલીફાએ આ અંગે ગઢશીશા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ■